શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

# શ્રી
# ઉમાસ્વાતિ વાચક વિરચિત
# શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર
## અનુવાદ સહિત

: પ્રકાસક :

**જસવંતલાલ ગીરધરલાલ શાહ**

૩૦૯/૪, દોશીવાડાની પોળ

ખત્રીની ખડકી, અમદાવાદ-૧

મુલ્ય રૂા. ૧-૫૦

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

# શ્રી
# ઉમાસ્વાતિ વાચક વિરચિત
# શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર

## અનુવાદ સહિત


-: પ્રકાશક :-

**જસવંતલાલ ગીરધરલાલ શાહ**

૩૦૯/૪ દોશીવાડાની પોળ,

ખત્રીની ખડકી, અમદાવાદ-૧.

મૂલ્ય રૂા. ૧-૫૦

# અમારે ત્યાંથી

શ્રી જીવનમણિ સદ્દવાંચનમાળા ટ્રસ્ટના તમામ પ્રકાશનો છુટક તથા જથાબંધ મળશે. તેમજ, કમલ પ્રકાશન, મોહનલાલ ધામી, શ્રી જયભિક્ખુ, શ્રી ચિત્રભાનુ તથા શ્રી જયભિક્ખુ સાહિત્ય ટ્રસ્ટના તમામ પ્રકાશનો.

ઉપધાન તપ, વરસી તપ, ચૈત્ર તથા આસો માસની આંબેલની ઓળી વિગેરે મહાન તપમાં પ્રભાવના નિમિત્તે પ્રભાવના માટે અમારે ત્યાંથી દરેક જાતના જૈન ધર્મના પુસ્તકો છુટક તથા જથાબંધ મળશે. કમિશન માટે પુછાવો.

**જસવંતલાલ ગીરધરલાલ શાહ**
૩૦૯/૪ દોશીવાડાની પોળ,
**અમદાવાદ.**

મુદ્રક : સંજીવ પ્રીન્ટરી, ગોવિંદભાઈ પટેલ, સલાપોસ ક્રોસરોડ, અમદાવાદ.

શ્રી

ઉમાસ્વાતિ વાચક વિરચિત

# શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્ર.

અનુવાદ સહિત

# શ્રીઉમાસ્વાતિવાચક વિરચિત તત્ત્વાર્થસૂત્રની
## સમ્બન્ધકારિકા

**સમ્યગ્દર્શનશુદ્ધં, યો જ્ઞાનં વિરતિમેવ ચાપ્નોતિ;**
**દુ:ખ-નિમિત્તમપીદં, તેન સુલબ્ધં ભવતિ જન્મ. ૧**

જે પુરૂષ સમ્યગ્ દર્શન વડે શુદ્ધ એવા જ્ઞાન અને વિરતિને પ્રાપ્ત કરે છે તે પુરૂષને દુ:ખના નિમિત્તભુત એવો આ જન્મ પણ લાભદાયક નીવડે છે. ૧

**જન્મનિ કર્મક્લેશૈ-રનુબદ્ધેઽસ્મિંસ્તથા પ્રયતિતવ્યમ્;**
**કર્મક્લેશાભાવો, યથા ભવત્યેષ પરમાર્થ: ૨**

કર્મ અને કષાયના અનુબંધવાળા આ જન્મમાં જેવી રીતે કર્મક્લેશનો અભાવ થાય તે પ્રકારે પ્રયત્ન કરવો જોઇએ, એજ પરમાર્થ છે. ૨

**પરમાર્થાલાભે વા, દોષેષ્વારમ્ભક-સ્વભાવેષુ:**
**કુશલાનુબન્ધમેવ, સ્યાદનવદ્યં યથા કર્મ. ૩**

આરંભકારી સ્વભાવવાળા કષાયરૂપ દોષોને લીધે જો પરમાર્થ—મોક્ષની પ્રાપ્તિ ન થાય, તો જેવી રીતે મોક્ષને અનુકૂળ એવા પુણ્યનો અનુબંધ થાય, તેવી રીતે નિરવદ્ય (પાપ રહિત) કાર્ય કરવાં. ૩

**કર્માહિતમિહ ચામુત્ર, ચાધમતમો નર: સમારભતે;**
**ઇહ ફલમેવ ત્વધમો, વિમધ્યમસ્તૂભય-ફલાર્થમ્. ૪**

અધમતમ (અત્યંત હલકો) મનુષ્ય આ લોક અને પરલોકમાં દુ:ખદાયી થાય એવા કામનો આરંભ કરે છે, અધમ પુરૂષ આ લોકમાં ફળદાયક કર્મોનો કેવળ આરંભ કરે છે અને વિમધ્યમ પુરૂષ તો ઉભયલોકમાં ફળદાયક કામ આરંભે છે. ૪

**પરલોકહિતાયૈવ, પ્રવર્તતે, મધ્યમઃ ક્રિયાસુ સદા;**
**મોક્ષાયૈવ તુ ઘટતે, વિશિષ્ટમતિરુત્તમઃ પુરુષઃ ૫**

મધ્યમ પુરૂષ પરલોકના હિતને માટે જ નિરંતર ક્રિયામાં પ્રવર્તે છે અને વિશિષ્ટ મતિવાળો ઉત્તમ પુરૂષ તો મોક્ષને માટે જ પ્રયત્ન કરે છે. ૫

**યસ્તુ કૃતાર્થોઽપ્યુત્તમ-મવાપ્ય ધર્મં પરેભ્ય ઉપદિશતિ;**
**નિત્યં સ ઉત્તમેભ્યો,ઽપ્યુત્તમ ઈતિ પૂજ્યતમ એવ. ૬**

વળી જે પુરૂષ ઉત્તમ ધર્મ ( કેવળજ્ઞાન સ્વરૂપ ) ને પામીને પોતે કૃતાર્થ થયા છે અને બીજાઓને નિરંતર ધર્મનો ઉપદેશ કરે છે તે ઉત્તમોથકી પણ ઉત્તમ( ઉત્તમોત્તમ ) છે અને સર્વને પૂજવા યોગ્ય ( પૂજ્યતમ ) છે, એમ જાણવું. ૬

**તસ્માદર્હતિ પૂજા-મર્હન્નેવોત્તમોત્તમો: લોકે;**
**દેવર્ષિ-નરેન્દ્રેભ્યઃ, પૂજ્યેભ્યોઽપ્યન્યસત્ત્વાનામ. ૭**

તે માટે ઉત્તમોત્તમ એવા અર્હંતજ, લોકમાં અન્ય પ્રાણીઓને પૂજ્ય ( મનાતા ) એવા દેવર્ષિ અને રાજાઓ થકી પણ પૂજાને યોગ્ય છે. ૭

**અભ્યર્ચનાદર્હતાં મનઃ, પ્રસાદસ્તતઃ સમાધિશ્ચ;**
**તસ્માદપિ નિઃશ્રેયસ-મતો હિ તત્પૂજનં ન્યાય્યમ્ ૮**

અરિહંતોની પૂજાથકી મનની પ્રસન્નતા થાય અને તે ( મનની પ્રસન્નતા )થી સમાધિ થાય, અને તે થકી વળી મોક્ષપ્રાપ્તિ થાય આ કારણથી અરિહંતોની પૂજા કરવી એ યોગ્ય છે. ૮

**તીર્થ-પ્રવર્તન-ફલં, યત્પ્રોક્તં કર્મ તીર્થંકરનામ;**
**તસ્યોદયાત્કૃતાર્થો-ઽપ્યર્હંસ્તીર્થં પ્રવર્તયતિ. ૯**

તીર્થંકર નામકર્મનું તીર્થ પ્રવર્તાવવારૂપ ફળ (શાસ્ત્રમાં) કહ્યું છે, તેના (તીર્થંકર નામ કર્મના) ઉદયથી કૃતાર્થ અરિહંત પણ તીર્થ પ્રવર્તાવે છે. ૯

**તત્સ્વાભાવ્યાદેવ, પ્રકાશયતિ ભાસ્કરો યથા લોકમ્,**
**તીર્થ-પ્રવર્તનાય, પ્રવર્તતે તીર્થંકર એવમ્. ૧૦**

જેમ સૂર્ય તેના સ્વભાવે કરીનેજ લોકને પ્રકાશ કરે છે, તેમ તીર્થંકર પણ તીર્થ પ્રવર્તાવવાને પ્રવર્તે છે, કેમકે તીર્થ પ્રવર્તાવવું એ તીર્થંકર નામકર્મનો સ્વભાવ છે. ૧૦

**યઃ શુભકર્માસેવન-ભાવિતભાવો ભવેષ્વનેકેષુ;**
**જજ્ઞે જ્ઞાતેક્ષ્વાકુષુ, સિદ્ધાર્થનરેન્દ્ર-કૂલ-દીપઃ ૧૧**

અનેક ભવોમાં શુભ કર્મના સેવનવડે વાસિત કર્યો છે ભાવ જેણે એવા અને સિદ્ધાર્થરાજાના કુળમાં દીપક સમાન એવા તે ભગવાન્ જ્ઞાત ઇક્ષ્વાકુ વંશને વિષે ઉત્પન્ન થયા. ૧૧

**જ્ઞાનૈઃ પૂર્વાધિગતૈ-રપ્રતિપતિતૈર્મતિશ્રુતાવધિભિઃ**
**ત્રિભિરપિ શુદ્ધૈર્યુક્ત; શૈત્યદ્યુતિકાન્તિભિરિવેન્દુઃ ૧૨**

પૂર્વે પ્રાપ્ત કરેલાં અપ્રતિપાતિ મતિ શ્રુત અને અવધિ એ ત્રણે શુદ્ધ જ્ઞાનો વડે યુક્ત, શીતળતા દ્યુતિ અને ક્રાંતિવડે ચંદ્ર શોભે તેમ શોભતા. ૧૨

**શુભસારસત્ત્વસંહનન-વીર્યમાહાત્મ્યરુપ-ગુણયુકતઃ;**
**જગતિ મહાવીર ઇતિ, ત્રિદશૈર્ગુણતઃ કૃતાભિખ્યઃ ૧૩**

શુભ શ્રેષ્ટ સત્ત્વ, સંઘયણ, વીર્ય અને માહાત્મ્યરૂપ ગુણયુક્ત અને દેવતાઓએ ગુણથકી જગતને વિષે મહાવીર એ પ્રકારે નામ સ્થાપન કર્યું છે જેનું એવા, ૧૩

**સ્વયમેવ બુદ્ધતત્ત્વઃ; સત્ત્વહિતાભ્યુદ્યતાચલિત સત્ત્વઃ**
**અભિનન્દિત-શુભસત્ત્વઃ, સેન્દ્રૈર્લોકાન્તિકૈર્દેવૈઃ ૧૪**

પોતેજ તત્ત્વના જાણુ, પ્રાણીઓના હિતને માટે તત્પર, અચળ સત્ત્વવાળા અને ઇંદ્રો સહિત લોકાંતિક દેવોએ પ્રશંસા કરેલો છે શુભ સત્ત્વ ગુણ જેમનો એવા; ૧૪

**જન્મજરામરણાર્ત્તં; જગદશરણમભિસમીક્ષ્ય નિસારમ્;**
**સ્ફીતમપહાય રાજ્યં, શમાય ધીમાન્પ્રવવ્રાજ. ૧૫**

જન્મ જરા અને મરણથી પીડિત જગતને અશરણ અને અસાર દેખીને, વિશાળ રાજ્યનો ત્યાગ કરીને, સમતાને (કર્મના નાશને) માટે બુદ્ધિમાન્ એવા મહાવીરદેવ દીક્ષા લેતા હવા. ૧૫

**પ્રતિપદ્યાશુભશમનં, નિઃશ્રેયસ-સાધકં શ્રમણલિઙ્ગમ્;**
**કૃત-સામાયિક-કર્મા, વ્રતાનિ વિધિવત્સમારોપ્ય. ૧૬**

અશુભ (પાપ) ને શમાવનાર અને મોક્ષનો સાધક એવો જે સાધુવેષ તેને ગ્રહણ કરીને કર્યું છે સામાયિકનું કાર્ય જેણે એવા વીર પરમાત્મા વિધિપૂર્વક વ્રતોને આરોપણ કરી (ગ્રહણ કરી) ને, ૧૬

**સમ્યક્ત્વજ્ઞાનચારિત્ર-સંવરતપઃસમાધિબલયુક્તઃ;**
**મોહાદીનિ નિહત્યા-શુભાનિ ચત્વારિ કર્માણિ. ૧૭**

સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર, સંવર, તપ, સમાધિ અને બળવડે યુક્ત થઈ, મોહનીયાદિ ચાર અશુભ (ઘાતિ) કર્મનો સર્વથા નાશ કરીને; ૧૭

**કેવલ-મધિગમ્ય વિભુઃ, સ્વયમેવ જ્ઞાનદર્શનમનન્તમ્;**
**લોકહિતાય કૃતાર્થોઽપિ, દેશયામાસ તીર્થમિદમ્ ૧૮**

સ્વયમેવ અનંત કેવળજ્ઞાન અને કેવળદર્શનને પામીને પ્રભુ મહાવીર દેવ કૃતાર્થ છતાં પણ લોકહિતને માટે આ તીર્થ (પ્રવચન) ને પ્રકાશતા હવા. ૧૮

**દ્વિવિધમનેક-દ્વાદશવિધં, મહાવિષય-મમિતગમયુક્તમ્;**
**સંસારાર્ણવપાર-ગમનાય દુઃખ-ક્ષયાયાલમ્ ૧૯**

અંગબાહ્ય અને અંગપ્રવિષ્ટ એમ બે પ્રકારે, (અંગ બાહ્ય) અનેક પ્રકારે, (અંગ પ્રવિષ્ટ) બાર પ્રકારે, મહાન વિષયવાળું, અનેક આલાવાએ સહિત, સંસાર સમુદ્રનો પાર પામવાને અને દુઃખનો નાશ કરવાને સમર્થ એવું તીર્થ (પ્રભુ દેખાડી ગયા છે,) પ્રભુએ પ્રકાશ્યું છે. ૧૯

**ગ્રન્થાર્થવચનપટુભિઃ, પ્રયત્નવદ્ભિરપિ વાદિભિર્નિપુણૈઃ;**
**અનભિભવનીયમન્યૈ-ર્ભાસ્કર ઈવ સર્વતેજોભિઃ ૨૦**

જેમ બીજાં સર્વ તેજ વડે સૂર્ય પરાભવ ન પામે તેમ, ગ્રંથોના અર્થ નિરૂપણ કરવામાં પ્રવીણ અને પ્રયત્નવાન્ એવા નિપુણ વાદિઓ વડે ખંડન કરી શકાય નહિ એવું આ તીર્થ (પ્રભુએ) પ્રવર્તાવ્યું છે. ૨૦

**કૃત્વા ત્રિકરણશુદ્ધં, તસ્મૈ પરમર્ષયે નમસ્કારમ્;**
**પૂજ્યતમાય ભગવતે, વીરાય વિલીન-મોહાય. ૨૧**
**તત્ત્વાર્થાધિગમાખ્યં, બહ્વર્થં સઙ્ગ્રહં લઘુગ્રન્થમ્;**
**વક્ષ્યામિ શિષ્યહિત-મિમમર્હદ્વચનૈકદેશસ્ય. ૨૨**

પરમ ઋષિ અને પરમ પૂજ્ય તથા મોહ રહિત એવા વીર ભગવાનને ત્રિકરણ શુદ્ધિએ નમસ્કાર કરીને; અલ્પ શબ્દો છતાં ઘણા અર્થને સંગ્રહ કરનાર આ તત્ત્વાર્થાધિગમ નામના લઘુ ગ્રન્થને શિષ્યના હિતને માટે હું (ઉમાસ્વાતિ વાચક) વર્ણન કરીશ. જે અરિહંત વચનના એક દેશ (ભાગ) તુલ્ય છે. ૨૧-૨૨

**મહતોઽતિમહાવિષયસ્ય, દુર્ગમગ્રન્થ-ભાષ્યપારસ્ય;**
**કઃ શક્તઃ પ્રત્યાસં, જિનવચન-મહોદધેઃ કર્તુમ્. ૨૩**

મહાન્, ઘણા મોટા વિષયવાળા અને દુર્ગમ ( મુશ્કેલીથી સમજાય તેવો ) છે ગ્રંથ અને ભાષ્યનો પાર જેનો, એવા જિનવચનરૂપી મહાસાગરનો સંગ્રહ કરવાને કોણ સમર્થ થઈ શકે? ૨૩

**શિરસા ગિરિં બિભિત્સે-દુચ્ચિક્ષિપ્સેચ્ચ સંક્ષિતિં દોર્ભ્યામ્;**
**પ્રતિતીર્ષેચ્ચ સમુદ્રં, મિત્સેચ્ચ પુનઃ કુશાગ્રેણ. ૨૪**

**વ્યોમ્નીન્દું ચિક્રમિષેન્મેરુગિરિં પાણિના ચિકમ્પયિષેત્;**
**ગત્યાનિલં જિગીષેચ્ચરમસમુદ્રં પિપાસેચ્ચ. ૨૫**

**ખદ્યોતકપ્રભાભિઃ સો, ऽભિબુભૂષેચ્ચ ભાસ્કરં મોહાત્;**
**યોऽતિમહાગ્રન્થાર્થં, જિનવચનં સંજિઘૃક્ષેત. ૨૬**

જે પુરુષ અતિ વિશાળ ગ્રંથ અને અર્થ વડે પૂર્ણ જિનવચનને સંપૂર્ણ રીતે સંગ્રહ કરવાની ઈચ્છા કરે છે, તે મૂઢ મસ્તક વડે પર્વતને તોડવાને ચાહે છે, બે ભુજાવડે પૃથ્વીની સાથે પર્વતને ખેંચવાને ચાહે છે, સમુદ્રને બે ભુજાઓ વડે તરી પાર પામવાને ચાહે છે અને વળી ડાભના અગ્રભાગ વડે સમુદ્ર ( જળ ) ને માપવા ચાહે છે, આકાશમાં ઉછળી ચંદ્રને ઉલ્લંઘન કરવા ચાહે છે, મેરૂ પર્વતને હાથ વડે કંપાવવા ચાહે છે, ગતિવડે વાયુ થકી પણ આગળ જવા ચાહે છે, અંતિમ ( સ્વયંભૂરમણ ) સમુદ્રને પીવાને ચાહે છે અને ખજુઆની પ્રભાથી સૂર્યને પરાભવ કરવા ચાહે છે. ૨૪-૨૫-૨૬

**એકમપિ તુ જિનવચના—દ્યસ્માન્નિર્વાહકં પદં ભવતિ;**
**શ્રૂયન્તે ચાનન્તાઃ, સામાયિકમાત્ર-પદ-સિદ્ધાઃ ૨૭**

જે માટે જિનવચનનું એક પણ પદ ઉત્તરોત્તર જ્ઞાનપ્રાપ્તિદ્વારા સંસારના પારને પ્રાપ્ત કરાવનાર થાય છે. કેમકે સામાયિક માત્ર પદ વડે કરીને અનંત ( જીવો ) સિદ્ધ થયેલા છે, એમ શાસ્ત્રમાં સંભળાય છે. ૨૭

**તસ્માત્તત્પ્રામાણ્યાત્, સમાસતો વ્યાસતશ્ચ જિનવચનમ્ ;**
**શ્રેય ઇતિ નિર્વિચારં, ગ્રાહ્યં ધાર્યં ચ વાચ્યં ચ. ૨૮**

તે કારણથી તે જિનવચનને સંક્ષેપથી અને વિસ્તારથી ગ્રહણ કરવું તે કલ્યાણકારક છે, એમ સમજી તે જિનવચનને સંદેહ રહિત ગ્રહણ કરવું. ધારી રાખવું અને બીજાને કહેવું. (ભણવાનું) ૨૮

**ન ભવતિ ધર્મઃ શ્રોતુઃ, સર્વસ્યૈકાન્તતો હિતશ્રવણાત્;**
**બ્રૂવતોઽનુગ્રહબુદ્ધયા, વક્તુસ્વેકાન્તતો ભવતિ. ૨૯**

હિતવચનના શ્રવણથી સર્વ સાંભળનારને એકાન્તે ધર્મ ન થાય, પણ અનુગ્રહ બુદ્ધિવડે બોલનારા વક્તા (ઉપદેશક) ને તો અવસ્ય ધર્મ થાય જ. ૨૯

**શ્રમમવિચિન્ત્યાત્મગતં, તસ્માચ્છ્રેયઃ સદોપદેષ્ટવ્યમ્,**
**આત્માનં ચ પરં ચ હિ, હિતોપદેષ્ટાનુગૃહ્ણાતિ. ૩૦**

તે કારણ માટે પોતાના શ્રમનો વિચાર નહિ કરીને હમેશાં કલ્યાણકારક ઉપદેશ કરવા યોગ્ય છે, કારણ કે હિત (મોક્ષમાર્ગ) નો ઉપદેશ કરનાર અનુગ્રહજ કરે છે. ૩૦

**નર્તે ચ મોક્ષમાર્ગા—દ્વિતોપદેશોઽસ્તિ જગતિ કૃત્સ્નેઽસ્મિન્;**
**તસ્માત્પર મિમમેવેતિ, મોક્ષમાર્ગં પ્રવક્ષ્યામિ. ૩૧**

આ સંપૂર્ણ સંસારમાં મોક્ષમાર્ગ સિવાય બીજો કોઈ હિતોપદેશ નથી, એ હેતુથી શ્રેષ્ઠ એવા આ મોક્ષમાર્ગને જ હું (ઉમાસ્વાતિ વાચક) વર્ણવીશ. ૩૧

★

# શ્રી તત્ત્વાર્થાધિગમસૂત્રમ્

## પ્રથમોઽધ્યાયઃ

### સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ -૧-૧

સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ મોક્ષના માર્ગ ( સાધન ) છે.

એ ત્રણે એકત્ર હોય ત્યારે મોક્ષનાં સાધન છે. ત્રણમાંથી કોઈ પણ એકનો અભાવ હોય તો તે મોક્ષનાં સાધન થઈ શકે નહિ. એ માંહેનાં પ્રથમનાની પ્રાપ્તિ થયે છતે પાછળનાની પ્રાપ્તિની ભજના ( હોય કે ન હોય ) સમજવી અને પાછળનાની પ્રાપ્તિ થયે છતે પ્રથમનાની પ્રાપ્તિ નિશ્ચે હોય. ( અર્થાત્ દર્શન હોય ત્યારે જ્ઞાન અને ચારિત્ર હોય કે ન હોય; જ્ઞાન હોય ત્યારે ચારિત્ર હોય કે ન હોય; પણ ચારિત્ર હોય ત્યારે દર્શન જ્ઞાન હોય જ અને જ્ઞાન હોય ત્યારે દર્શન હોય જ. ) સર્વ ઈંદ્રિય અને અનિંદ્રિયના વિષયની રૂડે પ્રકારે પ્રાપ્તિ તે સમ્યગ્દર્શન. પ્રશસ્ત દર્શન તે સમ્યગ્દર્શન. યુક્તિયુક્ત દર્શન તે સમ્યગ્દર્શન.

### તત્ત્વાર્થ-શ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્ ૧-૨

તત્ત્વભૂત પદાર્થોનું અથવા તત્ત્વ વડે અર્થનું શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન જાણવું.

### તન્નિસર્ગાદધિગમાદ્વા ૧-૩

તે સમ્યગ્દર્શન નિસર્ગ ( પરના ઉપદેશ વિના સ્વાભાવિક પરિણામ-અધ્યવસાય ) થી અથવા અધિગમ ( શાસ્ત્રશ્રવણ-ઉપદેશ ) થી થાય છે.

**જીવાજીવાશ્રવ-બન્ધ-સંવર-નિર્જરા-મોક્ષાસ્તત્ત્વમ્ ૧-૪**

જીવ, અજીવ, આશ્રવ, બન્ધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત તત્ત્વ છે.

**નામ સ્થાપના-દ્રવ્ય-ભાવતસ્તન્ન્યાસ: ૧-૫**

નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવથકી તે જીવાદિ સાત તત્ત્વનો નિક્ષેપ થાય છે.

વિસ્તારથી લક્ષણ અને ભેદવડે જાણવાને માટે વ્હેંચણ કરવી તે નિક્ષેપ. જેમકે સચેતન કે અચેતન દ્રવ્યનું જીવ એવું નામ આપીએ તે નામજીવ; કાષ્ટ, પુસ્તક ચિત્રકર્મ ઇત્યાદિને વિષે 'જીવ' એ પ્રકારે સ્થાપના કરીએ તે સ્થાપના જીવ, દેવની પ્રતિમાની પેઠે ગુણ પર્યાય રહિત, બુદ્ધિથી કલ્પેલો, અનાદિ પારિણામિક ભાવવાળો જીવ તે દ્રવ્ય-જીવ; અથવા આ ભાંગો શૂન્ય છે, કેમકે જો અજીવનું જીવપણું થાય તો દ્રવ્યજીવ કહેવાય પણ તેમ થઇ શકતું નથી; ઔપશમિકાદિ ભાવ રહિત ઉપયોગે વર્તતો જીવ તે ભાવજીવ. એ પ્રકારે અજીવાદિ સર્વ પદાર્થને વિષે જાણી લેવું.

**પ્રમાણ-નયૈરધિગમ: ૧-૬**

એ જીવાદિ તત્ત્વોનું પ્રમાણ અને નય વડે જ્ઞાન થાય છે.

**નિર્દેશ-સ્વામિત્વ-સાધનાધિકરણ-સ્થિતિ-વિધાનતઃ ૧-૭**

નિર્દેશ, [ વસ્તુ સ્વરૂપ ], સ્વામિત્વ [ માલિકી ], સાધન [ કારણ ], અધિકરણ ( આધાર ), સ્થિતિ (કાળ) અને વિધાન [ ભેદ સંખ્યા ] થી જીવાદિ તત્ત્વોનું જ્ઞાન થાય છે,

સમ્યગ્દર્શન શું છે ? દ્રવ્ય છે; સમ્યગ્દૃષ્ટિ જીવ અરૂપી છે. કોનું સમ્યગ્દર્શન ? આત્મ સંયોગે જીવનું સમ્યગ્દર્શન; પરસંયોગે જીવ કે અજીવનું અથવા એક કરતાં વધારે જીવ કે અજીવનું સમ્યગ્દર્શન; ઉભય-સંયોગે જીવ જીવનું સમ્યગ્દર્શન અને જીવ જીવોનું સમ્યગ્દર્શન.

સમ્યગ્દર્શન શાથી થાય ? નિસર્ગ અથવા અધિગમથી થાય. તે બંને દર્શનમોહનીય કર્મના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમથી થાય છે.

અધિકરણ ત્રણ પ્રકારે છે. આત્મ સન્નિધાન, પર સન્નિધાન અને ઉભય સન્નિધાન. આત્મસન્નિધાન તે અભ્યંતર સન્નિધાન, પર સન્નિધાન તે બાહ્ય સન્નિધાન અને ઉભય સન્નિધાન તે બાહ્ય અભ્યંતર સન્નિધાન જાણવું.

સમ્યગ્દર્શન કોને વિષે હોય ? આત્મસન્નિધાને જીવને વિષે સમ્યગ્દર્શન હોય. બાહ્યસન્નિધાને અને ઉભયસન્નિધાને સ્વામિત્વ ( કોનું સમ્યગ્દર્શન ) ના ભાંગા લેવા.

સમ્યગ્દર્શન કેટલો કાળ રહે ? સમ્યગ્દષ્ટિ સાદિસાંત અને સાદિ-અનંત એમ બે પ્રકારે છે; સમ્યગ્દર્શન ( ક્ષયોપશમ સમ્યક્ત્વ ) સાદિ-સાંતજ છે; જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી છાસઠ સાગરોપમથી અધિક કાળ રહે. સમ્યગ્દષ્ટિ=ક્ષાયિક સમકિતી છદ્મસ્થની સ્થિતિ સાદિ-સાંત છે અને સયોગી અયોગી કેવળી અને સિદ્ધની સમ્યગ્દષ્ટિ સાદિ-અનંત છે. સમ્યગ્દર્શન કેટલા પ્રકારનું છે ? ક્ષયાદિ ત્રણ હેતુ વડે ત્રણ પ્રકારે જાણવું. ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક એ ત્રણ પ્રકારના સમ્યક્ત્વ એક એકથી ઉત્તરોત્તર વિશુદ્ધ છે.

## સત્સંખ્યા-ક્ષેત્ર-સ્પર્શન-કાલાન્તર-ભાવાલ્પબહુત્વૈશ્ચ ૧-૮

સત્ [ સદ્ભૂતપદ પ્રરૂપણા ], સંખ્યા, ક્ષેત્ર, સ્પર્શન કાળ. અંતર, ભાવ અને અલ્પબહુત્વ. એ આઠ અનુયોગ વડે કરીને પણ સર્વ ભાવોનું જ્ઞાન થાય છે.

તે આ પ્રમાણે-૧ સમ્યગ્દર્શન છે કે નહિ ? છે. ક્યાં છે ? અજીવને વિષે નથી, જીવોને વિષે પણ તેની ભજના જાણવી; ગતિ, ઇંદ્રિય, કાય, યોગ, કષાય, વેદ, લેશ્યા, સમ્યક્ત્વ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, આહાર અને ઉપયોગ એ ૧૩ અનુયોગદ્વારને વિષે યથાસંભવ સદ્ભૂત-

પ્રરૂપણા કરવી. ૨ સમ્યગ્દર્શન કેટલાં છે? સમ્યગ્દર્શન અસંખ્યાત છે, સમ્યગ્દષ્ટિ તો અનંતા છે, ૩ સમ્યગ્દર્શન કેટલા ક્ષેત્રમાં હોય? લોકના અસંખ્યાતમા ભાગમાં હોય. ૪ સમ્યગ્દર્શનને કેટલું ક્ષેત્ર સ્પર્શેલું છે? લોકનો અસંખ્યાતમો ભાગ, સમ્યગ્દષ્ટિ વડે તો સર્વ લોક; અહીં સમ્યગ્દષ્ટિ અને સમ્યગ્દર્શનમાં શું ફેરફાર છે તે જણાવે છે,–અપાય અને સમ્યક્ત્વ મોહનીયના દળીયા વડે સમ્યગ્દર્શન થાય છે, તે (મતિજ્ઞાન) કેવળીને નથી, તેથી કેવળી સમ્યગ્દર્શની નથી પણ સમ્યગ્દષ્ટિ તો છે. ૫ સમ્યક્ત્વ કેટલા કાળ સુધી રહે? એક જીવ આશ્રયી જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ છાસઠ સાગરોપમ સાધિક; નાના જીવો આશ્રયી સર્વ કાળ. ૬ સમ્યગ્દર્શનનો વિરહ કાળ કેટલો? એક જીવ આશ્રયી જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અર્ધ પુદ્ગલ પરાવર્ત્ત; નાના (જુદા જુદા) જીવો આશ્રયી અંતર નથી.” સમ્યગ્દર્શનને કયો ભાવ હોય? ઔદયિક પારિણામિક વર્જીને બાકીના ત્રણ ભાવોને વિષે સમ્યગ્દર્શન હોય. ૮ ત્રણ ભાવે વર્તતા સમ્યગ્દર્શનીનું અલ્પ બહુત્વ શી રીતે? સર્વથી થોડા ઔપશમિક ભાવવાળા હોય, તેથી ક્ષાયિક અસંખ્યેય ગુણ, તેથી પણ ક્ષાયોપશમિક અસંખ્યેય ગુણ અને સમ્યગ્દષ્ટિ તો અનંતા છે. (કેવળી અને સિદ્ધો મળીને અનંતા છે માટે)

**મતિ-શ્રુતાવધિ-મનઃ પર્યાય-કેવલાનિ જ્ઞાનમ્-૧-૯**

મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય અને કેવલ એ પાંચ જ્ઞાનના ભેદ છે (જેનું વર્ણન આગળ કરવામાં આવશે.)

**તત્પ્રમાણે—૧-૧૦**

તે (પાંચ પ્રકારનું) જ્ઞાન (બે) પ્રમાણમાં વ્હેંચાયેલું છે.

**આદ્યે પરોક્ષમ્—૧-૧૧**

પહેલાં બે મતિ-શ્રુતજ્ઞાન પરોક્ષ પ્રમાણ છે. આ બંને જ્ઞાનને નિમિત્તની અપેક્ષા હોવાથી પરોક્ષ છે કેમકે મતિજ્ઞાન ઇન્દ્રિયનિમિત્તક

અને અનિંદ્રિય (મન) નિમિત્તક છે અને શ્રુતજ્ઞાન મતિપૂર્વક તથા પરના ઉપદેશથકી થાય છે.

## પ્રત્યક્ષમન્યત્—૧-૧૨

પૂર્વોક્ત બે જ્ઞાનથી અન્ય ત્રણ જ્ઞાન (અવધિ, મન:પર્યાય અને કેવલ) એ પ્રત્યક્ષ પ્રમાણ છે.

ઇંદ્રિયના નિમિત્ત વિના આત્માને પ્રત્યક્ષ હોવાથી આ ત્રણ જ્ઞાન પ્રત્યક્ષ પ્રમાણ છે, જેના વડે પદાર્થો જાણી શકાય તે પ્રમાણ કહેવાય છે. અનુમાન, ઉપમાન. આગમ, અર્થાપત્તિ. સંભવ અને અભાવ એ પ્રમાણો પણ કોઈ માને છે. પણ અહીં તેને ગ્રહણ નહી કરતાં ફક્ત બેજ પ્રમાણો કહ્યાં છે; તેનું કારણ એ છે કે—એ સર્વ ઇંદ્રિય અને પદાર્થના નિમિત્તભૂત હોવાથી મતિ-શ્રુત જ્ઞાનરૂપ પરોક્ષ પ્રમાણમાં અંતર્ભૂત થાય છે.

## મતિ-સ્મૃતિ:-સંજ્ઞા-ચિન્તાભિનિબોધ ઇત્યનર્થાન્તરમ્-૧-૧૩

મતિ [બુદ્ધિ], સ્મૃતિ (સ્મરણ-યાદદાસ્ત), સંજ્ઞા [ઓળખ], ચિંતા (તર્ક) અને આભિનિબોધ (અનુમાન) એ સર્વ એક જ અર્થવાચક છે.

## તદિન્દ્રિયાનિન્દ્રિય-નિમિત્તમ્—૧-૧૪

તે પૂર્વોકત મતિજ્ઞાન ઈંદ્રિય નિમિત્તક અને અનિંદ્રિય નિમિત્તક [મનોવૃત્તિનું અને સર્વ ઇંદ્રિયનું ઓઘજ્ઞાન] છે.

## અવગ્રહેહાપાયધારણા:—૧-૧૫

એ મતિજ્ઞાન અવગ્રહ (ઈંદ્રિયને સ્પર્શ વડે કરીને જે સૂક્ષ્મ અવ્યકત જ્ઞાન થાય તે), ઈહા (વિચારણા), અપાય (નિશ્ચય) અને ધારણા એ ચાર ભેદવાળું છે.

## બહુ-બહુવિધ-ક્ષિપ્રાનિશ્રિતાનુક્ત—ધ્રુવાણાં સેતરાણામ્—૧-૧૬

બહુ, બહુવિધ ( ઘણા પ્રકારે ), ક્ષિપ્ર ( જલદીથી ), અનિશ્રિત ( ચિન્હ વિના ), અનુક્ત ( કહ્યા વિના ) અને ધ્રુવ ( નિશ્ચિત) એ છ અને તેના છ પ્રતિપક્ષી એટલે અબહુ ( થોડું ), અબહુવિધ ( થોડા પ્રકારે ), અક્ષિપ્ર ( લાંબાકાળે ), નિશ્રિત ( ચિન્હવડે ), ઉક્ત ( કહેલું ) અને અધ્રુવ [ અનિશ્ચિત ] એ બાર ભેદે અવગ્રહાદિક થાય છે.

## અર્થસ્ય—૧-૧૭

અર્થ ( સ્પર્શનાદિ વિષય ) ના અવગ્રહ આદિ મતિજ્ઞાનના ભેદ થાય છે.

## વ્યંજનસ્યાવગ્રહઃ—૧-૧૮

વ્યંજન (દ્રવ્ય) નો તો અવગ્રહજ થાય છે. એ રીતે વ્યંજનનો અને અર્થનો એમ બે પ્રકારનો અવગ્રહ જાણવો. તે ઇહાદિ અર્થમાં જ થાય.

## ન ચક્ષુર્નિન્દ્રિયાભ્યામ્—૧-૧૯

ચક્ષુ અને મન વડે વ્યંજન (દ્રવ્ય) નો અવગ્રહ થતો નથી, પણ બાકીની ઈંદ્રિય વડે જ થાય છે.

એ પ્રકારે મતિજ્ઞાનના બે, ચાર, અઠ્ઠાવીશ, ( ૨૮ ભેદને બહુ વગેરે છએ ગુણતાં ) એકસો અડસઠ અને ( ૨૮ ને બાર ભેદ સાથે ગુણતાં ) ત્રણશે છત્રીશ ભેદો શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના થાય છે.

## શ્રુતં મતિપૂર્વં દ્વ્યનેક-દ્વાદશભેદમ્—૧-૨૦

શ્રુતજ્ઞાન મતિપૂર્વક હોય છે. તે બે પ્રકારે—અંગબાહ્ય અને અંગપ્રવિષ્ટ; તેમાં પહેલાના અનેક અને બીજાના બાર ભેદ છે.

સામાયિક, ચઉવિસત્થો, વંદનક, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, પચ્ચક્ખાણ (આવશ્યક), દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, દશા (દશાશ્રુતસ્કંધ), કલ્પ (બૃહતકલ્પ,) વ્યવહાર અને નિશીથસૂત્ર ઇત્યાદિ મહર્ષિઓએ બનાવેલાં સૂત્ર તે અંગબાહ્ય શ્રુત અનેક પ્રકારે જાણવું, અંગપ્રવિષ્ટ શ્રુત બાર ભેદે છે. તે આ પ્રમાણે–૧ આચારાંગ, ૨ સૂત્રકૃતાંગ, ૩ સ્થાનાંગ, ૪ સમવાયાંગ, ૫ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ (ભગવતી), ૬ જ્ઞાતાધર્મ કથા, ૭ ઉપાસક દશાંગ, ૮ અન્તકૃદ્દશાંગ, ૯ અનુત્તરોપપાતિક દશાંગ, ૧૦ પ્રશ્ન વ્યાકરણ, ૧૧ વિપાક અને ૧૨ દષ્ટિવાદસૂત્ર.

હવે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં શું ફેરફાર છે તે અહીં જણાવે છે–ઉત્પન્ન થઈ નાશ નહિ પામેલ એવા પદાર્થને ગ્રહણ કરનાર વર્તમાનકાળ વિષયક મતિજ્ઞાન છે અને શ્રુતજ્ઞાન તો ત્રિકાળ વિષયક છે એટલે જે પદાર્થ ઉત્પન્ન થયેલ છે, જે ઉત્પન્ન થવાનો છે. તે સર્વને ગ્રહણ કરનાર છે.

હવે અંગબાહ્ય અને અંગપ્રવિષ્ટમાં શું ભેદ છે તે જણાવે છે. વક્તાના ભેદથી આ ભેદ થાય છે. તે આ પ્રમાણે–સર્વજ્ઞ, સર્વદર્શી, પરમઋષિ એવા અરિહંત ભગવાનોએ પરમ શુભ અને તીર્થ પ્રવર્તાવવારૂપ ફળદાયક એવા તીર્થંકર નામકર્મના પ્રભાવથી કહેલું અને અતિશયવાળી તથા ઉત્તમ અતિશયવાળી વાણી અને બુદ્ધિવાળા એવા ભગવંતના શિષ્યો (ગણધરો) એ ગૂંથેલું તે અંગપ્રવિષ્ટ, ગણધરો પછી થયેલા, અત્યંત વિશુદ્ધ આગમના જાણનારા, પરમ પ્રકૃષ્ટ વાણી અને બુદ્ધિની શક્તિવાળા આચાર્યોએ કાળ સંઘયણ અને આયુના દોષથી અલ્પશક્તિવાળા શિષ્યોના ઉપકારને માટે જે રચ્યું તે અંગબાહ્ય.

સર્વજ્ઞપ્રણીત હોવાથી અને જ્ઞેયપદાર્થનું અનંતપણું હોવાથી મતિજ્ઞાન કરતાં શ્રુતજ્ઞાનનો વિષય મોટો છે. શ્રુતજ્ઞાનનો મહાવિષય હોવાથી તે તે અધિકારોને આશ્રયીને પ્રકરણની સમાપ્તિની અપેક્ષાએ અંગ ઉપાંગના ભેદ છે.

અંગોપાંગની રચના ન હોય તો સમુદ્રને તરવાની પેઠે સિદ્ધાંતનું જ્ઞાન દુઃસાધ્ય થાય, તેટલા માટે પૂર્વ, વસ્તુ, પ્રાભૃત, પ્રાભૃત પ્રાભૃત; અધ્યયન અને ઉદ્દેશા કરેલા છે.

વળી અહીં શિષ્ય શંકા કરે છે કે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો તુલ્ય વિષય છે તેથી બંને એક જ છે, તેને ગુરુમહારાજ ઉત્તર આપે છે કે—અગાઉ કહ્યા મુજબ મતિજ્ઞાન વર્તમાનકાળ વિષયક છે અને શ્રુતજ્ઞાન ત્રિકાળ વિષયક છે તેમજ વિશેષ શુદ્ધ છે, વળી મતિજ્ઞાન ઇંદ્રિય અને અનિંદ્રિયનિમિત્તક છે તથા આત્માના જ્ઞસ્વભાવથી પરિણમે છે, ત્યારે શ્રુતજ્ઞાન તો મતિપૂર્વક છે અને આપ્ત પુરુષના ઉપદેશથી ઉત્પન્ન થાય છે.

## દ્વિવિધોऽવધિઃ—૧-૨૧

અવધિજ્ઞાન બે પ્રકારે છે. ૧ ભવપ્રત્યય અને ૨ ક્ષયોપશમપ્રત્યય. (નિમિત્તક)

## ભવપ્રત્યયો નારક-દેવાનામ્—૧-૨૨

નારકી અને દેવતાઓને ભવ પ્રત્યયિક (અવધિ) હોય છે. ભવ છે હેતુ જેનો તે ભવપ્રત્યયિક. તેઓને દેવ કે નારકીના ભવની ઉત્પત્તિ એજ તે (અવધિજ્ઞાન) નો હેતુ છે. જેમ કેઃ—પક્ષીઓનો જન્મ આકાશની ગતિ (ઉડવા) નું કારણ છે, પણ તે માટે શિક્ષા કે તપની જરૂર નથી, તેમ દેવ કે નારકીમાં ઉત્પન્ન થયો, તેને અવધિ થાય જ.

## યથોક્ત-નિમિત્તઃ ષડ્વિકલ્પઃ શેષાણામ્—૧-૨૩

બાકીના (તિર્યંચ અને મનુષ્ય) ને ક્ષયોપશમ નિમિત્તક અવધિજ્ઞાન થાય છે તે છ વિકલ્પ (ભેદ) વાળું છે.

૧ અનાનુગામિ (સાથે નહિ આવવાવાળું), ૨ આનુગામિ (સાથે રહેવાવાળું), ૩ હીયમાન (ઘટતું), ૪ વર્દ્ધમાન (વધતું),

૫ અનવસ્થિત ( અનિયમિત વધતું, ઘટતું, જતું રહે, ઉત્પન્ન થાય ) અને ૬ અવસ્થિત ( નિશ્ચિત—જેટલા ક્ષેત્રમાં જે આકારે ઉત્પન્ન થયું હોય તેટલું કેવળજ્ઞાન પર્યંત કાયમ રહે અથવા અન્ય ભવમાં સાથે પણ જાય. ( તીર્થંકરોને મનુષ્યપણે ઉત્પન્ન થતી વખતે આ જ્ઞાન હોય છે. )

## ઋજુ—વિપુલમતી મનઃ પર્યાયઃ ૧-૨૪

મન : પર્યાયના ૧ ઋજુમતિ અને ૨ વિપુલમતિ એવા બે ભેદ છે.

## વિશુદ્ધયપ્રતિપાતાભ્યાં તદ્વિશેષઃ ૧-૨૫

વિશુદ્ધિ ( શુદ્ધતા ), અને અપ્રતિપાતિપણું ( આવેલું જાય નહિ ) એ બે કારણથી તે બન્નેમાં ફેર છે.

ઋજુમતિના કરતાં વિપુલમતિ વિશેષ શુદ્ધ છે અને ઋજુમતિ આવેલું જતું પણ રહે છે, જ્યારે વિપુલમતિ આવેલું જાય નહીં.

## વિશુદ્ધિ-ક્ષેત્ર-સ્વામિ-વિષયેભ્યોઽવધિ-મનઃપર્યાયયોઃ- ૧-૨૬

વિશુદ્ધિ ( શુદ્ધતા ). ૨ ક્ષેત્ર ( ક્ષેત્ર પ્રમાણ ), ૩ સ્વામિ ( માલિક ) અને ૪ વિષય વડે કરીને અવધિજ્ઞાન અને મનઃપર્યાય જ્ઞાનમાં વિશેષતા [ ફરક ] છે.

( અવધિ કરતાં મનઃપર્યવ શુદ્ધ છે, મનઃપર્યાયજ્ઞાનથી તિર્છું-અઢીદ્વીપ અને ઉર્ધ્વાધો જ્યોતિષ્ક તથા હજાર યોજન સુધી ક્ષેત્ર દેખાય, ત્યારે અવધિથી અસંખ્ય લોક દેખાય; મનઃપર્યવના સ્વામી સાધુ મુનિરાજ અને અવધિજ્ઞાનના સ્વામી સંયત કે અસંયત ચારે ગતિવાળા હોઇ શકે; મનઃપર્યવથી પર્યાપ્ત સંજ્ઞિએ મનપણે પરિણમાવેલ દ્રવ્યો અને અવધિથી તમામ રૂપી—રૂપ, રસ, ગંધ અને સ્પર્શવાળાં દ્રવ્યો દેખાય છે. વળી અવધિજ્ઞાનથી મનઃ પર્યાય જ્ઞાનનો વિષય—નિબંધ અનંતમા ભાગે કહ્યો છે. )

'અવધિજ્ઞાન કરતાં મનઃપર્યવજ્ઞાન વિશેષ શુદ્ધ છે. જેટલા રૂપી દ્રવ્યોને અવધિજ્ઞાની જાણે તેના અનંતમા ભાગે મનપણે પરિણમેલાં દ્રવ્યોને મનઃપર્યવજ્ઞાની શુદ્ધ રીતે જાણે, અવધિજ્ઞાનનો વિષય અંગુલના અસંખ્યાતમા ભાગથી માંડીને સર્વ લોકક્ષેત્ર પર્યંત હોય અને મનઃપર્યાય જ્ઞાનવાળાનો વિષય અઢીદ્રીપ સુધી જ હોય. અવધિજ્ઞાન સંયત કે અસંયત ચારે ગતિના જીવોને થાય અને મનઃપર્યવજ્ઞાન સંયત (ચારિત્રવાળા) મનુષ્યને જ થાય. સર્વરૂપી દ્રવ્ય અને તેના કેટલાક પર્યાયો જાણવાનો અવધિજ્ઞાનનો વિષય છે અને મનઃપર્યવજ્ઞાનનો વિષય સર્વરૂપી દ્રવ્યના અનંતમા ભાગના દ્રવ્યને એટલે મનોદ્રવ્ય અને તેના પર્યાયને જાણવાનો છે.

**મતિશ્રુતયોર્નિબન્ધઃ સર્વદ્રવ્યેષ્વસર્વપર્યાયેષુ–૧–૨૭**

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો વિષય કેટલાક પર્યાયો સહિત સર્વ દ્રવ્યોને જાણવાનો છે. મતલબ કે તે સર્વ પર્યાયયુક્ત જાણી ન શકે.

**રૂપિષ્વવધેઃ : ૧–૨૮**

રૂપી દ્રવ્યોને વિષે જ અવધિજ્ઞાનનો વિષય છે. સુવિશુદ્ધ એવા પણ અવધિજ્ઞાનથી રૂપી દ્રવ્યોનેજ અને તેના કેટલાક પર્યાયને જ જાણે.

**તદનન્તભાગે મનઃ પર્યાયસ્ય ૧–૨૯**

તે રૂપી દ્રવ્યના અનન્તમા ભાગે–મનપણે પરિણમેલાં મનદ્રવ્યોને જાણવાનો મનપર્યાય જ્ઞાનનો વિષય છે.

**સર્વ–દ્રવ્ય–પર્યાયેષુ કેવલસ્ય–૧–૩૦**

સર્વ દ્રવ્ય અને સર્વ પર્યાયો જાણવાનો કેવળજ્ઞાનનો વિષય છે તે સર્વ ભાવગ્રાહક અને સમસ્ત લોકાલોક વિષયક છે. આ કરતાં બીજું જ્ઞાન શ્રેષ્ઠ નથી.

**એકાદીનિ ભાજ્યાનિ યુગપદેકસ્મિન્નાચતુર્ભ્યઃ –૧–૩૧**

એ જ્ઞાનોમાંનાં મત્યાદિ એકથી માંડીને ચાર સુધીનાં જ્ઞાનો એક સાથે જીવમાં હોય છે.

કોઇને એક, કોઈ ને બે, કોઇને ત્રણ, કોઈને ચાર હોય, એક હોય તો મતિજ્ઞાન અગર કેવળજ્ઞાન હોય. બે હોય તો મતિ અને શ્રુતજ્ઞાન હોય. કેમ કે શ્રુતજ્ઞાન મતિપૂર્વક હોય, માટે જ્યાં શ્રુત હોય ત્યાં મતિ હોય, પણ મતિ હોય ત્યાં શાસ્ત્રરૂપ શ્રુતની ભજના જાણવી. ત્રણવાળાને મતિ, શ્રુત, અવધિ અથવા મતિ શ્રુત મનઃપર્યાય હોય. પાંચ સાથે ન હોય, કેમકે કેવળજ્ઞાન થાય ત્યારે બીજું જ્ઞાન રહે નહિ. આ બાબતમાં કેટલાક આચાર્ય એમ કહે છે કે :–કેવળજ્ઞાન છતાં ચારે જ્ઞાન હોય. પણ સૂર્યની પ્રભામાં જેમ બીજા તારાદિની પ્રભા સમાઈ જાય તેમ કેવળજ્ઞાનની પ્રભામાં બીજા જ્ઞાનની પ્રભા સમાઈ જાય છે. વળી કેટલાક આચાર્ય કહે છે કેઃ– એ ચાર જ્ઞાન ક્ષયોપશમ ભાવથી થાય છે અને કેવળીને તે ભાવ નથી, ક્ષાયિક ભાવ છે, માટે ન હોય. વળી તે ચારે જ્ઞાનનો ક્રમે કરી ઉપયોગ થાય છે–એક સાથે થતો નથી અને કેવળજ્ઞાનનો ઉપયોગ બીજાની અપેક્ષા વિના એક સાથે થાય છે. આત્માનો તથા પ્રકારનો સ્વભાવ હોવાથી જ્ઞાનદર્શનનો સમયાન્તર ઉપયોગ કેવળીને નિરંતર હોય છે.

**મતિશ્રુતાવધયો વિપર્યયશ્ચ—૧-૩૨**

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એ ત્રણ વિપર્યય (વિપરીત) રૂપ પણ હોય છે અર્થાત્ અજ્ઞાન રૂપ હોય છે.

**સદસતોરવિશેષાદ્યદૃચ્છોપલબ્ધેરુન્મત્તવત્—૧-૩૩**

મિથ્યાદષ્ટિને ઉન્મત્તની પેઠે સત્ (વિદ્યમાન) અસત્ (અવિદ્યમાન) ની વિશેષતા રહિત વિપરીત અર્થ ગ્રહણ થતું હોવાથી તે પૂર્વોક્ત ત્રણે (નિશ્ચે) અજ્ઞાન ગણાય છે.

**નૈગમ-સઙ્ગ્રહ-વ્યવહાર-ર્જુસૂત્ર-શબ્દા નયાઃ—૧-૩૪**

નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર અને શબ્દ એ પાંચ નયો છે (સમભિરૂઢ અને એવંભૂત સાથે લઈએ તો સાત નયો થાય છે.)

## આદ્યશબ્દૌ દ્વિ-ત્રિ-ભેદૌ—૧-૩૫

પહેલો ( નૈગમ ) નય બે પ્રકારે-દેશ પરિક્ષેપી અને સર્વ પરિક્ષેપી, તથા શબ્દનય ત્રણ પ્રકારે છે-સામ્પ્રત, સમભિરૂઢ અને એવંભૂત.

ઉક્ત નૈગમાદિક સપ્ત નયનાં લક્ષણ આ રીતે કહ્યાં છે. શાસ્ત્રોમાં કહેલ શબ્દ, અર્થ અને શબ્દાર્થનું પરિજ્ઞાન તે નૈગમના દેશગ્રાહી અને સર્વગ્રાહી છે. અર્થોનો સર્વ દેશે કે એકદેશે સંગ્રહ તે સંગ્રહ નય છે. લૌકિકરૂપ, ઔપચારિક અને વિસ્તારાર્થનો બોધક વ્યવહાર નય છે. છતા-વિદ્યમાન અર્થોનું કથન અથવા જ્ઞાન તે ઋજુસૂત્રનય છે. યથાર્થ વસ્તુનું કથન તે શબ્દનય છે. શબ્દથી જે અર્થમાં પ્રત્યય-જ્ઞાન તે સામ્પ્રત શબ્દનય અને વિદ્યમાન અર્થમાં અસંક્રમ તે સમભિરૂઢ. વ્યંજન અને અર્થમાં પ્રવૃત્ત તે એવંભૂત.

દરેક વસ્તુમાં અનંત ધર્મો રહેલા છે, તેમાંના અભીષ્ટ ધર્મને ગ્રહણ કરનાર અને તે સિવાયના બીજા ધર્મોનો અપલાપ નહિ કરનાર જે જ્ઞાતાનો અધ્યવસાય વિશેષ તે નય કહેવાય છે. તે નય પ્રમાણનો એક અંશ હોવાથી પ્રમાણ અને નયનો પરસ્પર ભેદ છે. જેમ સમુદ્રનો એક દેશ સમુદ્ર નથી તેમ અસમુદ્ર પણ નથી. તેવીજ રીતે નયો પ્રમાણ પણ નથી તેમ અપ્રમાણ પણ નથી. પણ પ્રમાણનો એક દેશ છે. તે નયો દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એમ બે ભેદે છે. દ્રવ્ય માત્રને ગ્રહણ કરનાર દ્રવ્યાર્થિક નય કહેવાય છે. તેમાં નૈગમ, સંગ્રહ અને વ્યવહાર એ ત્રણ નયોનો સમાવેશ થાય છે. અને જે પર્યાય માત્રનેજ ગ્રહણ કરે છે, તે પર્યાયાર્થિક નય કહેવાય છે. તેમાં ઋજુસૂત્ર, સામ્પ્રત ( શબ્દ ) સમભિરૂઢ અને એવંભૂત એ ચાર નયોનો સમાવેશ થાય છે.

સામાન્ય અને વિશેષાદિ અનેક ધર્મને જૂદા જૂદા ગ્રહણ કરનાર નૈગમ નય છે. તેમાં સર્વ પરિક્ષેપી નૈગમનય સામાન્ય ગ્રાહી છે અને દેશપરિક્ષેપી નૈગમનય તે વિશેષગ્રાહી છે.

સામાન્ય માત્રને ગ્રહણ કરનાર સંગ્રહનય છે, તે બે ભેદે છે– પરસંગ્રહ અને અપરસંગ્રહ. જે સમસ્ત વિશેષ તરફ ઉદાસીન રહી, સત્તારૂપ સામાન્યને ગ્રહણ કરે તે પરસંગ્રહ કહેવાય છે અને જે દ્રવ્યત્વાદિ અવાન્તર ( પેટા ભેદમાં રહેલ ) સામાન્યને ગ્રહણ કરે તે અપરસંગ્રહ કહેવાય છે.

સંગ્રહનયે વિષયભૂત કરેલા પદાર્થોનું વિધાન કરીને તેઓનોજ વિભાગ કરનાર જે અધ્યવસાય વિશેષ તે વ્યવહારનય કહેવાય છે, જેમકે જે સત્ છે તે દ્રવ્ય અથવા પર્યાય સ્વરૂપ છે.

દ્રવ્ય છ પ્રકારે છે અને પર્યાય તે બે પ્રકારે છે. ( શબ્દ અને અર્થનો. )

ઋજુસૂત્ર ઋજુવર્તમાન ક્ષણમાં રહેલા પર્યાયમાત્રને મુખ્ય રીતે ગ્રહણ કરે તે ઋજુસૂત્રનય છે. જેમ કે "હમણાં સુખ છે," અહીં ઋજુસૂત્રનય સુખરૂપ વર્તમાન પર્યાયમાત્રને ગ્રહણ કરે છે.

( કાળ, કારક લિંગ, કાળાદિની સંખ્યા અને ઉપસર્ગના ) ભેદથી શબ્દના ભિન્ન અર્થને સ્વીકાર કરનાર શબ્દનય છે, જેમકે મેરૂપર્વત હતો, છે અને હશે; અહીં શબ્દનય અતીત, વર્તમાન અને ભવિષ્ય-કાળના ભેદથી મેરૂપર્વતને પણ ભિન્ન માને છે. પર્યાય શબ્દોમાં વ્યુત્પત્તિના ભેદથી ભિન્ન અર્થને ગ્રહણ કરનાર સમભિરૂઢ નય છે. શબ્દનય તે પર્યાયનો ભેદ છતાં અર્થને અભિન્ન માને છે, પણ સમભિરૂઢ નય તો પર્યાયના ભેદે કરી ભિન્ન અર્થનો સ્વીકાર કરે છે, જેમકે સમૃદ્ધિવાળો હોવાથી ઇન્દ્ર કહેવાય, પુરને વિદારવાથી પુરન્દર કહેવાય.

શબ્દોની પ્રવૃત્તિના કારણભૂત ક્રિયા સહિત અર્થને વાચ્ય તરીકે સ્વીકાર કરનાર એવંભૂત નય છે. જેમકે જલધારણાદિ ચેષ્ટા સહિત ઘટને તે કાળેજ ઘટ તરીકે માને છે. પરન્તુ જે વખતે ખાલી ઘટ પડયો હોય તે વખતે આ નય તેનો ઘટ તરીકે સ્વીકાર કરતો નથી.

આમાંના આદિના ચાર નય (પ્રાધાન્યથી) અર્થનું પ્રતિપાદન કરતા હોવાથી અર્થનય કહેવાય છે. અને છેલ્લા ત્રણ નયનો તો (મુખ્ય રીતે) શબ્દ વાચ્યાર્થ વિષય હોવાથી તે બીજા પ્રકારે પણ નયોના ભેદો છે, જેમ–વિશેષગ્રાહી જે નયો છે તે અર્પિતનયો કહેવાય છે, સામાન્યગ્રાહી જે નયો છે તે અનર્પિત નયો કહેવાય છે.

લોક પ્રસિદ્ધ અર્થને ગ્રહણ કરનાર વ્યવહાર નય કહેવાય છે અને તાત્ત્વિક અર્થને સ્વીકાર કરનાર નિશ્ચયનય કહેવાય છે. જેમકે વ્યવહારનય પાંચ વર્ણનો ભ્રમર છતાં શ્યામ ભ્રમર કહે છે અને તેને નિશ્ચયનય પંચવર્ણનો ભ્રમર માને છે.

જ્ઞાનને મોક્ષ સાધનપણે માનનાર જ્ઞાનનય અને ક્રિયાનો તેવી રીતે સ્વીકાર કરનાર ક્રિયાનય કહેવાય છે.

હવે પ્રસંગ થકી નયાભાસનું સ્વરૂપ બતાવીએ છીએ.

અનન્ત ધર્માત્મક વસ્તુમાં અભિપ્રેત ધર્મને ગ્રહણ કરનાર અને તેથી ઇતર ધર્મોનો તિરસ્કાર કરનાર નયાભાસ કહેવાય છે.

દ્રવ્ય માત્રને ગ્રહણ કરનાર અને પર્યાયનો તિરસ્કાર કરનાર દ્રવ્યાર્થિક નયાભાસ કહેવાય છે અને પર્યાય માત્રને ગ્રહણ કરનાર અને દ્રવ્યનો તિરસ્કાર કરનાર પર્યાયાર્થિક નયાભાસ કહેવાય છે.

ધર્મી અને ધર્મોનો એકાન્ત ભેદ માનનાર નૈગમાભાસ છે, જેમકે નૈયાયિક અને વૈશેષિક દર્શન.

સત્તારૂપ મહા સામાન્યનો સ્વીકાર કરનાર અને સમસ્ત વિશેષનું ખંડન કરનાર સંગ્રહાભાસ છે, જેમકે અદ્વૈતવાદ દર્શન અને સાંખ્ય

દર્શન, અપારમાર્થિક પણ દ્રવ્ય પર્યાયનો વિભાગ કરનાર વ્યવહારાભાસ છે, જેમ ચાર્વાકદર્શન જીવ અને તેના દ્રવ્ય પર્યાયાદિને ચાર ભૂતથી જૂદા માનતો નથી, માત્ર ભૂતથી સત્તાનોજ સ્વીકાર કરે છે, વર્તમાન પર્યાયનો સ્વીકાર કરનાર અને સર્વથા દ્રવ્યનો અપલાપ કરનાર ઋજુસૂત્રાભાસ છે, જેમ બૌદ્ધદર્શન.

કાળાદિના ભેદ વડે વાચ્ય અર્થના ભેદનેજ માનનાર શબ્દાભાસ છે. જેમકે મેરૂપર્વત હતો, છે અને હશે, એ શબ્દો ભિન્ન અર્થનેજ કહે છે.

પર્યાય શબ્દોના ભિન્ન ભિન્ન અર્થનોજ સ્વીકાર કરનાર સમભિરૂઢાભાસ છે, જેમકે ઇન્દ્ર, શક્ર પુરન્દર ઇત્યાદિ શબ્દો જૂદા જૂદા અર્થોવાળા છે એમ જે માને તે સમભિરૂઢાભાસ કહેવાય છે.

ક્રિયારહિત વસ્તુને વાચ્ય નહિ માનનાર એવંભૂતાભાસ છે. જેમ ચેષ્ટા રહિત ઘટ તે ઘટ શબ્દ વાચ્ય નથી.

૧ સામાન્ય વિશેષને જણાવનાર નૈગમ, ૨ સામાન્યને જણાવનાર સંગ્રહ. ૩ વિશેષને જણાવનાર વ્યવહાર. ૪ વર્તમાન કાળને જણાવનાર ઋજુસૂત્ર. ૫ શબ્દને જણાવનાર શબ્દનય ૬ અર્થને જણાવનાર સમભિરૂઢ. ૭ શબ્દ અને અર્થને જણાવનાર એવંભૂતનય છે.

## સમાપ્તઃ પ્રથમોઽધ્યાયઃ

★

## અથ દ્વિતીયોઽધ્યાયઃ

# જીવતત્ત્વ

**ઔપશમિક-ક્ષાયિકૌ ભાવૌ મિશ્રશ્ચ જીવસ્ય સ્વતત્ત્વ-ઔદયિક-પારિણામિકૌ ચ—૨-૧**

ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક ભાવ એ ત્રણ તથા ઔદયિક અને પારિણામિક એ બે મળી પાંચે ભાવો જીવના સ્વતત્ત્વ =પોતાના સ્વભાવો છે એટલે જીવને તે ભાવ હોય છે.

(પારિણામિક અને ઔદયિક ભાવ અજીવને પણ હોય છે. કારણ કે પુદ્ગલોનું પરિણમવું અને કર્મોદયથી શરીર વગેરે થાય છે.)

**દ્વિ-નવાષ્ટાદશૈકવિંશતિ-ત્રિભેદા યથાક્રમમ્—૨-૨**

પૂર્વોક્ત ઔપશમિકાદિ ભાવોના બે, નવ, અઢાર, એકવીશ અને ત્રણ ભેદો અનુક્રમે છે. તે ભાવોના ૫૩ ભેદ અનુક્રમે જણાવે છે.-

**સમ્યક્ત્વ-ચારિત્રે—૨-૩**

પહેલા ઔપશમિક ભાવના સમકિત અને ચારિત્ર એ બે ભેદ છે. એટલે ઔપશમિક સમ્યક્ત્વ અને ઔપશમિક ચારિત્ર.

**જ્ઞાન-દર્શન-દાનલાભ-ભોગોપભોગવીર્યાણિ ચ—૨-૪**

કેવળજ્ઞાન, કેવળદર્શન, (અનંત) દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય તથા સમ્યક્ત્વ અને ચારિત્ર એ નવ ભેદ ક્ષાયિક ભાવના છે.

**જ્ઞાનાજ્ઞાન-દર્શન-દાનાદિલબ્ધયશ્ચતુસ્ત્રિ-ત્રિ-પઞ્ચ-ભેદાઃ સમ્યક્ત્વ-ચારિત્ર-સંયમાસંયમાશ્ચ—૨-૫**

મતિ આદિ ચાર પ્રકારનું જ્ઞાન, ત્રણ પ્રકારે અજ્ઞાન, ચક્ષુદર્શનાદિ ત્રણ પ્રકારે દર્શન અને પાંચ પ્રકારે લબ્ધિ તથા સમકિત, ચારિત્ર

અને સંયમાસંયમ (દેશવિરતિપણું) એ અઢાર ભેદ ક્ષાયોપશમિક ભાવના છે.

### ગતિ-કષાય-લિંગ-મિથ્યાદર્શના જ્ઞાના-સંયતા-સિદ્ધત્વ લેશ્યાશ્ચતુશ્ચતુસ્ત્ર્યેકૈકૈકૈક-ષડ્ભેદા:—૨-૬

નરકાદિ ચાર ગતિ, ક્રોધાદિ ચાર કષાય, સ્ત્રીવેદાદિ ત્રણ લિંગ, મિથ્યાદર્શન, અજ્ઞાન, અસંયતત્વ, અસિદ્ધત્વ અને કૃષ્ણાદિ છ લેશ્યા મળીને ૨૧ ભેદ ઔદયિક ભાવના થાય છે.

### જીવ-ભવ્યાભવ્યત્વાદીનિ ચ—૨-૭

જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ આદિ ભેદો જીવને અનાદિ પારિણામિક ભાવના થાય છે. આદિ શબ્દથી અસ્તિત્વ અન્યત્વ, કર્તૃત્વ, ભોક્તૃત્વ, ગુણવત્ત્વ, અસર્વગતત્વ, અનાદિકર્મબંધત્વ, પ્રદેશત્વ. અરૂપત્વ, નિત્યત્વ એ વિગેરે ભેદોનું ગ્રહણ કરવું.

## જીવનું લક્ષણ.

### ઉપયોગો લક્ષણમ્—૨-૮

ઉપયોગ એ જીવનું લક્ષણ છે.

### સ દ્વિવિધો-ઽષ્ટ-ચતુર્ભેદ:—૨-૯

તે ઉપયોગ બે પ્રકારે છે. તે વળી અનુક્રમે ૧ સાકારજ્ઞાન (૫ જ્ઞાન, ૩ અજ્ઞાન) આઠ પ્રકારે છે અને ૨ અનાકાર દર્શન (ચક્ષુ આદિ ચાર પ્રકારે છે.)

## જીવના ભેદો.

### સંસારિણો-મુક્તાશ્ચ—૨-૧૦

સંસારી અને મુક્ત (મોક્ષના) એ બે ભેદે જીવો છે. વળી બીજી રીતે જીવના ભેદો કહે છે—

**સમનસ્કામનસ્કાઃ—૨-૧૧**

મનસહિત ( સંજ્ઞી ) અને મન રહિત ( અસંજ્ઞી ) એ ભેદ જીવના થાય છે.

**સંસારિણસ્ત્રસ-સ્થાવરાઃ—૨—૧૨**

ત્રણ અને સ્થાવર એ બે ભેદે સંસારી જીવો છે.

**પૃથિવ્યબ્-વનસ્પતયઃ સ્થાવરાઃ ૨-૧૩**

પૃથ્વીકાય, અપ્કાય, અને વનસ્પતિકાય એ સ્થાવર છે,

**તેજો-વાયુ દ્વીન્દ્રિયાદયશ્ચ ત્રસાઃ—૨-૧૪**

તેઉકાય, વાઉકાય એ બે અને બેઇંદ્રિય-તેઇંદ્રિય ચઉરિંદ્રિય તથા પંચેંદ્રિય એ ત્રસ જીવો છે.

તેઉકાય તથા વાઉકાય સ્વતંત્ર ગતિવાળા હોવાથી ગતિત્રસ કહેવાય છે અને દ્વીંદ્રિય વિગેરે સુખ દુઃખની ઇચ્છાથી ગતિવાળા હોવાથી તેઓ લબ્ધિત્રસ કહેવાય છે.

ઇંદ્રિયોને જણાવે છેઃ-

**પઞ્ચેન્દ્રિયાણિ—૨-૧૫**

સ્પર્શનાદિ ઇન્દ્રિયો પાંચ છે.

ઇંદ્ર એટલે અત્મા તેનું ચિન્હ તે ઇંદ્રિય અથવા જીવની આજ્ઞાને આધીન, જીવે દેખેલ. જીવે રચેલ, જીવે સેવેલ તે ઇંદ્રિય જાણવી.

**દ્વિવિધાનિ—૨-૧૬**

તે બે પ્રકારે છે.

**નિર્વૃત્ત્યુપકરણે દ્રવ્યેન્દ્રિયમ્—૨-૧૭**

નિર્વૃત્તિ ( આકાર ) ઇંદ્રિય અને ઉપકરણ ( ધારની માફક સાધનપણું ) ઇંદ્રિય એ બે ભેદે દ્રવ્યેંદ્રિય છે.

અંગોપાંગ નામકર્મના ઉદયથી ઇંદ્રિયોના અવયવ થાય છે અને નિર્માણ નામકર્મના ઉદયથી શરીરના પ્રદેશોની રચના થાય છે. દ્રવ્યેન્દ્રિયોની રચના અંગોપાંગ તથા નિર્માણ નામકર્મને આધીન છે.

અંગોપાંગ અને નિર્માણ નામકર્મના ઉદયથી વિશિષ્ટ જે ઇન્દ્રિયનો આકાર તેને નિર્વૃત્તિ ઇન્દ્રિય કહે છે. તેના બાહ્ય અને અભ્યંતર એ બે ભેદ છે. બાહ્ય નિર્વૃત્તિ જાતિભેદથી અનેક પ્રકારની છે, જેમકે મનુષ્યના કાન ભ્રૂ સરખાં નેત્રની બન્ને બાજુએ છે અને અશ્વના કાન તેમના ઉપરના ભાગમાં તીક્ષ્ણ અગ્રભાગવાળા છે. અભ્યન્તર નિર્વૃત્તિમાં સ્પર્શનેન્દ્રિય નાના આકારવાળી છે. રસનેન્દ્રિય. ખુરપા ( અસ્ત્રા ) ના આકારે છે. ઘ્રાણેન્દ્રિય અતિમુક્તક (ગુલછડી) પુષ્પના આકારે છે. ચક્ષુરિંદ્રિય મસુર અને ચંદ્રને આકારે છે. શ્રોત્રેન્દ્રિય કદંબ પુષ્પને આકારે છે. આદિથી સ્પર્શનેન્દ્રિય અને મન સ્વકાય પ્રમાણ છે અને બાકીની ઇન્દ્રિયો અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણવાળી છે. અને સ્વવિષય ગ્રહણ કરવાની શક્તિ સ્વરૂપ ઉપકરણેન્દ્રિય છે.

**લબ્ધ્યુપયોગૌ ભાવેન્દ્રિયમ્—૨-૧૮**

લબ્ધિ=ક્ષયોપશમ અને ઉપયોગ–સાવધાનતા એ બે ભેદે ભાવેન્દ્રિય છે.

ગતિ અને જાત્યાદિ કર્મોથી અને ગતિ જાત્યાદિને આવરણ કરવાવાળાં કર્મના ક્ષયોપશમથી અને ઇન્દ્રિયના આશ્રયભૂત કર્મોના ઉદયથી જીવને જે શક્તિ ઉત્પન્ન થાય તે લબ્ધિ કહેવાય છે.

મતિજ્ઞાનાવરણ અને દર્શનાવરણ કર્મના ક્ષયોપશમથી થયેલ જે જ્ઞાનનો સદ્ભાવ તે લબ્ધીન્દ્રિય કહેવાય છે, અને સ્વવિષયમાં જે જ્ઞાનનો વ્યાપાર તેને ઉપયોગેન્દ્રિય કહે છે. જ્યારે લબ્ધીન્દ્રિય હોય છે ત્યારે નિર્વૃત્તિ, ઉપકરણ અને ઉપયોગ હોય છે. અને નિર્વૃત્તીન્દ્રિય હોય છે ત્યારે ઉપકરણ અને ઉપયોગ હોય છે. કારણ કે ઉપકરણનો આશ્રય

નિર્વૃત્તિ છે. અને ઉપયોગ ઉપકરણેન્દ્રિય દ્વારાજ હોય છે. નિર્વૃત્તિ આદિ એકના અભાવે વિષયનું જ્ઞાન થતું નથી.

**ઉપયોગ: સ્પર્શાદિષુ—૨-૧૯**

સ્પર્શાદિ ( સ્પર્શ, રસ, ગંધ, ચક્ષુ અને શ્રવણ સાંભળવું ) ને વિષે ઉપયોગ થાય છે.

**સ્પર્શન-રસન-ઘ્રાણ ચક્ષુ:-શ્રોત્રાણિ—૨-૨૦**

સ્પર્શનેંદ્રિય ( ચામડી ). રસનેંદ્રિય ( જીભ ) ઘ્રાણેંદ્રિય ( નાસિકા ), ચક્ષુરિંદ્રિય ( નેત્ર ) અને શ્રોત્રેંદ્રિય ( કાન ) એ પાંચ ઇંદ્રિયો જાણવી.

**સ્પર્શ-રસ ગન્ધ-વર્ણ-શબ્દાસ્તેષામર્થા:—૨-૨૧**

સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ એ તેઓના ( ઇન્દ્રિયોના ) અર્થ ( વિષય ) છે.

**શ્રુતમનિન્દ્રિયસ્ય—૨-૨૨**

શ્રુતજ્ઞાન એ અનિંદ્રિય અર્થાત્ મનનો વિષય છે.

**વાય્વન્તાનામેકમ્—૨-૨૩**

પૃથ્વીકાયથી માંડીને વાઉકાય સુધીના જીવોને એક ઇંદ્રિય છે.

**કૃમિ-પિપીલિકા-ભ્રમર-મનુષ્યાદીના-મેકૈક-વૃદ્ધાનિ-૨-૨૪**

કૃમિ આદિ, કીડી આદિ, ભ્રમર આદિ અને મનુષ્ય આદિને પહેલા કરતાં એક એક ઇંદ્રિય વધારે છે, એટલે બે, ત્રણ, ચાર અને પાંચ ઇન્દ્રિયો અનુક્રમે છે.

**સંજ્ઞિન: સમનસ્કા:—૨-૨૫**

સંજ્ઞિ જીવો મનવાળા છે. ઊહાપોહ-સહિત, ગુણ દોષના વિચારાત્મક, સંપ્રધારણ સંજ્ઞાવાળા જીવો તે સંજ્ઞિ જાણવા.

**વિગ્રહગતૌ કર્મયોગ:—૨-૨૬**

વિગ્રહ ગતિમાં કાર્મણ કાયયોગ હોય છે.

**અનુશ્રેણિ ગતિઃ—૨–૨૭**

જીવ અને પુદ્ગલોની ગતિ આકાશપ્રદેશની શ્રેણી પ્રમાણે થાય છે અર્થાત્ વિશ્રેણી પ્રમાણે ગતિ થતી નથી.

**અવિગ્રહા જીવસ્ય—૨–૨૮**

જીવની (સિદ્ધિમાં જતાં) અવિગ્રહ ગતિ (ઋજુગતિ) હોય છે.

**વિગ્રહવતી ચ સંસારિણઃ પ્રાક્ ચતુર્ભ્યઃ—૨–૨૯**

સંસારી જીવોને ચાર સમયની પૂર્વે એટલે ત્રણ સમયની વિગ્રહ-વાળી ગતિ થાય છે. અર્થાત્ અવિગ્રહ (ઋજુ) અને વિગ્રહ (વક્ર) એવી બે ગતિ થાય છે.

સંસારી જીવોને જાત્યંતર (એક સ્થળેથી બીજે સ્થળે ઉત્પન્ન થવા) ને વિષે ઉપપાત ક્ષેત્રની વક્રતાને લીધે વિગ્રહ ગતિ હોય છે. ઋજુગતિ, એક સમયની વિગ્રહ, બે સમયની વિગ્રહ અને ત્રણ સમયની વિગ્રહ એમ ચાર પ્રકારની ગતિ થાય છે. પ્રતિઘાતનો અને વિગ્રહના નિમિત્તનો અભાવ હોવાથી તે કરતાં વધારે સમયની વિગ્રહ ગતિ થતી નથી. પુદ્ગલોની ગતિ પણ એ પ્રમાણે જાણવી.

**એકસમયોઽવિગ્રહઃ—૨–૩૦**

અવિગ્રહ–ઋજુગતિ એક સમયની હોય છે.

**એકં દ્વૌ વાઽનાહારકઃ—૨–૩૧**

વિગ્રહગતિમાં એક અથવા બે સમય અણાહારી હોય છે. (વા કહેવાથી ક્વચિત્ ચાર વિગ્રહમાં ત્રણ સમય પણ થાય છે).

**સમ્મૂર્છન–ગર્ભોપપાતા જન્મ—૨–૩૨**

સંમૂર્છન, ગર્ભ અને ઉપપાત એ ત્રણ પ્રકારે જન્મ થાય છે.

**સચિત્ત–શીત–સંવૃત્તાઃ સેતરા મિશ્રાશ્ચૈકશસ્તદ્યોનયઃ—૨–૩૩**

ત્રણ પ્રકારના જન્મવાળા જીવોની ૧ સચિત્ત, ૨ શીત અને ૩ સંવૃત (ઢાંકેલી–ગુપ્ત) એ ત્રણ પ્રકારની તેમજ તેના ત્રણ પ્રતિપક્ષી (અચિત્ત, ઉષ્ણ અને વિવૃત–પ્રગટ) અને મિશ્ર એટલે સચિત્ત અચિત્ત, શીતોષ્ણ, સંવૃતવિવૃત ભેદવાળી યોનિઓ હોય છે. અર્થાત્ એ રીતે નવ પ્રકારની યોનિઓ છે.

નવ પ્રકારની યોનિમાંથી દેવ નારકીની અચિત્ત, ગર્ભજ મનુષ્ય તિર્યંચની મિશ્ર, બાકીનાની ૩ પ્રકારે સચિત્ત, અચિત્ત, મિશ્ર. ગર્ભજ મનુષ્ય–તિર્યંચ અને દેવોની શીતોષ્ણ, તેઉ કાયની ઉષ્ણ, બાકીનાની ૩ પ્રકારે શીત–ઉષ્ણ–શીતોષ્ણ, નારકી દેવ અને એકેંદ્રિયની સંવૃત, ગર્ભજની મિશ્ર, (સંવૃત–વિવૃત) બાકીનાની વિવૃત યોનિ હોય છે.

**જરાય્વણ્ડ–પોતજાનાં ગર્ભ:—૨–૩૪**

જરાયુજ (ઓરવાળા) અંડજ (ઈંડામાંથી થનાર) અને પોતજ (લુગડાની પેઠે સાફ ઉત્પન્ન થનાર) એ ત્રણનો જન્મ ગર્ભથી થાય છે.—૧ મનુષ્ય, ગાય વગેરે જરાયુજ, ૨ સર્પ, ચંદનઘો, કાચબો, પક્ષી વગેરે અંડજ અને ૩ હાથી, સસલો, નોળીયો વગેરે પોતજ.

**નારક–દેવાનામુપપાત:—૨–૩૫**

નારકી અને દેવતાઓનો ઉપપાત જન્મ છે. ૧ નારકની ઉત્પત્તિ કુંભી અને ગોખલામાં જાણવી; ૨ દેવની ઉત્પત્તિ દેવશય્યામાં જાણવી.

**શેષાણાં સમ્મૂર્છનમ્—૨–૩૬**

બાકી રહેલા જીવોનો જન્મ સંમૂર્છન છે. માતપિતાના સંયોગ વિના માટી, પાણી, મલિન પદાર્થો વગેરેમાં સ્વયમેવ ઉપજે તે સંમૂર્છન.

**ઔદારિક–વૈક્રિયાહારક–તૈજસ–કાર્મણાનિ શરીરાણિ—૨–૩૭**

ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ એ પાંચ પ્રકારનાં શરીરો છે.

**પરં પરં સૂક્ષ્મમ્—૨-૩૮**

તે શરીરોમાં એક એકથી આગળ આગળનું સૂક્ષ્મ છે.

**પ્રદેશતોઽસંખ્યેયગુણં પ્રાક્ તૈજસાત્—૨-૩૯**

તૈજસ શરીરની પૂર્વનાં ત્રણ શરીરો પ્રદેશ વડે એક એકથી અસંખ્યાતગુણા છે.

**અનન્તગુણે પરે—૨-૪૦**

તૈજસ અને કાર્મણ પૂર્વપૂર્વથી અનંત અનંત ગુણા પ્રદેશ વડે છે.

( ઔદારિકથી વૈક્રિયના પ્રદેશ અસંખ્યાત ગુણા, વૈક્રિયથી આહારકના પ્રદેશ અસંખ્યાતગુણા, આહારકથી તૈજસના પ્રદેશ અનંતગુણા છે અને તૈજસથી કાર્મણના પ્રદેશ અનંતગુણા છે.)

**અપ્રતિઘાતે—૨-૪૧**

એ બે પ્રતિઘાત (બાધા) રહિત છે, અર્થાત લોકાંત સુધી જતાં આવતાં કોઇ પદાર્થ તેને રોકી શકતું નથી.

**અનાદિ સમ્બન્ધે ચ—૨-૪૨**

વળી તે બને શરીરો જીવને અનાદિ કાળથી સંબંધવાળાં છે.

એક આચાર્ય એમ કહે છે કે કાર્મણ શરીરજ અનાદિ સંબંધવાળું છે. તૈજસ શરીર તો લબ્ધિની અપેક્ષાએ છે. તે લબ્ધિ બધાને હોતી નથી. ક્રોધ વડે શાપ દેવાને અને પ્રસાદ વડે આશીર્વાદ દેવાને માટે સૂર્ય અને ચંદ્રની પ્રભા તુલ્ય તૈજસ શરીર છે.

**સર્વસ્ય—૨-૪૩**

એ બે શરીરો સર્વ સંસારી જીવોને હોય છે.

**તદાદીનિ ભાજ્યાનિ યુગપદેકસ્યા-ऽऽચતુર્ભ્યઃ—૨-૪૪**

તે બે શરીરને આદિ લઇને ચાર સુધીનાં શરીરો એકી સાથે એક જીવને હોઇ શકે છે.

અર્થાત્ કોઈને તૈજસ, કાર્મણ; કોઇને તૈજસ, કાર્મણ અને ઔદારિક; કોઈને તૈજસ, કાર્મણ અને વૈક્રિય; કોઈને તૈજસ, કાર્મણ, ઔદારિક, આહારક હોય; એક સાથે પાંચ ન હોય, કેમકે આહારક ને વૈક્રિય એક સાથે હોય નહિ.

**નિરુપભોગમન્ત્યમ્—૨-૪૫**

અન્ત્યનું જે ( કાર્મણ ) શરીર તે ઉપભોગ રહિત છે. તેનાથી સુખ દુઃખ ભોગવાતું નથી; કર્મબંધ અને નિર્જરા પણ તે શરીર વડે થતાં નથી. બાકીનાં ઉપભોગ સહિત છે.

**ગર્ભ—સમ્મૂર્છનજમાદ્યમ્—૨-૪૬**

પહેલું ( ઔદારિક ) શરીર ગર્ભજ અને સંમૂર્છનથી થાય છે.

**વૈક્રિયમૌપપાતિકમ્—૨-૪૭**

વૈક્રિય શરીર ઉપપાત જન્મવાળા ( દેવ નારકી ) ને હોય છે.

**લબ્ધિ-પ્રત્યયં ચ ૨-૪૮**

તિર્યંચ અને મનુષ્યને લબ્ધિ પ્રત્યયિક પણ વૈક્રિય શરીર હોય છે.

**શુભં વિશુદ્ધમવ્યાઘાતિ ચાહારકં ચતુર્દશ-પૂર્વધરસ્યૈવ ૨-૪૯**

શુભ, વિશુદ્ધ, અવ્યાઘાતી ( વ્યાઘાત રહિત ) અને લબ્ધિ પ્રત્યયિક એવું આહારક શરીર ચૌદ પૂર્વધરોને જ હોય છે.

શુભ ( સારા ) પુદ્ગલ દ્રવ્ય વડે નિષ્પન્ન અને શુભ પરિણામવાળું માટે શુભ કહ્યું. વિશુદ્ધ ( નિર્મળ ) દ્રવ્યવડે નિષ્પન્ન અને નિરવદ્ય માટે શુદ્ધ કહ્યું. કોઇક અર્થમાં અત્યંત સૂક્ષ્મ સંદેહ થયો હોય એવા

પૂર્વધરો અર્થનો નિશ્ચય કરવાને માટે મહાવિદેહાદિ બીજા ક્ષેત્રમાં વિરાજમાન ભગવંત પાસે ઔદારિક શરીરે જવાનું અશક્ય હોવાથી ઉત્કૃષ્ટ ૧ હાથ અને જઘન્યથી ૧ હાથમાં ૪ આંગળ ઓછું આહારક શરીર કરીને જાય; જઈને ભગવંતના દર્શન કરી સંદેહ દૂર કરીને પાછા આવીને તેનો ત્યાગ કરે. અંતર્મુહૂર્ત લગી આ શરીર રહે છે.

સ્થૂલ પુદ્ગલોનું બનેલું, ઉત્પન્ન થયા પછી તરતજ સમયે સમયે વધે, ઘટે, પરિણમે એવું, ગ્રહણ, છેદન, ભેદન અને દહન થઇ શકે એવું ઔદારિક શરીર છે, નાનાનું મોટું-મોટાનું નાનું, એકનું અનેક-અનેકનું એક, દશ્યનું અદશ્ય-અદશ્યનું દશ્ય, ભૂચરનું ખેચર-ખેચરનું ભૂચર, પ્રતિઘાતીનું અપ્રતિઘાતી-અપ્રતિઘાતીનું પ્રતિઘાતી ઇત્યાદિ રૂપે વિક્રિયા કરે તે વૈક્રિય શરીર. થોડા કાળને માટે જે ગ્રહણ કરાય તે આહારક. તેજનો વિકાર, તેજમય, તેજપૂર્ણ અને શાપ કે અનુગ્રહના પ્રયોજનવાળું તે તૈજસ, કર્મનો વિકાર, કર્મસ્વરૂપ, કર્મમય અને પોતાનું તથા બીજા શરીરનું આદિ કારણભૂત તે કાર્મણ. કારણ, વિષય, સ્વામી, પ્રયોજન, પ્રમાણ, પ્રદેશ-સંખ્યા, અવગાહના, સ્થિતિ અને અલ્પબહુત્વ એ નવ વડે કરીને ઉપરોક્ત પાંચ શરીરોમાં ભિન્નતા છે.

## નારક-સમ્મૂર્છિનો નપુંસકાનિ – ૨-૫૦

નારકી અને સંમૂર્છન જીવો ( એકેંદ્રિય વિકલેંદ્રિય અસંજ્ઞી તિર્યંચ અને અસંજ્ઞી મનુષ્ય ) નપુંસક વેદવાળા જ હોય છે.

અશુભગતિ હોવાથી અહીં આ એક જ વેદ હોય છે.

**ન દેવાઃ ૨-૫૦**

દેવતાઓ નપુંસક હોતા નથી. અર્થાત્ સ્ત્રી (વેદ) અને પુરૂષ ( વેદ ) હોય છે. બાકીના ( ગર્ભજ મનુષ્ય ને તિર્યંચ ) ત્રણ વેદવાળા હોય છે.

**ઔપપાતિક–ચરમદેહોત્તમપુરૂષા–સંખ્યેયવર્ષાયુષો–ઽનપવર્ત્યાયુષઃ ૨–૫૨**

ઉપપાત જન્મવાળા [ દેવ અને નારકો, ] ચરમ શરીરી ( તદ્ભવ મોક્ષગામી ), ઉત્તમ પુરુષ ( તીર્થંકર ચક્રવર્ત્યાદિ શલાકા પુરુષ ), અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચ ( યુગલિક ) એ સર્વ અનપવર્ત્તન ( ઉપક્રમ લાગી ઘટે નહિ તેવા ) આયુષ્યવાળા હોય છે.

દેવતા અને નારકી ઉપપાત જન્મવાળા છે. અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યો અને તિર્યંચો દેવકુરૂ, ઉત્તરકુરૂ, અંતદ્વીપ વિગેરે અકર્મભૂમિમાં અવસર્પિણીના પહેલા ત્રણ આરામાં અને ઉત્સર્પિણીના છેલ્લા ત્રણ આરામાં ઉપજે છે. અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચો અઢીદ્વીપમાં અને બહારના દ્વીપ સમુદ્રમાં ઉપજે છે. ઉપપાત જન્મ અને અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા નિરૂપક્રમી છે. ચરમ દેહવાળા સોપક્રમી અને નિરૂપક્રમી છે. આ ચરમ દેહવાળાને ઉપક્રમ લાગે છે, પણ તેનું આયુષ્ય ઘટતું નથી બાકીના એટલે–ઔપપાતિક, અસંખ્યેય વર્ષવાળા, ઉત્તમ પુરુષ અને ચરમ દેહવાળા સિવાયના તિર્યંચ અને મનુષ્યો સોપક્રમી અને નિરૂપક્રમી છે. જે અપવર્તન આયુષ્યવાળા છે તેનું આયુષ્ય વિષ, શસ્ત્ર. અગ્નિ, કાંટા, જળ, શૂળી વિગેરેથી ઘટે છે. અપવર્તન થાય એટલે થોડા કાળમાં યાવત્ અંતર્મુહૂર્ત કાળમાં કર્મફળનો અનુભવ થાય છે. ઉપક્રમ તે અપવર્તનનું નિમિત્ત (કારણ) છે.

જેમ છૂટાં વેરેલાં ઘાસનાં તરણાં અનુક્રમે બાળવાથી વધારે વખત લાગે અને એકત્ર કરી સળગાવે તો તરત સળગી જાય. અથવા ભીનું લુગડું ભેગું રાખ્યાથી ઘણીવારે સૂકાય અને પહોળું કરે તો તરત સૂકાય તેની પેઠે ઘણે વખતે આયુષ્ય ભોગવવાનું હતું તે ક્ષણવારમાં ભોગવી પુરૂં કરે છે, પણ ભોગવવાનું બાકી રહેતું નથી.

અનપવર્તનીય — ૧ સોપક્રમી. ૨ નિરૂપક્રમી.

અપવર્તનીય — સોપક્રમી.

## સમાપ્તઃ દ્વિતીયોઽધ્યાયઃ

## ॥ અથ તૃતીયોઽધ્યાયઃ ॥

# નરકાધિકારઃ

**રત્ન–શર્કરા–વાલુકા–પંક–ધૂમ–તમો–મહાતમઃ પ્રભા ભૂમયો ઘનામ્બુ–વાતાકાશ–પ્રતિષ્ઠાઃ સપ્તાધોઽધઃ પૃથુતરાઃ —૩-૧**

૧ રત્નપ્રભા, ૨ શર્કરાપ્રભા, ૩ વાલુકાપ્રભા, ૪ પંકપ્રભા, ૫ ધૂમપ્રભા, ૬ તમઃપ્રભા અને, ૭ મહાતમઃ પ્રભા એ સાત (નરક) પૃથ્વીઓ નીચે નીચે ઘનોદધિ (થીજા ઘી સદૃશ પાણી), ઘનવાત ( થીજા ઘી સદૃશ વાયુ ) તનવાત ( તાવ્યા ઘી સદૃશ વાયુ ) અને આકાશ ઉપર પ્રતિષ્ઠિત [ રહેલી ] છે. એ સાત એક એકની નીચે અનુક્રમે અધિકતર વિસ્તારવાળી છે.

ધર્મા, વંશા, શૈલા, અંજના, રિષ્ટા મઘા અને માઘવતી એવાં સાત નામ તે નરક પૃથ્વીનાં છે. પહેલીની જાડાઈ એક લાખ એંશી હજાર, બીજીની એક લાખ બત્રીશ હજાર, ત્રીજીની એક લાખ અઠ્ઠાવીશ હજાર, ચોથીની એક લાખ વીશ હજાર, પાંચમીની એક લાખ અઢાર હજાર, છઠ્ઠીની એક લાખ સોળ હજાર અને સાતમીની એક લાખ આઠ હજાર યોજનની છે.

**તાસુ નરકાઃ—૩-૨**

તે સાત પૃથ્વીને વિષે નરકના જીવો રહે છે.

રત્નપ્રભા આદિ પૃથ્વીઓને વિષે એક હજાર યોજન ઉંચે અને એક હજાર યોજન નીચે મૂકી દઈને બાકીના ભાગમાં નરકાવાસા છે. ત્યાં

છેદન, ભેદન, ઘાતન ઈત્યાદિ અનેક દુઃખો નારક જીવોને ભોગવવાં પડે છે. તે રત્નપ્રભા આદિમાં અનુક્રમે ૧૩-૧૧-૯-૭-૫-૩ અને ૧ એમ સર્વ મળીને ૪૯ પ્રતરો છે, અને ત્રીસ લાખ, પચ્ચીસ લાખ, પંદર લાખ, દસ લાખ, ત્રણ લાખ પાંચ ઓછા એક લાખ અને પાંચ એમ સર્વ મળીને ૮૪ લાખ નરકાવાસા છે. ઉપરના પ્રથમ પ્રતરનું નામ સીમંતક છે અને છેલ્લાનું નામ અપ્રતિષ્ઠાન છે.

## નિત્યાશુભતરલેશ્યા-પરિણામ-દેહ વેદના-વિક્રિયાઃ—૩-૩

એ સાત પૃથ્વીમાં નીચે નીચે અધિક અધિક અશુભતર-લેશ્યા -પરિણામ-શરીર-વેદના અને વિક્રિયા (વૈક્રિયપણું) નિરંતર હોય છે. અર્થાત્ એક ક્ષણમાત્ર પણ શુભ લેશ્યા આદિ થતું નથી.

પહેલી બે નારકીમાં કાપોત, ત્રીજામાં કાપોત તથા નીલ, ચોથીમાં નીલ, પાંચમીમાં નીલ તથા કૃષ્ણ, અને છઠ્ઠી સાતમીમાં કૃષ્ણ લેશ્યા હોય છે. આ લેશ્યાઓ અનુક્રમે નીચેની નારકીમાં અધિક અધિક સંક્લિષ્ટ અધ્યવસાયવાળી હોય છે. બંધન, ગતિ, (ઉંટ ગધેડા જેવી) હુંડક સંસ્થાન, ભેદ, વર્ણ ગંધ, રસ, સ્પર્શ, અગુરૂલઘુ અને શબ્દ એ દશ પ્રકારના અશુભ પુદ્ગલોનો અનુક્રમે અધિક અશુભતર પરિણામ નરક પૃથ્વીને વિષે હોય છે. ચોતરફ નિત્ય અંધકારમય અને શ્લેષ્મ, મૂત્ર, લોહી, પરૂ ઇત્યાદિ અશુચિ પદાર્થોથી લેપાયેલા તે નરકભૂમિઓ છે. પીંછાં ખેંચી લીધેલા પક્ષી જેવા ક્રૂર, કરૂણ, બિભત્સ અને દેખીતાં ભયંકર આકૃતિવાળાં, દુઃખી અને અપવિત્ર શરીરો નારક જીવોને હોય છે. પહેલી નારકીમાં નારક જીવોનું શરીર ૭ાા ધનુષ્ય અને છ આંગળનું છે, તે પછીનાનું અનુક્રમે બમણું જાણવું. ત્રણ નારકીમાં ઉષ્ણ વેદના, ચોથીમાં ઉષ્ણ અને શીત, પાંચમીમાં શીત અને ઉષ્ણ અને છઠ્ઠી સાતમીમાં શીત વેદના જાણવી. એકેકથી અધિકતર-તીવ્રતર વેદના સમજવી. ઉનાળાનો પ્રચંડ તાપ પડતો હોય ત્યારે મધ્યાહ્નકાળે ચારે

બાજુ મોટા જાજવલ્યમાન અગ્નિનો ભડકો કરીને, વચ્ચે પિત્તના વ્યાધિવાળા મનુષ્યને બેસાર્યો હોય તેને અગ્નિનું જેવું દુઃખ લાગે, તેના કરતાં નારકોને અનંતગણું દુઃખ ઉષ્ણુ વેદનાનું હોય છે. પોષ અને મહા માસની ઠંડીમાં રાત્રે ઝાકળ પડતું હોય અને ઠંડો પવન ફૂંકાતો હોય તે વખતે અગ્નિ અને વસ્ત્રની સહાય વિનાના મનુષ્યને જેવું ટાઢનું દુઃખ થાય, તેના કરતાં નરકોને અનંતગણું દુઃખ શીત વેદનાનું થાય છે. એ ઉષ્ણુ વેદનાવાળા નારકોને ત્યાંથી ઉપાડી અહીં અત્યંત મોટા અગ્નિના ભડકામાં નાંખ્યા હોય તો તે શીતળ છાયામાં સૂતા હોય તેવી રીતે આનંદપૂર્વક નિદ્રા લે અને શીત વેદનાવાળા નારકને ત્યાંથી ઉપાડી માઘ માસની રાત્રિએ ઝાકળમાં મૂકે, તો તે પણ અત્યંત આનંદથી નિદ્રા લે એવું નારક જીવોને દારૂણુ દુઃખ છે. તેઓને વિક્રિયા પણ અશુભતર છે. સારૂં કરીશ એવી ઈચ્છા કરતાં છતાં અશુભ વિક્રિયા થાય અને દુઃખગ્રસ્ત થઈ દુઃખનો પ્રતિકાર (ઉપાય) કરવા ચાહે ત્યારે ઉલટું મહાન્ દુઃખ ઉત્પન્ન થાય.

## પરસ્પરોદીરિત-દુઃખાઃ—૩-૪

એ નરકને વિષે જીવોને પરસ્પર ઉદીરણા કરેલ દુઃખો હોય છે, અર્થાત્ એ જીવો અન્યોઅન્ય એક બીજાને દુઃખ આપે છે.

તેઓને અવધિજ્ઞાન કે વિભંગજ્ઞાન હોવાથી તે સર્વ દિશાથી આવતા દુઃખહેતુઓને જોઈ શકે છે. અતિ વૈરવાળા જીવોની પેઠે તેઓ માંહોમાંહે લડે છે અને દુઃખી થાય છે.

## સંક્લિષ્ટાસુરોદીરિત-દુઃખાશ્ચ પ્રાક્ ચતુર્થ્યાઃ—૩-૫

સંક્લિષ્ટ પરિણામી અસુરો (પરમાધામી) એ ઉત્પન્ન કરેલ દુઃખો ચોથી નરકથી અગાઉ એટલે ત્રીજી નરક સુધી હોય છે.

નારક જીવોને વેદના કરનારા પંદર જાતના પરમાધામી દેવો ભવ્ય છતાં મિથ્યાદૃષ્ટિ હોય છે, પૂર્વ જન્મમાં સંક્લિષ્ટ કર્મના યોગે

આસુરી ગતિને પામેલા હોવાથી, તેનો તેવા પ્રકારનો આચાર હોવાથી નારકોને અનેક જાતનાં દુઃખો ઉત્પન્ન કરે છે.

## તેષ્વેક-ત્રિ-સપ્ત-દશ-સપ્તદશ-દ્વાવિંશતિ ત્રયસ્ત્રિંશત્-સાગરોપમા સત્ત્વાનાં પરા સ્થિતિઃ—૩-૬

તે નરકોમાં જીવોની ઉત્કૃષ્ટ સ્થિતિ અનુક્રમે એક, ત્રણ, સાત, દશ, સત્તર, બાવીશ અને તેત્રીશ સાગરોપમની હોય છે.

પહેલી નરકના જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક સાગરોપમનું, બીજીનું ત્રણ સાગરોપમ, ત્રીજીનું સાત સાગરોપમ, ચોથીનું દશ સાગરોપમ, પાંચમીનું સત્તર સાગરોપમ, છઠ્ઠીનું બાવીશ સાગરોપમ અને સાતમીનું તેત્રીશ સાગરોપમ જાણવું.

અસંજ્ઞિ પહેલી નારકીમાં ઉપજે; ભુજપરિસર્પ બે નારકીમાં, પક્ષીઓ ત્રણમાં, સિંહો ચારમાં, ઉરઃ-પરિસર્પ પાંચમાં, સ્ત્રીઓ છમાં, મત્સ્યો અને મનુષ્યો સાત નારકીમાં ઉત્પન્ન થાય છે, નારકીમાંથી નીકળીને તિર્યંચ કે મનુષ્યમાં ઉત્પન્ન થાય; પહેલી ત્રણ નરકથકી નીકળેલા કેટલાએક મનુષ્યપણું પામીને તીર્થંકરપણું પણ પામે છે. ચાર નરક ભૂમિથી નીકળેલો જીવ સામાન્ય કેવલી થઈ મોક્ષ પામે, પાંચથકી નીકળેલો ચારિત્ર પામે, છ થકી નીકળેલો દેશવિરતિ ચારિત્ર પામે અને સાત નારકી થકી નીકળેલો સમ્યક્ત્વ પામે.

## જમ્બૂદ્વીપ-લવણાદયઃ શુભનામાનો દ્વીપ-સમુદ્રાઃ—૩-૭

જંબૂદ્વીપ આદિ શુભ નામવાળા દ્વીપો અને લવણ આદિ શુભ નામવાળા સમુદ્રો છે.

## દ્વિર્દ્વિર્વિષ્કમ્ભાઃ પૂર્વ-પૂર્વ-પરિક્ષેપિણો વલયાકૃતયઃ—૩-૮

તે દ્વીપ સમુદ્રો અનુક્રમે બમણા બમણા વિષ્કંભ ( વિસ્તાર ) વાળા અને પૂર્વ પૂર્વના દ્વીપસમુદ્રને ઘેરીને રહેલા વલયાકાર ( ચૂડાને આકારે ગોળ ) છે.

**તન્મધ્યે મેરુ-નાભિ-ર્વૃત્તો યોજન-શતસહસ્ર વિષ્કમ્ભો જમ્બૂદ્વીપઃ—૩-૯**

તે દ્વીપ સમુદ્રોની મધ્યે મેરૂ પર્વત છે નાભિ જેની એવો ગોળાકારે, એક લાખ યોજનના વિસ્તારવાળો જંબૂદ્વીપ છે.

મેરૂપર્વત એક હજાર યોજન ભૂમિમાં અવગાહી રહેલ, ૯૯ હજાર યોજન ઉંચો, મૂળમા દશ હજાર યોજન વિસ્તારવાળો અને ઉપર એક હજાર યોજન વિસ્તારવાળો છે. તેનો એક હજાર યોજનની ઉંચાઈનો પહેલો કાંડ=ભાગ. શુદ્ધ પૃથ્વી, પત્થર, વજ્રરત્ન અને શર્કરા વડે કરીને પ્રાયઃ પૂર્ણ છે. ૬૩ હજાર યોજન ઉંચો બીજો કાંડ રૂપ્ય, સુવર્ણ, અંકરત્ન અને સ્ફટિક રત્નથી પ્રાયઃ પૂર્ણ છે, ૩૬ હજાર યોજન ઉંચો ત્રીજો કાંડ પ્રાયઃ જાંબુનદ (લાલ સુવર્ણ) મય છે અને મેરૂની ચૂલિકા ચાળીશ યોજન ઉંચી, પ્રાયઃ વૈડૂર્ય (નીલ) રત્નમય છે. તે મૂળમાં બાર યોજન, મધ્યે આઠ યોજન અને ઉપર ચાર યોજન વિસ્તારે છે.

**તત્ર ભરત-હૈમવત-હરિ--વિદેહ-રમ્યક્ હૈરણ્યવતૈ રાવત વર્ષાઃ ક્ષેત્રાણિ—૩-૧૦**

તે જંબૂદ્વીપને વિષે ૧ ભરત, ૨ હૈમવત, ૩ હરિવર્ષ, ૪ મહાવિદેહ, ૫ રમ્યક્, ૬ હૈરણ્યવંત અને ૭ ઐરાવત એ સાત વાસક્ષેત્રો છે.

વ્યવહાર નયની અપેક્ષાએ સૂર્યની ગતિ પ્રમાણે દિશાના નિયમથી મેરૂપર્વત સર્વ ક્ષેત્રની ઉત્તર દિશાએ છે. લોકના મધ્યમાં રહેલા આઠ રૂચક પ્રદેશને દિશાનો હેતુ માનીએ તો યથાસંભવ દિશા ગણાય છે.

**તદ્-વિભાજિનઃ પૂર્વાપરાયતા હિમવન્મહાહિમવન્નિષધ-નીલ-રુક્મિ-શિખરિણો વર્ષધર પર્વતાઃ—૩-૧૧**

તે ક્ષેત્રોને જુદા પાડનાર પૂર્વ પશ્ચિમ લાંબા એવા ૧ હિમવાન્, ૨ મહાહિમવાન્, ૩ નિષધ, ૪, નીલવંત, ૫ રુક્મિ અને ૬ શિખરી એ છ વર્ષધર (ક્ષેત્રની મર્યાદા ધારક) પર્વતો છે.

વિષ્કંભ (વિસ્તારના) વર્ગને દશગુણા કરી તેનું મૂળ (વર્ગ મૂળ) કરવાથી વૃત્ત પરિક્ષેપ (પરિધ–પરિધિ– ઘેરાવો) થાય છે.

તે વૃત્ત પરિક્ષેપ (પરિધિ) ને વિષ્કંભના ચોથા ભાગ વડે ગુણવાથી ગણિત (ગણિતપદ–ક્ષેત્રફળ) થાય છે. વિષ્કંભની ઇચ્છિત અવગાહ=ઇષુ (જે ક્ષેત્રની જ્યા='જીવા' કાઢવી હોય તે ક્ષેત્રની છેડા સુધીની મૂળથી માંડીને અવગાહ એટલે જંબૂદ્વીપની દક્ષિણ જગતીથી ક્ષેત્રના ઉત્તર છેડા સુધીની અવગાહ) અને ઊનાવગાહ (જંબૂદ્વીપના આખા વિષ્કંભમાંથી ઇચ્છિત અવગાહ બાદ કરેલ,) તેના ગુણાકારને, ચારે ગુણી, તેનું મૂળ કાઢવાથી જ્યા આવે. જ્યા–જીવા–ધનુઃ– પ્રત્યંચા એ પર્યાય નામ છે.

જીવા અને જંબૂદ્વીપના વિષ્કંભના વર્ગોનો વિશ્લેષ( મોટી રકમમાંથી નાની રકમ બાદ કરવી તે ) કરી તેનું મૂળ આવે, તે વિષ્કંભમાંથી બાદ કરી શેષ રહે તેનું અર્ધ કરવું તે ઇષુ (બાણનું માપ), જાણવું.

ઇષુ (અવગાહના)ના વર્ગને, છ ગુણો કરી, તેમાં જીવાનો વર્ગ ઉમેરી, તેનું મૂળ આવે, ને ધનુઃપૃષ્ઠ (ધનુઃકાષ્ઠ) જીવાના વર્ગના ચોથા ભાગ વડે કરીને યુક્ત જે ઇષુનો વર્ગ, તેને ઇષુ વડે ભાગવાથી વાટલા ક્ષેત્રનો વિષ્કંભ આવે. ઉત્તર ક્ષેત્રના ધનુઃપૃષ્ઠમાંથી દક્ષિણ ક્ષેત્રનું ધનુંઃકાષ્ઠ બાદ કરી શેષ રહે, તેનું અર્ધ કરતાં જે આવે, તે બાહુ (બાહા= પર્વતના છેડાનો વિસ્તાર) જાણવી. ઇષુની સાથે જીવાએ ગુણી, તેના ચાર ભાગ કરી, ચોથા ભાગનો વર્ગ કરી, તેને દશે ગુણી, જે આવે તેનું મૂલ શોધતાં ભરતાદિ ક્ષેત્રનો પ્રતર થાય છે.

આ કરણરૂપ ઉપાય વડે સર્વ ક્ષેત્ર અને પર્વતોની લંબાઈ, પહોળાઈ, જ્યા, ઈષુ, ધનુઃકાષ્ઠ વિગેરેનાં પ્રમાણો જાણી લેવાં.

**દ્વિર્ધાતકીખંડે—૩-૧૨**

તે ક્ષેત્ર તથા પર્વતો ધાતકીખંડમાં બમણા છે.

જેટલા મેરૂ, ક્ષેત્ર અને પર્વતો જંબૂદ્વીપમાં છે. તેથી બમણા ધાતકીખંડમાં ઉત્તર દક્ષિણ લાંબા બે ઈષુકાર પર્વત વડે વહેંચાયેલા છે એટલે પૂર્વ પશ્ચિમના બંને ભાગમાં જંબૂદ્વીપની પેઠે ક્ષેત્ર અને પર્વતની વહેંચણી છે. પર્વતો પૈડાના આરા તુલ્ય અને ક્ષેત્રો આરાના વિવરતુલ્ય આકારે છે. અર્થાત્ પર્વતની પહોળાઈ સર્વત્ર સરખી છે અને ક્ષેત્રની પહોળાઈ અનુક્રમે વધતી છે.

**પુષ્કરાર્ધે ચ—૩-૧૩**

પુષ્કરાર્ધ દ્વીપમાં પણ ક્ષેત્રો તથા પર્વતો ધાતકીખંડની જેટલા છે.

ધાતકીખંડમાં મેરૂ, ઈષુકાર પર્વત, ક્ષેત્ર અને વર્ષધર પર્વતો વગેરે જેટલા અને જેવી રીતે છે તેટલા અને તેવા આકારે અહીં પણ જાણવા.

પુષ્કરાર્ધ દ્વીપને છેડે ઉત્તમ કિલ્લા જેવો સુવર્ણમય માનુષોત્તર પર્વત મનુષ્ય લોકને ઘેરીને ગોળાકારે રહેલો છે. તે ૧૭૨૧ યોજન ઉંચો છે. ૪૩૦$\frac{1}{4}$ યોજન જમીનમાં અવગાહી રહેલ છે, તેનો વિસ્તાર નીચે ૧૦૨૨ યોજનનો, મધ્યે ૭૨૩ યોજનનો અને ટોચે ૪૨૪ યોજનનો છે. સિંહનિષદ્યાકાર એટલે સિંહ બેઠેલો હોય તેવા આકારે આ પર્વત છે. આ કિલ્લારૂપ પર્વતની અંદર આવેલ અઢીદ્વીપ મનુષ્ય ક્ષેત્ર કહેવાય છે, કેમકે મનુષ્યોનાં જન્મ મરણ ત્યાંજ થાય છે, બીજે થતાં નથી.

**પ્રાગ્માનુષોત્તરાન્મનુષ્યાઃ—૩-૧૪**

માનુષોત્તર પર્વતની પૂર્વે (૫૬ અંતર્દ્વીપ અને પાંત્રીશ* વાસક્ષેત્રમાં) મનુષ્યો ઉત્પન્ન થાય છે.

**આર્યા મ્લિશશ્ચ—૩-૧૫**

આર્ય અને મ્લેચ્છ એમ બે પ્રકારના મનુષ્યો હોય છે.

ભરતાદિ ક્ષેત્રમાં ૩૨ હજાર દેશોમાંથી સાડી પચ્ચીસ દેશોમાં આર્યો ઉત્પન્ન થાય છે અને મ્લેચ્છો બીજા દેશોમાં ઉત્પન્ન થાય છે.

**ભરતૈ-રાવત-વિદેહાઃ કર્મભૂમયોઽન્યત્ર દેવકુરૂત્તરકુરુભ્યઃ-૩-૧૬**

દેવકુરુ અને ઉત્તરકુરુને મૂકી દઈને ભરત, ઐરાવત અને મહા-વિદેહ એ કર્મભૂમિઓ છે. સાત ક્ષેત્ર પ્રથમ ગણ્યાં છે તેથી મહાવિદેહમાં દેવકુરુ ઉત્તરકુરુનો સમાવેશ થાય છે માટે અહીં તે એને જૂદાં પાડયાં છે.

**નૃસ્થિતી પરાપરે ત્રિપલ્યોપમાન્તર્મુહૂર્તે—૩-૧૭**

મનુષ્યોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમની અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે.

**તિર્યગ્યોનીનાં ચ—૩-૧૮**

તિર્યગ્યોનિથી ઉત્પન્ન થયેલા (તિર્યંચો) ની પણ ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમની અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે.

પૃથ્વીકાયની ૨૨ હજાર વર્ષની, અપ્કાયની સાત હજાર વર્ષની, તેઉકાયની, ત્રણ દિવસની, વાઉકાયની ત્રણ હજાર વર્ષની અને પ્રત્યેક વનસ્પતિ-કાયની દશ હજાર વર્ષની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. બેઇંદ્રિયની બાર વર્ષ,

* દેવકુરૂ અને ઉત્તરકુરૂની ગણત્રી મહાવિદેહ ક્ષેત્રમાં ભેગી ગણેલ હોવાથી ૩૫ ક્ષેત્ર થાય.

તેઇંદ્રિયની ૪૯ દિવસ અને ચઉરિંદ્રિયની છ માસ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ગર્ભજ મત્સ્ય, ઉરપરિસર્પ અને ભુજપરિસર્પની પૂર્વ કોડિ વર્ષની, ગર્ભજ પક્ષીઓની પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અને ગર્ભજ ચતુષ્પદની ત્રણ પલ્યોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. સંમૂચ્છિંમ મત્સ્યની પૂર્વ કોડિ; સંમૂચ્છિંમ ચતુષ્પદ, પક્ષી, ઉરપરિસર્પ, અને ભુજપરિસર્પની, ઉત્કૃષ્ટ સ્થિતિ ૮૪૦૦૦–૭૨૦૦૦—૫૩૦૦૦–૪૨૦૦૦વર્ષની અનુક્રમે જાણવી. સર્વની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત હોય.

**સમાપ્ત: તૃતીયોઽધ્યાય:**

**અથ ચતુર્થોઽધ્યાય:**

# દેવાધિકાર:

**દેવાશ્ચતુર્નિકાયા:—૪-૧**

દેવતાઓ ચાર નિકાયવાળા છે.

**તૃતીય: પીતલેશ્ય:—૪-૨**

ત્રીજી નિકાય ( જ્યોતિષ્ક ) ના દેવતાઓ તેજોલેશ્યાવાળા હોય છે.

**દશાષ્ટ-પઞ્ચ-દ્વાદશ-વિકલ્પા: કલ્પોપપન્ન-પર્યન્તા: -૪-૩**

તેઓ અનુક્રમે કલ્પોપપન્ન ( સ્વામિ સેવક આદિ મર્યાદાવાળા–ઇન્દ્ર સામાનિકાદિ ભેદવાળા ) પર્યંત દશ, આઠ, પાંચ અને બાર ભેદોવાળા છે. ( ભવનપતિના દશ ભેદ, વ્યંતરના આઠ ભેદ, જ્યોતિષ્કના પાંચ ભેદ અને વૈમાનિકના બાર ભેદ છે.)

**ઇન્દ્ર-સામાનિક-ત્રાયસ્ત્રિંશ-પારિષદ્યાત્મરક્ષ-લોકપાલાનીક-પ્રકીર્ણકાભિયોગ્ય-કિલ્બિષિકાશ્ચૈકશ: -૪-૪**

પૂર્વોક્ત નિકાયોમાં પ્રત્યેકના ૧ ઇંદ્ર, ૨ સામાનિક ( અમાત્ય, પિતા, ગુરુ, ઉપાધ્યાય વગેરેની માફક ઇંદ્ર સમાન ઠકુરાઈવાળા ), ૩ ત્રાયસ્ત્રિંશ ( ગુરુસ્થાનીય-મંત્રિ પુરોહિત જેવા ), ૪ પારિષદ્ય

૪ ( સભામાં બેસવાવાળા ), ૫ આત્મરક્ષક ( અંગરક્ષક ), ૬ લોકપાળ ( કોટવાળ વગેરે પોલીસ જેવા ), ૭ અનીક ( સેના અને અનીકાધિપતિ એટલે સૈન્યના ઉપરી ), ૮ પ્રકીર્ણક ( પ્રજા-પુરજન માફક ), ૯ આભિયોગ્ય ( ચાકર ) અને ૧૦ કિલ્બિષિક ( નીચ તે ચાંડાલપ્રાય ) એ દશ દશ ભેદ હોય છે.

**ત્રાયસ્ત્રિંશ-લોકપાલ-વર્જ્યા વ્યન્તર-જ્યોતિષ્કાઃ—૪-૫**

વ્યંતર અને જ્યોતિષ્ક નિકાય ત્રાયસ્ત્રિંશ અને લોકપાળ વર્જિત છે. ( તે જાતિમાં ત્રાયસ્ત્રિંશ અને લોકપાળ નથી).

**પૂર્વયો-ર્દ્વીન્દ્રાઃ —૪-૬**

પૂર્વની બે નિકાયોમાં એટલે ભવનપતિ અને વ્યંતરમાં બે બે ઇંદ્રો છે.

તે આ પ્રમાણે—ભવનપતિને વિષે અસુરકુમારના ચમર અને બલિ, નાગકુમારના ધરણ અને ભૂતાનંદ, વિદ્યુત્કુમારના હરિ અને હરિસહ, સુપર્ણકુમારના વેણુદેવ અને વેણુદાલી, અગ્નિકુમારના અગ્નિશિખ અને અગ્નિમાણવ, વાયુકુમારના વેલંબ અને પ્રભંજન, સ્તનિતકુમારના સુઘોષ અને મહાઘોષ, ઉદધિકુમારના જલકાંત અને જલપ્રભ, દ્વીપકુમારના પૂર્ણ અને અવશિષ્ટ, દિક્કુમારના અમિત અને અમિતવાહન, વ્યંતરને વિષે-કિન્નરના કિન્નર અને કિંપુરુષ, કિંપુરુષના સત્પુરુષ અને મહાપુરુષ, મહોરગના અતિકાય અને મહાકાય, ગંધર્વના ગીતરતિ અને ગીતયશ, યક્ષના પૂર્ણભદ્ર અને મણિભદ્ર, રાક્ષસના ભીમ અને મહાભીમ, ભૂતના પ્રતિરૂપ અને અતિરૂપ, પિશાચના કાળ અને મહાકાળ, જ્યોતિષ્કના સૂર્ય અને ચંદ્ર. વૈમાનિકમાં કલ્પોપપન્નને વિષે દેવલોકનાં નામ પ્રમાણે ઇંદ્રનાં નામ જાણવાં અને કલ્પાતીતમાં ઇંદ્રાદિ નથી, સર્વે સ્વતંત્ર છે.

**પીતાન્તલેશ્યાઃ—૪-૭**

પ્રથમની બે નિકાયોમાં (ભવનપતિ ને વ્યંતરમાં) તેજો સુધી ચાર (કૃષ્ણ, નીલ, કાપોત અને તેજો) લેશ્યા હોય છે.

**કાય-પ્રવીચારા આ ઐશાનાત્—૪-૮**

ઈશાન દેવલોક પર્યંતના દેવો કાયસેવી (શરીર વડે મૈથુન ક્રિયા કરવાવાળા) છે.

**શેષાઃસ્પર્શ-રૂપ-શબ્દ-મનઃ-પ્રવીચારા દ્વયોર્દ્વયોઃ-૪-૯**

બાકીના બબે કલ્પના દેવો અનુક્રમે સ્પર્શસેવી, (સ્પર્શવડે વિષયસેવન કરવાવાળા), રૂપસેવી, શબ્દસેવી, અને *મનસેવી છે.

**પરેઽપ્રવીચારા—૪-૧૦**

બાકીના (ગ્રૈવેયક અને અનુત્તર વિમાનના) દેવો અપ્રવીચારા (વિષય સેવના રહિત) હોય છે.

અલ્પ સંક્લેશવાળા હોવાથી તેઓ સ્વસ્થ અને શાંત હોય છે. પાંચે પ્રકારના વિષય સેવન કરતાં પણ અપરિમિત આનંદ તેમને થાય છે.

**ભવનવાસિનોઽસુર-નાગ-વિદ્યુત્સુપર્ણાગ્નિ-વાત-સ્તનિતોદધિ-દ્વીપ-દિક્કુમારાઃ —૪-૧૧**

ભવનવાસિ દેવોના ૧ અસુરકુમાર, ૨ નાગકુમાર, ૩ વિદ્યુત્ કુમાર, ૪ સુપર્ણકુમાર, ૫ અગ્નિકુમાર, ૬ વાયુકુમાર, ૭ સ્તનિત-કુમાર, ૮ ઉદધિકુમાર, ૯ દ્વીપકુમાર, ૧૦ દિક્કુમાર એ દશ ભેદ છે.

કુમારની પેઠે સુંદર દેખાવવાળા, મૃદુ મધુર અને લલિત ગતિ-વાળા, શૃંગાર સહિત સુંદર વૈક્રિય રૂપવાળા, કુમારોની પેઠે ઉદ્ધત વેષ

* નવમા દશમાનો મળીને એક અને ૧૧-૧૨ માનો મળીને એક ઇંદ્ર હોવાથી તે ચારની બેમાં ગણત્રી કરી છે. આગળ ઉપર બે બેને દ્વિવચનથી એકઠા લેશે. (જુઓ સૂત્ર ૨૦)

ભાષા શસ્ત્ર તથા આભૂષણુ વગેરેવાળા, કુમારની પેઠે ઉત્કટ રાગવાળા અને ક્રીડામાં તત્પર હોવાથી તે કુમારો કહેવાય છે.

અસુરકુમારનો વર્ણ કાળો અને તેના મુકુટને વિષે ચૂડામણિનું ચિન્હ છે, નાગકુમારનો વર્ણ કૃષ્ણ અને તેના મસ્તકમાં સર્પનું ચિન્હ છે. વિદ્યુત્કુમારનો શુકૂલવર્ણ અને વજ્રનું ચિન્હ છે, સુપર્ણ-કુમારનો વર્ણ શ્યામ અને ગરૂડનું ચિન્હ છે. અગ્નિકુમારનો વર્ણ શુકલ અને ઘટનું ચિન્હ છે, વાયુકુમારનો શુદ્ધવર્ણ અને અશ્વનું ચિન્હ છે, સ્તનિતકુમારનો કૃષ્ણ વર્ણ અને વર્ધમાન (શરાવસંપુટ)નું ચિન્હ છે, ઉદધિકુમારનો વર્ણ શ્યામ અને મકરનું ચિન્હ છે, દ્વીપકુમારનો વર્ણ શ્યામ અને સિંહનું ચિન્હ છે, અને દિક્કુમારનો શ્યામવર્ણ અને હાથીનું ચિન્હ છે, બધા વિવિધ આભૂષણ અને હથીયારવાળા હોય છે.

**વ્યન્તરાઃ કિન્નર-કિમ્પુરુષ- મહોરગ - ગન્ધર્વ-યક્ષ-રાક્ષસ-ભૂત-પિશાચાઃ--૪-૧૨**

૧ કિન્નર, ૨ કિંપુરુષ, ૩ મહોરગ, ૪ ગંધર્વ, ૫ યક્ષ, ૬ રાક્ષસ, ૭ ભૂત અને ૮ પિશાચ એ આઠ પ્રકારના વ્યંતરો છે.

ઊર્ધ્વ, અધો અને તિર્યગ્ એ ત્રણે લોકમાં ભવન, નગર અને આવાસોને વિષે તેઓ રહે છે. સ્વતંત્રતાથી કે પરતંત્રતાથી અનિયત ગતિ વડે પ્રાયઃ તેઓ ચારે બાજુ રખડે છે. કોઈક તો મનુષ્યની પણ ચાકર માફક સેવા બજાવે છે. અનેક પ્રકારના પર્વત ગુફા અને વન વગેરેને વિષે રહે છે, તેથી તે વ્યંતર કહેવાય છે.

કિન્નરનો નીલવર્ણ અને અશોકવૃક્ષનું ચિન્હ છે, કિંપુરુષનો શ્વેતવર્ણ અને ચંપકવૃક્ષનું ચિન્હ છે. મહોરગનો શ્યામવર્ણ અને નાગવૃક્ષનું ચિન્હ છે. ગાંધર્વનો રક્તવર્ણ અને તુંબરૂવૃક્ષનું ચિન્હ છે, યક્ષનો શ્યામવર્ણ અને વટવૃક્ષનું ચિન્હ છે, રાક્ષસનો શ્વેતવર્ણ અને

ખટ્વાંગનું ચિન્હ છે, ભૂતનો વર્ણ કાળો અને સુલસવૃક્ષનું ચિન્હ છે અને પિશાચનો વર્ણ શ્યામ અને કંદબવૃક્ષનું ચિન્હ છે. આ બધાં ચિન્હો ધ્વજામાં હોય છે.

**જ્યોતિષ્કાઃ સૂર્યાશ્ચન્દ્રમસો ગ્રહનક્ષત્ર-પ્રકીર્ણતારકાશ્ચ-૪-૧૩**

સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને પ્રકીર્ણક તારા એ પાંચ ભેદે જ્યોતિષ્ક દેવતા હોય છે.

સૂત્રમાં સમાસ કર્યો નથી અને ચંદ્ર કરતાં સૂર્ય પહેલો લીધો છે તે ઉપરથી એમ સૂચવાય છે કે—સૂર્યાદિના યથાક્રમે જ્યોતિષ્ક દેવો ઉંચે રહેલા છે. એટલે સમભૂતલા પૃથ્વીથી ૮૦૦ યોજને સૂર્ય, ત્યાંથી ૮૦ યોજને ચંદ્ર, ત્યાંથી ૨૦ યોજને પ્રકીર્ણક તારા છે. ગ્રહ અને તારા અનિયમિત ગતિવાળા હોવાથી ચંદ્ર અને સૂર્યની ઉપર અને નીચે ચાલે છે. તે જ્યોતિષ્કના મુકુટોને વિષે મસ્તક અને મુકુટને ઢાંકે એવા તેજના મંડળ પોતપોતાના (ચંદ્રાદિને ચંદ્ર વગેરેના) આકારવાળા હોય છે. (જુઓ તત્ત્વાર્થભાષ્ય)

**મેરુ-પ્રદક્ષિણા-નિત્યગતયો નૃલોકે—૪-૧૪**

મેરૂપર્વતને પ્રદક્ષિણા કરતા નિરંતર ગતિ કરનારા જ્યોતિષ્ક દેવો મનુષ્ય લોકમાં છે.

મેરૂપર્વતથી અગ્યારશેં ને એકવીશ યોજન ચારે બાજુ દૂર મેરૂને પ્રદક્ષિણા કરતા જ્યોતિષ્ક દેવો ભમે છે. જંબૂદ્વીપમાં બે સૂર્ય, લવણ-સમુદ્રમાં ચાર, ધાતકીખંડમાં બાર, કાલોદધિસમુદ્રમાં બેતાળીશ અને પુષ્કરાર્ધદ્વીપમાં બહોતેર એમ સર્વ મળી ૧૩૨ છે. એક ચંદ્રનો પરિ-વાર ૨૮ નક્ષત્ર, ૮૮ ગ્રહ અને ૬૬૯૭૫ કોડાકોડિ તારા છે. (એટલે જ્યાં જેટલા ચંદ્ર હોય તેને ઉપરોક્ત નક્ષત્રાદિની સંખ્યાએ ગુણતાં તે ક્ષેત્રની સમસ્ત નક્ષત્રાદિની સંખ્યા આવે.) સૂર્ય, ચંદ્ર, ગ્રહ અને

નક્ષત્રો તિર્યગ્લોકમાં છે. અને પ્રકીર્ણક તારા * ઉર્ધ્વલોકમાં છે. સૂર્યમંડળનો વિષ્કંભ $\frac{48}{61}$ યોજન, ચંદ્રમંડળનો $\frac{56}{61}$ યોજન, ગ્રહનો બે ગાઉ, નક્ષત્રનો એક ગાઉ અને તારાઓનો અર્ધ ગાઉ છે. સૌથી નાના તારાઓનો વિષ્કંભ પાંચશે ધનુષ્ય છે. વિષ્કંભ કરતાં ઉંચાઈ અર્ધી સમજવી, આ સર્વ સૂર્યાદિનું માન કહ્યું, તે મનુષ્ય લોકને વિષે રહેલા ચર જ્યોતિષ્કનું સમજવું, અઢીદ્વીપની બહાર રહેલા સ્થિર જ્યોતિષ્કનું માન તો પૂર્વોક્ત વિષ્કંભ તથા ઉંચાઈના અર્ધાભાગે જાણવું, મનુષ્યલોકમાં રહેલા જ્યોતિષ્ક વિમાનો લોકસ્થિતિ વડે નિરંતર ગતિવાળા છે તોપણ ઋદ્ધિ વિશેષને માટે અને આભિયોગિક નામકર્મના ઉદયથી નિરંતર ગતિમાં આનંદ માનનારા દેવતાઓ તે વિમાનોને વહન કરે છે. તે દેવો પૂર્વ દિશાએ સિંહને રૂપે, દક્ષિણે હાથીને રૂપે, પશ્ચિમે બળદને રૂપે અને ઉત્તરે ઘોડાને રૂપે હોય છે,

**તત્કૃત: કાલ-વિભાગ: —૪-૧૫**

તેઓએ (રાત્રિ દિન વિગેરે) કાળ વિભાગ કરેલ છે.

**બહિરવસ્થિતા: —૪-૧૬**

મનુષ્યલોકની બાહેર જ્યોતિષ્ક અવસ્થિત હોય છે.

**વૈમાનિકા :—૪-૧૭**

વૈમાનિક દેવોનો હવે અધિકાર કહે છે. વિમાનોને વિષે ઉત્પન થાય તે વૈમાનિક.

**કલ્પોપપન્ના: કલ્પાતીતાશ્ચ—૪-૧૮**

કલ્પોપપન્ન અને કલ્પાતીત (ઇન્દ્રાદિની મર્યાદારહિત-અહમિંદ્ર) એ બે ભેદવાળા વૈમાનિક દેવો છે.

---

* આ બાબત બૃહત્સંગ્રહણી આદિની સાથે મતભેદવાળી છે. જુઓ તત્ત્વાર્થ ભાષ્ય.

**ઉપર્યુપરિ—૪-૧૯**

તે વૈમાનિક દેવ એક એકની ઉપર ઉપર ( ચઢતા ચઢતા) રહેલા છે.

**સૌધર્મૈશાન-સનત્કુમાર-માહેન્દ્ર-બ્રહ્મલોક-લાન્તક-મહાશુક્ર સહસ્રારેષ્વાનત પ્રાણતયો-રારણાચ્યુતયો - ર્નવસુગ્રૈવેયકેષુ વિજય-વૈજયંત-જયન્તા-પરાજિતેષુ સર્વાર્થસિદ્ધે ચ—૪-૨૦**

સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાન્તક. મહાશુક્ર અને સહસ્રારને વિષે; આનત પ્રાણતને વિષે; આરણ અચ્યુતને વિષે; નવ ગ્રૈવેયકને વિષે; વિજય વૈજયન્ત, જયન્ત અને અપરાજિતને વિષે તથા સર્વાર્થસિદ્ધને વિષે વૈમાનિક દેવો હોય છે.

સુધર્મા નામની ઇંદ્રની સભા છે જેમાં તે સૌધર્મકલ્પ, ઈશાન ઇંદ્રનું નિવાસસ્થાન તે ઐશાનકલ્પ, એ રીતે ઇંદ્રના નિવાસયોગ્ય સાર્થક નામવાળા કલ્પો જાણવા. લોકરૂપ પુરુષની ગ્રીવા (ડોક)ને સ્થાને રહેલા અથવા ગ્રીવાના આભરણભૂત ગ્રૈવેયક જાણવા, આબાદીમાં થવાના વિઘ્નહેતુને જેણે જીત્યા તે વિજય, વૈજયંત અને જયંત દેવો જાણવા વિઘ્ન હેતુ વડે પરાજય નહિ પામેલા તે અપરાજિત. સંપૂર્ણ ઉદયના અર્થમાં સિદ્ધ થયેલા તે સર્વાર્થસિદ્ધ,

**સ્થિતિ-પ્રભાવ-સુખ-દ્યુતિ-લેશ્યા-વિશુદ્ધીન્દ્રિયાવધિવિષયતોऽધિકા: -૪—૨૧**

તેઓમાં પૂર્વ પૂર્વના દેવતાની અપેક્ષાએ ઉપર ઉપરના દેવતાઓ સ્થિતિ ( આયુષ્ય ), પ્રભાવ, સુખ, કાન્તિ, લેશ્યા, વિશુદ્ધિ, ઇન્દ્રિય પટુતા અને અવધિજ્ઞાનના વિષયમાં અધિક અધિક હોય છે.

**ગતિ-શરીર-પરિગ્રહા-ભિમાનતો હીના: —૪-૨૨**

ગતિ, શરીર પ્રમાણ, પરિગ્રહસ્થાન, ( પરિવાર વગેરે ) અને અભિમાન વડે કરીને પૂર્વ કરતાં ઉપરના દેવતાઓ ઓછા ઓછા છે.

બે સાગરોપમના જઘન્ય આયુષ્યવાળા દેવોની ગતિ (ગમન) સાતમી નરક સુધી હોય અને તિર્છી અસંખ્યાત હજાર કોડાકોડી યોજન હોય, તેથી આગળની જઘન્ય સ્થિતિવાળા દેવો એક એક ઓછી નરકભૂમિ સુધી જઈ શકે. ગમનશક્તિ છે છતાં ત્રીજી નરકથી આગળ કોઈ દેવતા ગયા નથી તેમ જશે. પણ નહિ. સૌધર્મ અને ઈશાન કલ્પના દેવોના શરીરની ઉંચાઈ સાત હાથની છે. સનત્કુમાર અને માહેંદ્રની છ હાથ, બ્રહ્મલોક તથા લાંતકની પાંચ હાથ, મહાશુક્ર અને સહસ્રારની ચાર હાથ, આનતાદિ ચારની ત્રણ હાથ, ગ્રૈવેયકની બે હાથ, અને અનુત્તર વિમાનવાસી દેવના શરીરની ઉંચાઈ એક હાથ છે.

## પીત-પદ્મ-શુક્લલેશ્યા-દ્વિ-ત્રિ શેષેષુ—૪-૨૩

તેજો, પદ્મ અને શુક્લ લેશ્યા બે કલ્પના, ત્રણ કલ્પના અને બાકીના દેવોને વિષે અનુક્રમે જાણવી. એટલે પહેલા બે કલ્પમાં તેજો-લેશ્યા, પછી ત્રણ કલ્પમાં પદ્મલેશ્યા અને લાંતકથી માંડીને સર્વાર્થસિદ્ધ પર્યંત શુક્લલેશ્યા હોય છે,

## પ્રાગ્ગ્રૈવેયકેભ્યઃ કલ્પાઃ —૪-૨૪

ગ્રૈવેયકની પૂર્વે કલ્પો છે (ઇન્દ્રાદિક ભેદોવાળા દેવલોકો છે.)

અહી કોઈ શંકા કરે છે, કે શું સર્વ દેવતાઓ સમ્યગ્દષ્ટિ હોય છે કે તેઓ તીર્થંકરોના જન્માદિ વખતે આનંદ પામે છે? તેનો ઉત્તર આપે છે —સર્વ દેવતા સમ્યગ્દષ્ટિ હોતા નથી, પરંતુ જે સમ્યગ્ દૃષ્ટિ હોય છે તેઓ સદ્ધર્મના બહુમાનથી અત્યંત આનંદ પામે છે અને જન્માદિના મહોત્સવમાં જાય છે. મિથ્યાદૃષ્ટિ પણ મનરંજન માટે અને ઈંદ્રની અનુવૃત્તિએ જાય છે અને પરસ્પરના મેળાપથી હંમેશની પ્રવૃત્તિને લીધે આનંદ પામે છે, લોકાન્તિક દેવો બધા વિશુદ્ધ ભાવવાળા હોય છે. તેઓ સદ્ધર્મના બહુમાનથી અને સંસારદુઃખથી પીડિત જીવોની દયા વડે અર્હંતોના જન્મદિનને વિષે વિશેષે આનંદ

પામે છે અને દીક્ષા લેવાનો સંકલ્પ કરવાવાળા પૂજ્ય તીર્થંકરોની સમીપ જઈને, પ્રસન્નચિત્તથી સ્તુતિ કરે છે અને તીર્થ પ્રવર્તાવવા વિનંતિ કરે છે.

**બ્રહ્મલોકાલયા લોકાન્તિકાઃ —૪-૨૫**

લોકાન્તિક દેવો બ્રહ્મલોકમાં રહેનારા છે.

**સારસ્વતાદિત્ય-વહ્ન્યરૂણ-ગર્દતોય-તુષિતાવ્યાબાધ- મરૂતઃ ( અરિષ્ટાશ્ચ) ૪—૨૬**

૧ સારસ્વત, ૨ આદિત્ય, ૩ વહ્નિ, ૪ અરૂણ, ૫ ગર્દતોય, ૬ તુષિત, ૭ અવ્યાબાધ અને ૮ મરૂત એ આઠ ભેદે લોકાંતિકો છે. (ઈશાન ખુણાથી માંડીને પ્રત્યેક દિશામાં એક એક અનુક્રમે છે). અરિષ્ટ પણ નવમા લોકાન્તિક છે.

**વિજયાદિષુ દ્વિચરમાઃ —૪-૨૭**

વિજયાદિ ચાર અનુત્તર વિમાનવાસી દેવો દ્વિચરમ ભવવાળા છે. એટલે અનુત્તર વિમાનથી આવી મનુષ્ય થઈ ફરી અનુત્તરમાં આવી સિદ્ધ થાય, સર્વાર્થસિદ્ધ વિમાનવાસી એકાવતારી જાણવા.

**ઔપપાતિક-મનુષ્યેભ્યઃ- શેષાસ્તિર્યગ્યોનયઃ ૪-૨૮**

ઉપપાત યોનિવાળા (દેવતા ને નારકી) અને મનુષ્ય સિવાય બાકીના તિર્યગ્ યોનિવાળા (જીવો તિર્યંચો) જાણવા.

**સ્થિતિ :—૪-૨૯**

હવે સ્થિતિ કહીએ છીએ.

**ભવનેષુ દક્ષિણાર્ધાધિપતીનાં પલ્યોપમમધ્યર્ધમ્—૪-૩૦**

ભવનોને વિષે દક્ષિણાર્ધના આધિપતિની દોઢ પલ્યોપમની સ્થિતિ જાણવી, ઈંદ્રની સ્થિતિ કહી તેથી (ઉપલક્ષણથી) તેના વિમાનવાસી સર્વ દેવોની જાણવી.

**શેષાણાં પાદોને-૪-૩૧**

બાકીના એટલે ઉતરાર્ધ અધિપતિની સ્થિતિ પોણાબે પલ્યોપમની છે.

**અસુરેન્દ્રયોઃ સાગરોપમમધિકં ચ ૪-૩૨**

અસુરકુમારના દક્ષિણાર્ધાધિપતિની સાગરોપમ અને ઉત્તરાર્ધાધિપતિની સાગરોપમથી કાંઈક અધિક ઉત્કૃષ્ટ સ્થિતિ છે.

**સૌધર્માદિષુ યથાક્રમમ્- ૪-૩૩**

સોધર્માદિને વિષે અનુક્રમે સ્થિતિ કહે છે.

**સાગરોપમે- ૪-૩૪**

સૌધર્મ કલ્પના દેવોની બે સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી.

**અધિકે ચ—૪-૩૫**

ઇશાન કલ્પના દેવોની બે સાગરોપમથી અધિક ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી.

**સપ્ત સનત્કુમારે- ૪-૩૬**

સનત્કુમાર કલ્પને વિષે સાત સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે.

**વિશેષ-ત્રિ-સપ્ત-દશૈકાદશ-ત્રયોદશ-પઞ્ચદશભિ-રધિકાનિ ચ ૪-૩૭**

પૂર્વોક્ત સાત સાગરોપમ સાથે વિશેષથી માંડીને અનુક્રમે જાણવી.

તે આ પ્રમાણે-માહેંદ્રે સાત સાગરોપમથી વિશેષ, બ્રહ્મલોકે દશ, લાન્તકે ચૌદ, મહાશુક્રે સત્તર, સહસ્રારે અઢાર, આનત પ્રાણતે વીશ અને આરણ અચ્યુતે બાવીશ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી.

**આરણાચ્યુતાદૂર્ધ્વમેકૈકેન નવસુ ગ્રૈવેયકેષુ વિજયાદિષુ સર્વાર્થસિદ્ધે ચ ૪-૩૮**

આરણ અચ્યુતથકી ઉપર નવ ગ્રૈવેયક અને વિજયાદિ ચાર અનુત્તર અને સર્વાર્થસિદ્ધને વિષે એક એક સાગરોપમ વધારે સ્થિતિ જાણવી.

એટલે પહેલા ગ્રૈવેયકથી નવમા ગ્રૈવેયેક સુધી ૨૩ થી ૩૧ સાગરોપમ, વિજયાદિ ચાર અનુત્તરની ૩૨ સાગરોપમ અને સર્વાર્થ-સિદ્ધની તેત્રીશ સાગરોપમની ઉત્કષ્ટ સ્થિતિ જાણુવી. (જુઓ ત. ભા.)

**અપરા પલ્યોપમમધિકં ચ--૪-૩૯**

સૌધર્મને વિષે પલ્યોપમ અને ઈશાનને વિષે પલ્યોપમથી અધિક જઘન્ય સ્થિતિ જાણુવી.

**સાગરોપમે--૪-૪૦**

સનત્કુમારની જઘન્ય સ્થિતિ બે સાગરોપમની જાણુવી.

**અધિકે ચ—૪-૪૧**

માહેન્દ્રે બે સાગરોગમથી અધિક જાણુવી.

**પરત: પરત: પૂર્વા પૂર્વાનન્તરા—૪-૪૨**

પૂર્વ પૂર્વ કલ્પની જે ઉત્કૃષ્ટ સ્થિતિ છે, તે આગળ આગળના કલ્પની જઘન્ય સ્થિતિ જાણુવી; સર્વાર્થસિદ્ધની જઘન્ય સ્થિતિ હોતી નથી.

**નારકાણાં ચ દ્વિતીયાદિષુ—૪-૪૩**

નારકોની બીજી વગેરે નરકને વિષે પૂર્વ પૂર્વની જે ઉત્કૃષ્ટ સ્થિતિ છે, તે આગળ આગળની જઘન્ય સ્થિતિ જાણુવી, અનુક્રમે ૧-૩-૭-૧૦-૧૭-૨૨ સાગરોપમની બીજીથી સાતમી સુધી જાણુવી.

**દશ-વર્ષ-સહસ્રાણિ પ્રથમાયામ્—૪-૪૪**

પ્રથમ નરક ભૂમિમાં દશ હજાર વર્ષની જઘન્ય સ્થિતિ છે.

**ભવનેષુ ચ—૪-૪૫**

ભવનપતિને વિષે પણુ જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની છે.

**વ્યન્તરાણાં ચ—૪-૪૬**

વ્યંતરદેવોની પણુ જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની છે.

**પરા પલ્યોપમમ્—૪-૪૭**

વ્યંતરોની ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમની છે.

**જ્યોતિષ્કાણામધિકમ્—૪-૪૮**

જ્યોતિષ્ક દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યોપમથી કંઈક અધિક છે.

**ગ્રહાણામેકમ્—૪-૪૯**

ગ્રહોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યોપમની છે.

**નક્ષત્રાણામર્ધમ્—૪-૫૦**

નક્ષત્રોની ઉત્કૃષ્ટ સ્થિતિ અર્ધ પલ્યોપમની છે.

**તારકાણાં ચતુર્ભાગઃ—૪-૫૧**

તારાઓની પલ્યોપમનો ચોથો ભાગ ઉત્કૃષ્ટ સ્થિતિ છે.

**જઘન્યા ત્વષ્ટભાગઃ—૪-૫૨**

તારાઓની જઘન્ય સ્થિતિ પલ્યોપમનો આઠમો ભાગ છે.

**ચતુર્ભાગઃ શેષાણામ્—૪-૫૩**

તારા સિવાય બાકીના જ્યોતિષ્કોની જઘન્ય સ્થિતિ પલ્યોપમનો ચોથો ભાગ જાણવી.

**સમાપ્તઃ ચતુર્થોઽધ્યાયઃ**

**અથ પઞ્ચમોઽધ્યાયઃ**

## અજીવતત્ત્વ

**અજીવકાયા ધર્માધર્માકાશપુદ્ગલાઃ—૫-૧**

ધર્માસ્તિકાય (ચલન સહાયક) અધર્માસ્તિકાય (સ્થિર સહાયક) આકાશાસ્તિકાય (અવકાશ ગુણ) અને પુદ્ગલાસ્તિકાય (શડન પડન વિધ્વંસગુણ,) એ ચાર અજીવકાય છે.

પ્રદેશરૂપ અવયવનું બહુપણું જણાવવાને અર્થે અને કાળના સમયમાં પ્રદેશપણું નથી એ જણાવવાને અર્થે કાયનું ગ્રહણ કર્યું છે.

**દ્રવ્યાણિ જીવાશ્ચ—૫-૨**

એ ધર્માદિ ચાર અને જીવો, એ પાંચ દ્રવ્યો છે.

**નિત્યાવસ્થિતાન્યરૂપાણિ—૫-૩**

એ દ્રવ્યો નિત્ય (પોતાના સ્વરૂપમાં હંમેશ રહે તે), અવસ્થિત (વર્તમાન–છતા) અને અરૂપી છે.

**રૂપિણ: પુદ્ગલા:—૫-૪**

પુદ્ગલો રૂપી છે.

**આકાશાદેકદ્રવ્યાણિ—૫-૫**

ધર્માસ્તિકાયથી માંડીને આકાશ પર્યન્ત દ્રવ્યો એક એક છે.

**નિષ્ક્રિયાણિ ચ—૫-૬**

એ પૂર્વોક્ત ત્રણ દ્રવ્યો નિષ્ક્રિય (ક્રિયા રહિત) છે.

**અસંખ્યેયા: પ્રદેશા ધર્માધર્મયો:—૫-૭**

ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયના પ્રદેશો અસંખ્યેય છે.

**જીવસ્ય ચ—૫-૮**

એક જીવના પ્રદેશ પણ અસંખ્યાતા છે.

**આકાશસ્યાનન્તા:—૫-૯**

લોકાલોક પ્રમાણ આકાશના પ્રદેશો અનંતા છે. પણ લોકાકાશના અસંખ્યેય પ્રદેશ છે.

**સંખ્યેયાસંખ્યેયાશ્ચ પુદ્ગલાનામ્—૫-૧૦**

પુદ્ગલોના પ્રદેશો સંખ્યેય, અસંખ્યેય અને અનંત હોય છે.

**નાણો:—૫-૧૧**

પરમાણુને પ્રદેશો હોતા નથી.

**લોકાકાશે-ऽવગાહ:—૫-૧૨**

લોકાકાશને વિષે અવગાહ હોય છે. એટલે રહેવાવાળાં દ્રવ્યોની સ્થિતિ (રહેવાપણું) લોકાકાશને વિષે થાય છે. (અવગાહી દ્રવ્યોની સ્થિતિ લોકાકાશને વિષે છે.)

**ધર્માધર્મયોઃ કૃત્સ્ને—૫-૧૩**

ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનો સમસ્ત લોકાકાશને વિષે અવગાહ છે.

**એકપ્રદેશાદિષુ ભાજ્યઃ પુદ્ગલાનામ્—૫-૧૪**

પુદ્ગલોનો એકાદિ આકાશપ્રદેશને વિષે અવગાહ વિકલ્પવાળો છે.

કેટલાક એક પ્રદેશમાં, કેટલાક બે પ્રદેશમાં, યાવત્ અચિત્ત મહાસ્કન્ધ સમગ્ર લોકમાં અવગાહી રહેલ છે. અપ્રદેશ, સંખ્યેયપ્રદેશ, અસંખ્યેયપ્રદેશ અને અનંતપ્રદેશવાળા જે પુદ્ગલ સ્કંધો છે તેનો આકાશના એકાદિ પ્રદેશમાં અવગાહ ભાજ્ય છે (ભજના વાળો છે) એટલે કે—એક પરમાણુ તો એક આકાશ પ્રદેશમાં જ રહે, બે પરમાણુવાળો સ્કંધ એક પ્રદેશ અગર બે પ્રદેશમાં રહે. ત્ર્યણુક (ત્રણ પરમાણુવાળો સ્કંધ) એક, બે, ત્રણ પ્રદેશમાં રહે. ચતુરણુક એક, બે, ત્રણ અગર ચાર પ્રદેશમાં રહે. એ પ્રમાણે ચતુરણુકથી માંડીને સંખ્યાતા અસંખ્યાતા પ્રદેશવાળા એકથી માંડીને સંખ્યાતા અસંખ્યાતા પ્રદેશમાં અવગાહ કરે અને અનંત પ્રદેશવાળાનો અવગાહ પણ એકથી માંડી અસંખ્યાત પ્રદેશમાંજ હોય. (પણ અનંતમાં નહિ)

**અસંખ્યેય-ભાગાદિષુ જીવાનામ્—૫-૧૫**

લોકાકાશના અસંખ્યાતમા ભાગથી માંડીને સંપૂર્ણ લોકાકાશ-પ્રદેશમાં જીવોનો અવગાહ થાય છે.

**પ્રદેશ-સંહાર-વિસર્ગાભ્યાં પ્રદીપવત્—૫-૧૬**

દીપકના પ્રકાશની પેઠે જીવોના પ્રદેશો સંકોચ તથા વિસ્તારવાળા થવાથી અસંખ્યેય ભાગાદિમાં અવગાહ થાય છે.

જેમકે દીવો મોટો હોય, છતાં તે નાના ગોખલા આદિમાં ઢાંકી રાખ્યો હોય, તો તેટલી જગ્યામાં પ્રકાશ કરે છે અને મોટા મકાનમાં રાખ્યો હોય તો તે મકાનમાં સર્વ ઠેકાણે પ્રકાશ કરે છે; તેમ જીવ-

પ્રદેશનો સંકોચ અને વિસ્તાર થવાથી નાના અગર મોટા પાંચ પ્રકારના શરીરસ્કંધને, ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ અને જીવપ્રદેશના સમુદાયને જીવ અવગાહના વડે વ્યાપ્ત કરે છે. ધર્મ, અધર્મ, આકાશ અને જીવ અરૂપી હોવાથી માંહોમાંહે પુદ્ગલોમાં રહેતાં વિરોધ આવતો નથી.

**ગતિ-સ્થિત્યુપગ્રહો ધર્માધર્મયોરુપકારઃ—૫-૧૭**

ગતિ સહાયરૂપ પ્રયોજન ધર્માસ્તિકાયનું અને સ્થિતિ સહાય (કારણ) રૂપ પ્રયોજન (ગુણ) અધર્માસ્તિકાયનું છે.

**આકાશસ્યાવગાહઃ—૫-૧૮**

આકાશનું પ્રયોજન સર્વ દ્રવ્યોને અવગાહ આપવાનું છે.

**શરીરવાઙ્મનઃ પ્રાણાપાના પુદ્ગલાનામ્—૫-૧૯**

શરીર, વચન, મન, પ્રાણ (ઉચ્છ્વાસ) અને અપાન (નિઃશ્વાસ) એ પુદ્ગલોનું પ્રયોજન જીવને છે.

**સુખ-દુઃખ-જીવિત-મરણોપગ્રહાશ્ચ—૫-૨૦**

સુખ દુઃખ જીવિત અને મરણના કારણપણે પણ પુદ્ગલોજ થાય છે.

ઇચ્છિત સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દની પ્રાપ્તિ તે સુખનું કારણ, અનિષ્ટ સ્પર્શાદિની પ્રાપ્તિ તે દુઃખનું કારણ, વિધિપૂર્વક સ્નાન, આચ્છાદન, વિલેપન તથા ભોજનાદિ વડે આયુષ્યનું કારણ અને વિષ, શસ્ત્ર, અગ્નિ વગેરે વડે આયુષ્યનું અપવર્તન તે મરણનું કારણ છે.

**પરસ્પરોપગ્રહો જીવાનામ્—૫-૨૧**

પરસ્પર હિતાહિતના ઉપદેશ વડે સહાયક થવારૂપ જીવોનું પ્રયોજન છે.

**વર્તના પરિણામઃ ક્રિયા પરત્વાપરત્વે ચ કાલસ્ય—૫-૨૨**

વર્તના, પરિણામ, ક્રિયા, પરત્વ અને અપરત્વ એ કાળનું કાર્ય છે.

સર્વ પદાર્થોની કાળને આશ્રયી જે વૃત્તિ તે વર્તના જાણવી. અર્થાત્ પ્રથમ સમયાશ્રિત ઉત્પત્તિ સ્થિતિ તે વર્તના. અનાદિ અને આદિ એમ બે પ્રકારે પરિણામ છે. ક્રિયા એટલે ગતિ તે ત્રણ પ્રકારે-પ્રયોગ ગતિ, વિશ્રસા ગતિ અને મિશ્રસા ગતિ. પરત્વાપરત્વ ત્રણ પ્રકારે છે-પ્રશંસાકૃત, ક્ષેત્રકૃત અને કાળકૃત જેમકે-ધર્મ અને જ્ઞાન પર (પ્રશંસાને યોગ્ય) છે, અધર્મ અને અજ્ઞાન અપર (નિંદાને યોગ્ય) છે, તે પ્રશંસાકૃત. એક દેશમાં સ્થિત પદાર્થોમાં જે દૂર છે તે પર (દૂર), અને સમીપ છે તે અપર (પાસે) જાણવું. તે ક્ષેત્રકૃત. સો વર્ષવાળો સોળ વર્ષવાળાની અપેક્ષાએ પર (મોટો) અને સોળ વર્ષવાળો સો વર્ષવાળાની અપેક્ષાએ અપર (નાનો) છે, તે કાળકૃત.

**સ્પર્શ-રસ-ગન્ધ-વર્ણવન્તઃ પુદ્ગલાઃ—૫-૨૩**

સ્પર્શ, રસ, ગંધ અને વર્ણવાળા પુદ્ગલો છે.

સ્પર્શ આઠ પ્રકારે છે-કર્કશ, સુંવાળો, ભારે, હલકો, ટાઢો, ઉનો. સ્નિગ્ધ અને લુખો. રસ પાંચ પ્રકારે છે-કડવો, તીખો, કષાયેલ, ખારો અને મધુર. ગંધ બે પ્રકારે છે=સુરભિ અને દુરભિ. વર્ણ પાંચ પ્રકારે છે-કાળો, લીલો, રાતો, પીળો અને શ્વેત.

**શબ્દ-બન્ધ સૌક્ષ્મ્ય-સ્થૌલ્ય-સંસ્થાન-ભેદ-તમશ્છાયા-તપો-દ્યોતવન્તશ્ચ—૫-૨૪**

શબ્દ, બંધ. સુક્ષ્મતા, સ્થૂલતા, સંસ્થાન, ભેદ (ભાગ થવા), અંધકાર, છાયા, આતપ (તડકો) અને ઉદ્યોતવાળા પણ પુદ્ગલો છે.

શબ્દ છ પ્રકારે છે-તત (વીણાદિનો) વિતત (મૃદંગાદિનો) ઘન (કાંસી-કરતાળાદિનો), સુષિર [વાંસળી વગેરેનો), ઘર્ષ (ઘર્ષણ થવાથી ઉત્પન્ન થયેલ) અને ભાષા (વાણીનો), બંધ ત્રણ પ્રકારે છે-પ્રયોગબંધ (પુરુષ પ્રયત્નથી થયેલ ઔદારિક વગેરે શરીરનો (બંધ), વિશ્રસાબંધ× (ઈન્દ્ર ધનુષ્ય વગેરેની પેઠે વિષમ ગુણવાળા પરમાણુનો સ્વતઃ થયેલ) અને મિશ્રબંધ (જીવ દ્રવ્યના સહચારી અચેતન દ્રવ્યપરિણત બંધ)

સ્તંભ કુંભ વગેરે. સૂક્ષ્મતા બે પ્રકારે છે–અન્ત્ય અને આપેક્ષિક; પરમાણુમાં અંત્ય અને દ્વયણુકાદિમાં સંધાત પરિણામની અપેક્ષાએ આપેક્ષિક (જેમ આંબળા કરતાં બોર નાનું છે.) સ્થૂલતા પણ સંધાત પરિણામની અપેક્ષાએ બે પ્રકારે છે. સર્વ લોક વ્યાપિ મહાસ્કંધને વિષે અંત્યત સ્થૂલતા અને બોર કરતાં આમળું મોટું છે તે આપેક્ષિત સ્થૂળતા. સંસ્થાન અનેક પ્રકારે છે. ભેદ પાંચ પ્રકારે છે–ઔત્કારિક (કાષ્ટાદિ ચિરવાથી થાય તે). ચૌર્ણિક (ચૂર્ણ–ભૂકો કરવાથી), ખંડ (ટુકડા કરવાથી), પ્રતર (વાદળાદિના વિખરાવાથી) અને અનુતટ (તપાવેલા લોઢાને ઘણ વડે ટીપવાથી કણીયા નીકળે તે).

**અણવ: સ્કન્ધાશ્ચ—૫-૨૫**

અણુઓ અને સ્કંધો એ બે પ્રકારે પુદ્દગલો છે.

**સંઘાતભેદેભ્ય: ઉત્પદ્યન્તે—૫-૨૬**

સંધાત (એકત્ર થવું), ભેદ (ભાગ પડવા) અને સંધાતભેદ એ ત્રણ કારણ વડે કરીને સ્કંધો ઉત્પન્ન થાય છે.

**ભેદાદણુ:—૫-૨૭**

ભેદવડે અણુ ઉત્પન્ન થાય છે.

**ભેદ સંઘાતાભ્યાં ચાક્ષુષા:—૫-૨૮**

ચક્ષુ વડે દેખી શકાય એવા સ્કંધો, ભેદ અને સંધાત વડે કરીને થાય છે.

**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્તં સત્—૫-૨૯**

ઉત્પાદ (ઉત્પત્તિ); વ્યય (નાશ) અને ધ્રૌવ્ય (સ્થિરતા) વડે યુક્ત તે સત્ (છતું–વર્તમાન) જાણવું.

આ સંસારમાં દરેક પદાર્થ ઉત્પાદ, વ્યય અને સ્થિતિવડે યુક્ત છે. આત્મદ્રવ્યમાં મનુષ્યત્વાદિ પર્યાયરૂપે આત્મદ્રવ્યનો વ્યય થાય છે.

---

+ ધર્મ, અધર્મ અને આકાશનો બંધ તે અનાદિ વિશ્રસા.

દેવતાદિ પર્યાયથી તેની ઉત્પત્તિ થાય છે અને આત્મત્વ સ્વરૂપથી તેની સ્થિતિ છે. પુદ્ગલ દ્રવ્યમાં નીલવર્ણાદિ પર્યાય વડે પરમાણુનો નાશ થાય છે, રક્તવર્ણાદિ વડે તેની ઉત્પત્તિ થાય છે અને પુદ્ગલત્વ સ્વરૂપે તેની સ્થિતિ છે. ધર્માસ્તિકાય દ્રવ્યમાં ગતિમાન્ જીવ પુદ્ગલના નિમિત્તે કોઈ કોઈ પ્રદેશે ચલનસહાયત્વરૂપે ધર્માસ્તિકાયની ઉત્પત્તિ થાય છે, જ્યારે જીવ અને પુદ્ગલો બીજા પ્રદેશ તરફ જાય છે, ત્યારે તે સ્થળ અને તે પદાર્થને અંગે ચલન સહાયત્વ સ્વરૂપે ધર્માસ્તિકાય નષ્ટ થાય છે અને ધર્માસ્તિકાયત્વ સ્વરૂપે ધર્માસ્તિકાય ધ્રુવ છે તેવી રીતે અધર્માસ્તિકાયમાં પણ જાણી લેવું, ભેદ એટલો જ કે તે સ્થિતિનું કારણ છે.

એકાન્તથી આત્માને નિત્યજ માનવામાં આવે, તો તેના એક સ્વભાવને લીધે અવસ્થાનો ભેદ ન થઈ શકે અને તેમ થાય તો સંસાર અને મોક્ષના અભાવનો પ્રસંગ પ્રાપ્ત થાય. જો અવસ્થાના ભેદને કલ્પિત માનીએ, તો વસ્તુની અવસ્થાનો ભેદ તે વસ્તુનો સ્વભાવ નહિ હોવાથી તે યથાર્થ જ્ઞાનનો વિષય થઈ શકે નહિ તેને વસ્તુનો સ્વભાવ જ માનવામાં આવે તો વસ્તુ અનિત્ય માન્યા વિના અવસ્થાન્તરની ઉત્પત્તિ જ ન થઈ શકે, તેથી એકાન્ત નિત્યતાનો અભાવ થાય. આ પ્રમાણે એક જ પદાર્થમાં ઉત્પાદ, વ્યય ધ્રૌવ્ય એ ત્રણે અંશોને ન સ્વીકારવામાં આવે તો મનુષ્યાદિ તે દેવાદિ રૂપે ન થાય. તેમ ન થાય તો યમ નિયમાદિનું પાલન કરવું તે નિરર્થક થાય. એમ થવાથી આગમવચન વચનમાત્ર જ થાય. આ સર્વ ઉત્પાદ, વ્યય વ્યવહારથકી બતાવેલા છે. નિશ્ચયથકી તો દરેક પદાર્થો દરેક ક્ષણે ઉત્પાદાદિ યુક્ત છે. તેમ માનવાથી જ ભેદની સિદ્ધિ થાય છે. કહ્યું છે કે–દરેક વ્યક્તિમાં ક્ષણે ક્ષણે ભિન્નભિન્નપણું હોય છે, તેથી નરકાદિ ગતિના તેમજ સંસાર અને મોક્ષના ભેદ ઘટે છે. હિંસાદિ નરકાદિનું કારણ છે. સમ્યક્ત્વાદિ અપવર્ગનું કારણ છે, તે સર્વ ઉત્પાદાદિ યુક્ત વસ્તુનો સ્વીકાર કરવાથી ઘટે છે; જો ઉત્પાદાદિ રહિત વસ્તુને માનીએ તો યુક્તિથી આ સર્વ ઘટી શકે નહિ.

**તદ્ભાવાવ્યયં નિત્યમ્—૫-૩૦**

જે તે સ્વરૂપથી નાશ ન પામે તે નિત્ય છે.

**અર્પિતાનર્પિત સિદ્ધ: —૫-૩૧**

(પદાર્થોની સિદ્ધિ) વ્યવહાર નય અને નિશ્ચય નયના જ્ઞાન વડે કરીને થાય છે.

ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય એ ત્રણ રૂપ સત અને નિત્ય એ બન્ને મુખ્ય અને ગૌણ ભેદથી સિદ્ધ છે. જેમકે—દ્રવ્યરૂપથી મુખ્ય કરીને અને પર્યાયરૂપથી ગૌણ કરીને પદાર્થ દ્રવ્યરૂપ કહેવાય છે.

**સ્નિગ્ધરુક્ષત્વાદ્ બંધ:—૫-૩૨**

સ્નિગ્ધતા અને રૂક્ષત્વ (લુખાશ) વડે કરીને બંધ થાય છે અર્થાત્ સ્નિગ્ધ પુદ્‌ગલોનો લુખા પુદ્‌ગલો સાથે બંધ થાય છે.

**ન જઘન્ય ગુણાનામ્—૫-૩૩**

એક ગુણ (અંશ) વાળા સ્નિગ્ધ અને રૂક્ષ પુદ્‌ગલોનો પરસ્પર બંધ થતો નથી.

**ગુણસામ્યે સદ્દશાનામ્—૫-૩૪**

ગુણની સમાનતા હોતે છતે પણ સદ્દશ (એક જાતના) પુદ્‌ગલોનો બંધ થતો નથી.

એટલે સમાન ગુણવાળા સ્નિગ્ધ પુદ્‌ગલોનો સ્નિગ્ધ પુદ્‌ગલ સાથે અને રૂક્ષનો તેવા રૂક્ષ પુદ્‌ગલ સાથે બંધ થતો નથી. જેમકે ૪ અંશવાળા સ્નિગ્ધ પુદ્‌ગલોનો ૪ અંશવાળા સ્નિગ્ધ પુદ્‌ગલો સાથે અને ૪ અંશવાળા રૂક્ષ પુદ્‌ગલોનો ૪ અંશવાળા રૂક્ષ પુદ્‌ગલો સાથે બંધ થતો નથી.

**દ્વયધિકાદિગુણાનાં તુ—૫-૩૫**

દ્વિગુણ આદિ અધિક ગુણવાળા એક જાતના પુદ્‌ગલોનો બંધ થાય છે.

જેમકેઃ—બે આદિ ગુણવાળા સ્નિગ્ધ પુદ્ગલો સાથે ચાર આદિ ગુણવાળા સ્નિગ્ધ પુદ્ગલોનો બંધ થાય છે. પણ એક અધિક ત્રણ ગુણવાળા સમાન સાથે બંધ થતો નથી.

**બન્ધે સમાધિકૌ પારિણામિકૌ—૫-૩૬**

બંધ થયે છતે સમાન ગુણવાળાનો સમાન ગુણ પરિણામ અને હીન ગુણનો અધિક ગુણ પરિણામ થાય છે.

**ગુણ-પર્યાયવદ્ દ્રવ્યમ્—૫-૩૭**

ગુણ અને પર્યાયવાળું દ્રવ્ય છે, એટલે ગુણ અને પર્યાય જેને હોય તે દ્રવ્ય.

જેમકેઃ—પુદ્ગલનો ગુણ વર્ણ, ગંધ. રસ, સ્પર્શ અને નવાનું જુનું થવું તે પર્યાય (ફેરફાર) છે.

**કાલશ્ચેત્યે—ડકે-૫-૩૮**

કેટલાએક આચાર્ય કાળને પણ દ્રવ્ય કહે છે.

**સોડનન્તસમયઃ—૫-૩૯**

તે કાળ અનંત સમયાત્મક છે. વર્તમાનકાળ એક સમયાત્મક અને અતીત અનાગતકાળ અનંત સમયાત્મક છે.

**દ્રવ્યાશ્રયા નિર્ગુણા ગુણાઃ—૫-૪૦**

જે દ્રવ્યને આશ્રયીને રહે અને પોતે નિર્ગુણ (બીજા દ્રવ્યના ગુણ જેમાં ન) હોય તે ગુણ છે.

**તદ્ભાવઃ પરિણામઃ—૫-૪૧**

વસ્તુનો સ્વભાવ તે પરિણામ, પૂર્વોક્ત ધર્માદિ દ્રવ્યોનો તથા ગુણોનો સ્વભાવ તે પરિણામ જાણવો.

**અનાદિરાદિમાંશ્ચ—૫-૪૨**

અનાદિ અને આદિ એમ બે પ્રકારનો પરિણામ છે; અરૂપીને વિષે અનાદિ પરિણામ છે.

**રૂપિષ્વાદિમાન્—૫-૪૩**

રૂપિને વિષે આદિ પરિણામ છે. તે આદિ પરિણામ અનેક પ્રકારનો છે.

**યોગોપયોગૌ જીવેષુ—૫-૪૪**

જીવને વિષે પણ યોગ અને ઉપયોગના પરિણામ આદિવાળા છે.

## સમાપ્ત : પઞ્ચમોઽધ્યાયઃ

## અથ ષષ્ઠોઽધ્યાયઃ

# આશ્રવ તત્વ

**કાય-વાઙ્-મનઃ કર્મયોગઃ—૬-૧**

કાયસંબંધી વચનસંબંધી અને મનસંબંધી જે કર્મ (ક્રિયાપ્રવર્તન-વ્યાપાર) તે યોગ કહેવાય છે.

તે દરેક શુભ અને અશુભ એમ બે પ્રકારે છે. અશુભયોગ આ પ્રમાણે જાણવો. હિંસા, ચોરી અને મૈથુન વગેરે કાયિક; નિંદા, જૂઠું બોલવું, કઠોર વચન અને ચાડી વગેરે વાચિક અને કોઈના ધન હરણની ઈચ્છા, મારવાની ઈચ્છા, ઈર્ષ્યા, અસૂયા (ગુણમાં દોષારોપણ) વગેરે માનસિક. આથી વિપરીત તે શુભયોગ જાણવો.

**સ આસ્રવઃ—૬-૨**

પૂર્વોક્ત યોગ એ આશ્રવ (કર્મ આવવાનું કારણ) છે.

**શુભઃ પુણ્યસ્ય—૬-૩**

શુભ યોગ તે પુણ્યનો આશ્રવ છે.

**અશુભઃ પાપસ્ય—૬-૪**

અશુભ યોગ તે પાપનો આશ્રવ છે

**સકષાયાકષાયયોઃ સામ્પરાયિકેર્યાપથયોઃ—૬-૫**

સકષાયી (ક્રોધાદિવાળા) ને સામ્પરાયિક અને અકષાયી (કષાય રહિત)ને ઈર્યાપથિક (ચાલવા સંબંધી એક સમયની સ્થિતિનો) આશ્રવ થાય છે.

**અવ્રત-કષાયેન્દ્રિય-ક્રિયા:* પઞ્ચ-ચતુ:-પઞ્ચ-પઞ્ચ-વિંશતિ-સંખ્યા: પૂર્વસ્ય ભેદા:—૬-૬**

એ પૂર્વોક્ત (સામ્પરાયિક) આશ્રવના ભેદો અવ્રત, કષાય, ઈન્દ્રિય અને ક્રિયા છે, તેના અનુક્રમે પાંચ, ચાર, પાંચ અને પચીશ સંખ્યાવાળા ભેદો છે.

હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહ એ પાંચ અવ્રત, ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાય, ઇંદ્રિય પાંચ અને ૨૫ ક્રિયા. ક્રિયાઓ ૨૫ આ પ્રમાણે—૧ સમ્યક્ત્વ, ૨ મિથ્યાત્વ, ૩ પ્રયોગ, ૪ સમાદાન, ૫ ઈર્યાપથ, ૬ કાય, ૭ અધિકરણ, ૮ પ્રદોષ, ૯ પરિતાપન, ૧૦ પ્રાણાતિપાત, ૧૧ દર્શન (દૃષ્ટિ), ૧૨ સ્પર્શન, ૧૩ પ્રત્યય, ૧૪ સમંતાનુપાત, ૧૫ અનાભોગ, ૧૬ સ્વહસ્ત, ૧૭ નિસર્ગ (નૈસર્ગ); ૧૮ વિદારણ, ૧૯ આનયન, ૨૦ અનવકાંક્ષ, ૨૧ આરંભ ૨૨ પરિગ્રહ, ૨૩ માયા, ૨૪ મિથ્યાત્વદર્શન અને ૨૫ અપ્રત્યાખ્યાન. (આ પચીસ ક્રિયા નવતત્ત્વમાં વર્ણવેલ ૨૫ ક્રિયાના જેવા ભાવવાળી છે. નવતત્ત્વમાં આપેલ પ્રેમ અને દ્વેષ એ બે ક્રિયા આમાં આપી નથી તેના બદલે સમ્યક્ત્વ અને મિથ્યાત્વ એ બે ક્રિયા આપી છે.

---

* ૧ શુદ્ધ દર્શન મોહનીય (સમ્યક્ત્વ મોહનીય) ના દળીયાના અનુભવથી પ્રશમ આદિ લક્ષણ વડે જાણી શકાય એવી જે જીવાદિ પદાર્થ વિષયક શ્રદ્ધા તે રૂપ, જિન-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય-સાધુઓ યોગ્ય પુષ્પ ધૂપાદિ સામગ્રીવડે પૂજન અને અન્નપાન-વસ્ત્રાદિ દેવારૂપ અનેક પ્રકારની વૈયાવચ્ચ કરવા રૂપ, સમ્યક્ત્વાદિ ભાવ વૃદ્ધિના હેતુભૂત દેવાદિના જન્મ મહોત્સવ કરવા વગેરે સાતાવેદનીય બંધના કારણભૂત તે સમ્યક્ત્વ ક્રિયા. ૨ સમ્યક્ત્વથી વિપરીત તે મિથ્યાત્વક્રિયા. ૩ ધાવન વલ્ગનાદિ કાયવ્યાપાર, કઠોર અને અસત્ય ભાષણ વગેરે વચન વ્યાપાર અને ઈર્ષ્યા, દ્રોહ, અભિમાન વગેરે મનોવ્યાપાર રૂપ ક્રિયા તે પ્રયોગક્રિયા. ૪ ઇંદ્રિયોની ક્રિયા અથવા આઠ પ્રકારના કર્મ પુદ્ગલોનું ગ્રહણ તે

**તીવ્ર-મન્દ-જ્ઞાતાજ્ઞાતભાવ— વીર્યાધિકરણ-વિશેષેભ્ય-સ્તદ્-વિશેષ:—૬-૭**

એ ઓગણચાળીશ સાંપરાયિક આશ્રવના ભેદોની તીવ્ર—મંદ અને જ્ઞાત—અજ્ઞાત ભાવ વિશેષે કરીને, વીર્ય તથા અધિકરણ વિશેષે કરીને વિશેષતા છે.

**અધિકરણં જીવાજીવા:—૬-૮**

જીવ તથા અજીવ એ બે પ્રકારે અધિકરણ છે.

---

સમાદાન ક્રિયા. ૫ ગમનાગમનરૂપ ક્રિયા તે ઈર્યાપથ ક્રિયા. આ ક્રિયાથી કેવળીને માત્ર કાયયોગે એક સમયનો બંધ થાય છે. ૬ કાયાનો દુષ્ટ વ્યાપાર તે કાયક્રિયા. ૭ પરને ઉપઘાત કરે તેવા ગલ, પાશ, ઘંટી વગેરે અધિકરણ એ વગેરે વડે જીવોનું હનન કરવું તે અધિકરણ ક્રિયા. ૮ પ્રકૃષ્ટ દોષ તે પ્રદોષ ક્રોધાદિ, તે વડે જીવ અથવા અજીવ ઉપર દ્વેષ કરવો તે પ્રદોષ ક્રિયા. ૯ પોતાના કે પારકા હાથે પોતાને અથવા પરને પીડા કરવી તે પરિતાપન ક્રિયા. ૧૦ પોતાના કે પારકા જીવને હણવો હણાવવો તે પ્રાણાતિપાત ક્રિયા. ૧૧ રાગાદિ કૌતુક વડે અશ્વાદિ જોવા તે દર્શન ક્રિયા. ૧૨ રાગાદિના વશે સ્ત્રી આદિના અંગનો સ્પર્શ કરવો તે સ્પર્શન ક્રિયા. ૧૩ જીવ, અજીવ આશ્રયી જે કર્મબંધ તે પ્રત્યય ક્રિયા અથવા કર્મ બંધના કારણભૂત અધિકરણ આશ્રયી ક્રિયા તે પ્રત્યય ક્રિયા. ૧૪ પોતાનો ભાઈ, પુત્ર, શિષ્ય, અશ્વ વગેરેની સર્વ દિશાએથી જોવા આવેલા જનો વડે પ્રશંસા થયે છતે હર્ષ ધારણ કરવો તે સમંતાનુપાત ક્રિયા અથવા ઘી, તેલ પ્રમુખનાં વાસણો ઉઘાડા રાખવાથી તેમાં ત્રસાદિ જીવ પડવાથી જે ક્રિયા લાગે તે. ૧૫ ઉપયોગ રહિત શૂન્યચિત્તે કરવું તે અનાભોગ ક્રિયા. ૧૬ અન્યને કરવા યોગ્ય કાર્ય, અત્યંત અભિમાન વડે ગુસ્સે થવાથી પોતાના હાથે કરે તે સ્વહસ્ત ક્રિયા. ૧૭ રાજા આદિના આદેશે યંત્ર, શસ્ત્રાદિ

વળી તે બંનેના બે બે પ્રકાર છે. દ્રવ્ય અધિકરણ અને ભાવ અધિકરણ, દ્રવ્યાધિકરણ છેદનભેદનાદિ દશવિધ શસ્ત્ર અને ભાવાધિકરણ એકસો આઠ પ્રકારે છે.

**આદ્યં *સંરમ્ભ-સમારમ્ભારમ્ભ-યોગકૃતકારિતાનુમત-કષાય-વિશેષૈસ્ત્રિસ્ત્રિસ્ત્રિશ્ચતુશ્ચૈકશઃ—૬-૯**

પહેલું અર્થાત્ જીવાધિકરણ સંરંભ=મારવાનો વિચાર. સમારંભ=પીડા ઉપજાવવી અને આરંભ=હિંસા કરવી. એમ ત્રણ ભેદે છે. વળી તે દરેકના મન. વચન અને કાયા એ ત્રણ યોગવડે કરીને ત્રણ

---

ઘડાવવા તે નિસર્ગ ક્રિયા. ૧૮ જીવ અજીવનું વિદારણ કરવું અથવા કોઈનાં અછતાં દૂષણ પ્રકાશ કરી તેની માન-પ્રતિષ્ઠાનો નાશ કરવો તે વિદારણ ક્રિયા. ૧૯ જીવ કે અજીવને અન્યદ્વારા બોલાવવા તે આનયન ક્રિયા. ૨૦ વીતરાગે કહેલ વિધિમાં સ્વપરના હિતને વિષે પ્રમાદવશે કરી અનાદર કરવો તે અનવકાંક્ષા ક્રિયા. ૨૧ પૃથ્વીકાયાદિ જીવોના ઉપઘાત કરનાર ખેતી આદિનો આરંભ કરવો અથવા ઘાસ વગેરે છેદવા તે આરંભ ક્રિયા. ૨૨ ધન ધાન્યાદિ ઉપાર્જન કરવું અને તેના રક્ષણની મૂર્ચ્છા રાખવી તે પરિગ્રહ ક્રિયા. ૨૩ કપટવડે અન્યને છેતરવું-મોક્ષનાં સાધન જ્ઞાનાદિને વિષે કપટપ્રવૃત્તિ તે માયા ક્રિયા. ૨૪ જિન વચનથી વિપરીત શ્રદ્ધાન કરવું તથા વિપરીત પ્રરૂપણા કરવી તે મિથ્યાદર્શન ક્રિયા. ૨૫ સંયમના વિઘાતકારી કષાયાદિનો ત્યાગ નહિ કરવો તે અપ્રત્યાખ્યાન ક્રિયા. નવતત્ત્વાદિ પ્રકરણાદિને વિષે સમ્યક્ત્વ અને મિથ્યાત્વ એ બે ક્રિયાને સ્થાને પ્રેમપ્રત્યય (માયા અને લોભના ઉદયે પરને પ્રેમ ઉપજાવવો) અને દ્વેષપ્રત્યય (ક્રોધ અને માનના ઉદયે પરને દ્વેષ ઉપજાવવો) એ બે ક્રિયા છે અને બાકીની બધી સરખી છે. સરાગી જીવ સ્વામી હોવાથી તેની મુખ્યતા લઈને સમ્યક્ત્વને બદલે પ્રેમપ્રત્યય અને કદાગ્રહી વગેરે કારણથી મિથ્યાદૃષ્ટિ સ્વામી હોવાથી મિથ્યાત્વને બદલે દ્વેષપ્રત્યય, ક્રિયા ત્યાં વર્ણવેલ છે એમ સમજવું.

ત્રણ ભેદ થાય છે, એટલે નવ ભેદ થયા વળી તે દરેકના કરવું, કરાવવું, અને અનુમોદવું એ ત્રણ કરણ વડે કરીને ત્રણ ત્રણ ભેદ થાય છે, એટલે ૨૭ ભેદ થયા વળી તે દરેકના ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાય વડે કરી ચાર ચાર ભેદ થાય છે, એટલે કુલ ૧૦૮ ભેદ થયા.

તે આ પ્રમાણે-ક્રોધકૃત વચન સંરંભ, માનકૃત વચન સંરંભ, માયાકૃત વચન સંરંભ અને લોભકૃત વચન સંરંભ એ ચાર અને કારિત તથા અનુમતના ચાર ચાર મળીને બાર ભેદ વચન સંરંભના થયા. તેવી જ રીતે કાય અને મન સંરંભના બાર બાર ભેદ લેતાં છત્રીસ ભેદ સંરંભના થયા. આરંભ અને સમારંભના પણ એ રીતે છત્રીસ છત્રીસ ગણતાં ૧૦૮ ભેદ થાય.

**નિર્વર્તના-નિક્ષેપ-સંયોગ-નિસર્ગા દ્વિચતુર્દ્વિત્રિભેદાઃ પરમ્ —૬-૧૦**

બીજા અજીવાધિકરણના-નિર્વર્તનાના બે (મૂલગુણનિર્વર્તના* અને ઉત્તરગુણનિર્વર્તના+), નિક્ષેપાધિકરણના ચાર અપ્રત્યવેક્ષિત=જોયા વિના વસ્તુ મૂકવી. દુષ્પ્રમાર્જિત=પ્રમાર્જ્યા વિના વસ્તુ મૂકવી. સહસા-અકસ્માત્ વસ્તુ મૂકવી અને અનાભોગ-સંસ્કાર=ઉપયોગ વિના જોયા અને પ્રમાર્જ્યા વિના શરીરાદિ રાખવું. સંયોગાધિકરણના બે (ભક્ત પાન ને ઉપકરણ) અને નિસર્ગાધિકરણના ત્રણ (મન, વચન ને કાયા,) ભેદ છે.

**તત્પ્રદોષ-નિન્હવ-માત્સર્યાન્તરાયા-સાદનોપઘાતા જ્ઞાન-દર્શનાવરણયોઃ —૬-૧૧**

જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનનાં કે દર્શન, દર્શની ને દર્શનનાં સાધનોના ઉપર દ્વેષ કરવો. નિન્હવપણું (ગુરૂ ઓળવવા-ઓછા જ્ઞાન વાળા

* શરીર વચન, મન, પ્રાણ અને અપાન એ મુલગુણનિર્વર્તના.

\+ કાષ્ટ, પુસ્તક, ચિત્રકર્મ તે ઉત્તરગુણનિર્વર્તના.

પાસે ભણેલ હોય છતાં પોતાની પ્રશંસા માટે મોટા વિદ્વાન પાસે ભણેલ છે એમ જણાવવું), માત્સર્ય (ઈર્ષ્યાભાવ), અંતરાય (વિઘ્ન), આશાતના અને ઉપઘાત (નાશ) કરવો એ છ જ્ઞાનાવરણ તથા દર્શનાવરણના આશ્રવના કારણ છે.

**દુ:ખ-શોક-તાપાક્રન્દન-વધ-પરિદેવનાન્યાત્મ-પરોભય-સ્થાન્ય-સદ્વેદ્યસ્ય—૬-૧૨**

દુ:ખ, શોક, પશ્ચાત્તાપ, રૂદન, વધ, અને પરિદેવન (હૃદયફાટ રૂદન, જેનાથી નિર્દયને પણ દયા ઉત્પન્ન થાય), એ પોતાને કરવા, પરને ઉત્પન્ન કરવા અથવા બંનેમાં ઉત્પન્ન કરવા, એ અસાતાવેદનીયના આશ્રવ છે.

**ભૂતવ્રત્યનુકમ્પા દાનં સરાગસંયમાદિયોગ: ક્ષાન્તિ: શૌચમિતિ સદ્વેદ્યસ્ય—૬-૧૩**

પ્રાણિમાત્રની અને વ્રતધારીઓની વિશેષે અનુકંપા (દયા), દાન, સરાગસંયમ (રાગવાળું ચારિત્ર), દેશવિરતિ ચારિત્ર, બાલતપ, સત્-ક્રિયારૂપ યોગ, ક્ષમા, અને શૌચ એ પ્રકારે શાતા વેદનીયના આશ્રવો છે.

**કેવલિ-શ્રુત-સઙ્ઘ-ધર્મ-દેવાવર્ણવાદો દર્શનમોહસ્ય—૬-૧૪**

કેવલી ભગવાન્ શ્રુત, સંઘ, ધર્મ, અને (ચાર પ્રકારના) દેવનો અવર્ણવાદ એ દર્શન મોહનીયના આશ્રવના હેતુ છે.

**કષાયોદયાત્તીવ્રાત્મપરિણામશ્ચારિત્રમોહસ્ય—૬-૧૫**

કષાય (સોળ કષાય અને નવ નોકષાય) ના ઉદયથી થયેલ તીવ્ર આત્મપરિણામ તે ચારિત્ર મોહનીયના આશ્રવ છે.

**બહ્વારમ્ભ-પરિગ્રહત્વં ચ નારકસ્યાયુષ:—૬-૧૬**

બહુ આરંભ અને બહુ પરિગ્રહપણું એ નારક આયુષ્યનો આશ્રવ છે.

**માયા તૈર્યગ્યોનસ્ય—૬-૧૭**

માયા તિર્યંચ યોનિવાળાના આયુષ્યનો આશ્રવ છે.

**અલ્પારમ્ભ-પરિગ્રહત્વં સ્વભાવ-માર્દવાર્જવં ચ માનુષસ્ય—૬-૧૮**

અલ્પ આરંભ, અલ્પ પરિગ્રહપણું, સ્વાભાવિક નમ્રતા અને સરળતા એ મનુષ્યાયુના આશ્રવ છે.

**નિઃશીલ-વ્રતત્વં ચ સર્વેષામ્—૬-૧૯**

શીલ (દિગ્વ્રતાદિ) અને વ્રત (અહિંસાદિ) રહિતપણું એ સર્વ (પૂર્વોક્ત ત્રણ) આયુષ્યનો આશ્રવ છે.

**સરાગસંયમ-સંયમાસંયમા-કામનિર્જરા-બાલતપાંસિ દૈવસ્ય—૬-૨૦**

સરાગસંયમ, સંયમાસંયમ (દેશવિરતિપણું), અકામનિર્જરા અને બાલતપ (અજ્ઞાનતપ) એ દેવાયુના આશ્રવ છે.

**યોગવક્રતા વિસંવાદનં ચાશુભસ્ય નામ્નઃ—૬-૨૧**

મન, વચન, અને કાયયોગની વક્રતા (કુટિલતા) તથા વિસંવાદન (અન્યથા પ્રરૂપણા, ચિન્તનક્રિયા વગેરે) એ અશુભ નામકર્મના આશ્રવ છે.

**વિપરીતં શુભસ્ય—૬-૨૨**

ઉપર કહ્યાથી વિપરીત એટલે મન. વચન, કાય યોગની સરળતા અને યથાયોગ્ય પ્રરૂપણા એ શુભ નામકર્મના આશ્રવ છે.

**દર્શનવિશુદ્ધિ-વિનયસંપન્નતા-શીલવ્રતેષ્વનતિચારોઽભીક્ષ્ણં જ્ઞાનોપયોગ - સંવેગૌ - શક્તિતસ્ત્યાગ-તપસી—સંઘ-સાધુ સમાધિ-વૈયાવૃત્યકરણ-મર્હદાચાર્ય-બહુશ્રુત-પ્રવચન-ભક્તિ-રાવશ્યકાપરિહાણિ-ર્માર્ગપ્રભાવના પ્રવચનવત્સલત્વમિતિ તીર્થકૃત્ત્વસ્ય—૬-૨૩**

ઉત્કૃષ્ટ દર્શન શુદ્ધિ, વિનય સંપન્નતા, શીલવ્રતોમાં અનતિચારપણું, નિરંતર જ્ઞાનોપયોગ તથા સંવેગ (મોક્ષ સુખનો અભિલાષ–મોક્ષ સાધવાનો ઉદ્યમ); યથાશક્તિ દાન અને તપ, સંઘ અને સાધુઓની સમાધિ અને વૈયાવચ્ચ કરવું. અર્હંત, આચાર્ય, બહુશ્રુત અને પ્રવચનની ભક્તિ; આવશ્યક (પ્રતિક્રમણ વગેરે જરૂરી યોગ્ય) નું કરવું, શાસનપ્રભાવના અને પ્રવચન (સંઘ) ને વિષે વત્સલતા એ (સોળ તીર્થંકર નામકર્મના આશ્રવ છે.

## પરાત્મનિન્દા-પ્રશંસે સદસદ્‌ગુણાચ્છાદનોદ્‌ભાવને ચ નીચૈર્ગોત્રસ્ય—૬-૨૪

પરનિંદા, આત્મપ્રશંસા, પરના છતા ગુણનું આચ્છાદન અને પોતાના અછતા ગુણનું પ્રગટ કરવું, એ નીચ ગોત્રના આશ્રવ છે.

## તદ્‌વિપર્યયો નીચૈર્વૃત્ત્યનુત્સેકૌ ચોત્તરસ્ય—૬-૨૫

ઉપર કહ્યાથી વિપરીત એટલે આત્મનિંદા. પર પ્રશંસા, પોતાના છતા ગુણનું આચ્છાદન અને પરના અછતા ગુણનું પ્રગટ કરવું. નમ્ર વૃત્તિનું પ્રવર્તન અને કોઈની સાથે ગર્વ નહિ કરવો, એ ઉચ્ચ ગોત્રના આશ્રવ છે.

## વિઘ્નકરણ-મન્તરાયસ્ય—૬-૨૬

વિઘ્ન કરવું એ અંતરાય કર્મનો આશ્રવ છે.

એ પ્રકારે સાંપરાયિકના આઠ પ્રકારના જૂદા જૂદા આશ્રવો જાણવા.

## સમાપ્તઃ ષષ્ઠોઽધ્યાયઃ

★

# અથ સપ્તમોઽધ્યાયઃ

**હિંસા-ઽનૃત-સ્તેયા બ્રહ્મ-પરિગ્રહેભ્યો વિરતિર્વ્રતમ્ – ૭-૧**

હિંસા, અસત્ય ભાષણ, ચોરી, મૈથુન અને પરિગ્રહ થકી વિરમવું એ વ્રત છે. અર્થાત્ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને નિષ્પરિગ્રહતા એ પાંચ વ્રત છે.

**દેશ-સર્વતોઽણુ-મહતી – ૭-૨**

એ હિંસાદિકની દેશથકી વિરતિ તે અણુવ્રત અને સર્વ થકી વિરતિ તે મહાવ્રત કહેવાય છે.

**તત્સ્થૈર્યાર્થં ભાવનાઃ પઞ્ચ પઞ્ચ—૭-૩**

એ વ્રતાની સ્થિરતા માટે દરેકની પાંચ પાંચ ભાવનાઓ હોય છે.

પાંચ વ્રતની ભાવના આ પ્રમાણે—૧ ઈર્યાસમિતિ, ૨ મનોગુપ્તિ, ૩ એષણાસમિતિ, ૪ આદાનનિક્ષેપણસમિતિ અને ૫ આલોકિત (સારા પ્રકાશવાળા સ્થાન અને ભાજનમાં સારી રીતે તપાસ કરી જયણા સહિત) ભાત પાણી વાપરવુ, એ પાંચ અહિંસા વ્રતની: ૧ વિચારીને ભાષણ, ૨ ક્રોધત્યાગ, ૩ લોભત્યાગ, ૪ ભયત્યાગ અને ૫ હાસ્યત્યાગ, એ પાંચ સત્યવ્રતની; ૧ અનિંદ્ય વસતિ (ક્ષેત્ર)નું યાચન, ૨ વારંવાર વસતિનું યાચન, ૩ જરૂર પુરતા પદાર્થનુ યાચન. ૪ સાધર્મિક પાસેથી ગ્રહણ તથા યાચન અને ૫ ગુરૂની અનુજ્ઞા લઈને પાન અને ભોજન કરવું, એ પાંચ અસ્તેય વ્રતની; ૧ સ્ત્રી, પશુ, પંડક (નપુંસક) વાળા સ્થાને નહિ વસવું, ૨ રાગ યુક્ત સ્ત્રીકથા ન કરવી, ૩ સ્ત્રીઓનાં અંગોપાંગ જોવાં નહિ, ૪ પૂર્વે કરેલા વિષયભોગ સંભારવા નહિ અને ૫ કામ ઉત્પન્ન કરે તેવાં ભોજન વાપરવાં નહિ. એ પાંચ બ્રહ્મચર્યવ્રતની; અને અકિંચન વ્રતની સ્થિરતા માટે ઈંદ્રિયોના મનોજ્ઞ વિષય ઉપર રાગ=આસક્તિ કરવી નહિ અને અનિષ્ટ વિષય ઉપર દ્વેષ કરવો નહિ. એ પાંચ ભાવના પરિગ્રહની જાણવી.

**હિંસાદિષ્વિહામુત્ર ચાપાયાવદ્યદર્શનમ્—૭-૪**

હિંસાદિને વિષે આ લોક અને પરલોકના અપાયદર્શન (શ્રેયોર્થના નાશની દૃષ્ટિ) અને અવદ્યદર્શન (નિંદનીયપણાની દૃષ્ટિ) ભાવવાં.

અર્થાત્—હિંસાદિકથી આલોક અને પરલોકને વિષે પોતાના શ્રેયનો નાશ થાય છે એને પોતે નિંદાય છે એ વાત લક્ષ્યમાં રાખવી. મતલબ કે તેનાથી થતા અને થવાના નુકશાન ચિંતવી તેથી વિરમવું.

**દુઃખમેવ વા—૭-૫**

અથવા હિંસાદિને વિષે દુઃખ જ છે એમ ભાવવું.

**મૈત્રી-પ્રમોદ-કારુણ્ય-માધ્યસ્થ્યાનિ સત્ત્વ-ગુણાધિક-ક્લિશ્યમાના-વિનેયેષુ—૭-૬**

સર્વ જીવો સાથે મિત્રતા, ગુણાધિક ઉપર પ્રમોદ. દુઃખી જીવો ઉપર કરૂણાબુદ્ધિ અને અવિનીત (મૂઢ) જીવો ઉપર, મધ્યસ્થતા (ઉપેક્ષા) ધારણ કરવી.

**જગત્કાયસ્વભાવૌ ચ સંવેગ-વૈરાગ્યાર્થમ્—૭-૭**

સંવેગ અને વૈરાગ્યને અર્થે જગત્ સ્વભાવની અને કાયસ્વભાવની ભાવના કરવી.

સર્વ દ્રવ્યોનું અનાદિ કે આદિ પરિણામે પ્રકટન, અંતર્ભાવ, સ્થિતિ, અન્યત્વ, પરસ્પર અનુગ્રહ અને વિનાશ ભાવવાં, તે જગત્ સ્વભાવ. આ કાયા અનિત્ય, દુઃખના હેતુભૂત, અસાર અને અશુચિમય છે એમ ભાવવું તે કાયસ્વભાવ. સંસારભીરૂતા, આરંભ પરિગ્રહને વિષે દોષ જોવાથી અરતિ, ધર્મ અને ધર્મીમાં બહુમાન, ધર્મશ્રવણ અને સાધર્મિકના દર્શનને વિષે મનની પ્રસન્નતા અને ઉત્તરોત્તર ગુણની પ્રાપ્તિમાં શ્રદ્ધા તે સંવેગ. શરીર, ભોગ અને સંસારની ઉદ્વિગ્નતા (ગ્લાનિ) વડે ઉપશાંત થયેલ પુરુષની બાહ્ય અને અભ્યંતર ઉપાધિને વિષે અનાસક્તિ તે વૈરાગ્ય.

**પ્રમત્તયોગાત્પ્રાણ-વ્યપરોપણં હિંસા—૭-૮**

પ્રમત્તયોગ (મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથાના વ્યાપાર) વડે કરીને પ્રાણનો નાશ કરવો તે હિંસા.

**અસદભિધાનમનૃતમ્—૭-૯**

મિથ્યા કથન તે અનૃત (અસત્ય) છે.

અસત્ શબ્દે અહીં સદ્ભાવનો પ્રતિષેધ, અર્થાન્તર અને ગર્હા એ ત્રણનું ગ્રહણ કરવું. આત્મા નથી, પરલોક નથી એ પ્રકારે બોલવું તે ભૂતનિન્હવ (છતી વસ્તુનો નિષેધ કરવો) અને ચોખાના દાણા જેવડો અથવા અંગુઠાના પર્વ જેવડો આત્મા છે. સૂર્ય જેવો તેજસ્વી અને નિષ્ક્રિય આત્મા છે, એમ કહેવું તે અભૂતોદ્ભાવન (અસત્ પદાર્થનું પ્રતિપાદન કરવું), એ બે ભેદે સદ્ભાવ પ્રતિષેધ છે. ગાયને અશ્વ અને અશ્વને ગાય કહેવી તે અર્થાન્તર-જે પદાર્થ જેવો છે તેથી અન્ય કહેવો. હિંસા, કઠોરતા અને પૈશુન્ય વગેરે યુક્ત વચન તે ગર્હા;

**અદત્તાદાનં સ્તેયમ્ -૭-૧૦**

અદત્ત (કોઈએ નહિ આપેલ) વસ્તુનું ગ્રહણ તે ચોરી કહેવાય છે.

**મૈથુનમબ્રહ્મ—૭-૧૧**

સ્ત્રી પુરુષનું કર્મ-મૈથુન (સ્ત્રીસેવન) તે અબ્રહ્મ કહેવાય છે.

**મૂર્ચ્છા પરિગ્રહઃ—૭-૧૨**

મૂર્ચ્છા પરિગ્રહ છે,

**નિઃશલ્યો વ્રતી—૭-૧૩**

શલ્ય (માયા, નિયાણું અને મિથ્યાત્વ) રહિત વ્રતવાળો હોય તે વ્રતી કહેવાય છે.

### અગાર્યનગારશ્ચ—૭–૧૪

પૂર્વોક્ત વ્રતી અગારી (ગૃહી) અને અણગારી (સાધુ) એ બે ભેદે હોય છે.

### અણુવ્રતોઽગારી—૭–૧૫

અણુવ્રતવાળો અગારી વ્રતી છે.

### દિગ્દેશાનર્થદંડવિરતિ–સામાયિક–પૌષધોપવાસોપભોગપરિભોગા–તિથિસંવિભાગવ્રતસંપન્નશ્ચ—૭–૧૬

દિક્‌પરિમાણવ્રત, દેશાવકાશિકવ્રત, અનર્થદંડવિરમણવ્રત, સામાયિકવ્રત, ઉપભોગપરિમાણવ્રત અને અતિથિસંવિભાગવ્રત એ વ્રતોથી પણ યુક્ત હોય તે અગારી વ્રતી કહેવાય છે. અર્થાત્ પાંચ અણુવ્રત અને આ સાત (શીલવ્રત) મળી બાર વ્રત ગૃહસ્થને હોય છે.

દશ દિશાઓમાં જવા આવવાનું પરિમાણ કરવું તે દિગ્વ્રત. પોતાને આવરણ કરનારાં ઘર, ક્ષેત્ર, ગામ આદિમાં ગમનાગમનનો યથાશક્તિ અભિગ્રહ તે દેશવ્રત, ભોગોપભોગથી વ્યતિરિક્ત પદાર્થોને માટે દંડ (કર્મ બંધ) તે અનર્થદંડ, તેની વિરતિ તે અનર્થદંડ વિરમણવ્રત, નિયતકાળ સુધી સાવદ્ય યોગનો ત્યાગ તે સામાયિકવ્રત. પર્વ દિવસે ઉપવાસ કરી પૌષધ કરવો તે પૌષધોપવાસવ્રત. બહુ સાવદ્ય ઉપભોગપરિભોગ* યોગ્ય વસ્તુનું પરિમાણ તે ઉપભોગપરિભોગવ્રત. ન્યાયોપાર્જિત દ્રવ્યવડે તૈયાર કરેલ કલ્પનીય આહારાદિ પદાર્થો દેશ, કાળ, સત્કાર અને શ્રદ્ધાયોગે અત્યંત અનુગ્રહબુદ્ધિએ સંયમી પુરુષોને આપવાં તે અતિથિસંવિભાગવ્રત.

---

* ખાનપાનાદિ એક વખત ભોગવાય તે ઉપભોગ અને વસ્ત્ર અલંકારાદિ વારંવાર ભોગવાય તે પરિભોગ.

## મારણાન્તિકીં સંલેખનાં જોષિતા—૭-૧૭

વળી તે વ્રતી મારણાન્તિક સંલેખનાનો સેવનાર હોવો જોઇએ.

કાળ, સંઘયણ, દુર્બળતા અને ઉપસર્ગ દોષથકી ધર્માનુષ્ઠાનની પરિહાણિ જાણીને ઊણોદરી આદિ તપવડે આત્માને નિયમમાં લાવી ઉત્તમવ્રતસંપન્ન હોય તે ચારે પ્રકારના આહારનો ત્યાગ કરી જીવન પર્યંત ભાવના અને અનુપ્રેક્ષા (વારંવાર અર્થની વિચારણા)માં તત્પર રહી, સ્મરણ અને સમાધિમાં બહુધા પરાયણ થઈ, મરણ સમયની સંલેખના (અનશન)ને સેવનાર મોક્ષમાર્ગનો આરાધક થાય છે.

## શંકા-કાંક્ષા-વિચિકિત્સા-ઽન્યદૃષ્ટિપ્રશંસા-સંસ્તવાઃ સમ્યગ્દૃષ્ટેરતિચારાઃ —૭-૧૮

શંકા (સિદ્ધાંતની વાતોમાં શંકા), આકાંક્ષા (પર મતની ઇચ્છા, આલોક પરલોકના વિષયની ઇચ્છા), વિચિકિત્સા (ધર્મના ફળની શંકા રાખવી-સાધુ સાધ્વીનાં મલિન ગાત્ર દેખી દુર્ગંછા કરવી. આ પણ છે આ પણ છે એવો મતિનો ભ્રમ), અન્યદૃષ્ટિ ( ક્રિયા, અક્રિયા, વિનય અને અજ્ઞાન મતવાળા ) ની પ્રશંસા કરવી અને અન્યદૃષ્ટિનો પરિચય કરવો (કપટથી કે સરલપણે છતા અછતા ગુણોનું કહેવું તે સંસ્તવ), એ સમ્યગ્દૃષ્ટિના અતિચારો છે.

## વ્રતશીલેષુ પઞ્ચ પઞ્ચ યથાક્રમમ્—૭-૧૯

અહિંસાદિ પાંચ અણુવ્રત અને દિગ્વ્રતાદિ સાત શીલવ્રતને વિષે અનુક્રમે (આગળ કહીશું તે મુજબ) પાંચ પાંચ અતિચારો હોય છે.

## બન્ધ-વધ-ચ્છવિચ્છેદા—તિભારારોપણા-ન્નપાનનિરોધાઃ —૭-૨૦

બંધ (બાંધવું), વધ (મારવું), છવિચ્છેદ (નાક કાન વિંધવા, ડામ દેવા વગેરે), અતિભારારોપણ (હદ ઉપરાંત ભાર ભરવો) અને

અન્નપાન નિરોધ (ખાવાપીવાનું રોકવું.) એ પાંચ અહિંસાવ્રતના અતિચાર છે.

**મિથ્યોપદેશ-રહસ્યાભ્યાખ્યાન-કૂટલેખક્રિયા—ન્યાસાપહાર-સાકારમન્ત્ર-ભેદાઃ—૭-૨૧**

મિથ્યા ઉપદેશ (જૂઠી સલાહ) રહસ્યાભ્યાખ્યાન (સ્ત્રી પુરુષના ગુપ્ત ભેદ પ્રગટ કરવા), કૂટલેખ ક્રિયા (ખોટા દસ્તાવેજ કરવા), ન્યાસાપહાર (થાપણ ઓળવવી) અને સાકાર-મંત્રભેદ (ચાડી કરવી, ગુપ્ત વાત કહી દેવી), એ બીજા વ્રતના અતિચાર છે.

**સ્તેનપ્રયોગ-તદાહૃતાદાન-વિરુદ્ધરાજ્યાતિક્રમ-હીનાધિક-માનોન્માન-પ્રતિરુપકવ્યવહારાઃ—૭-૨૨**

સ્તેનપ્રયોગ (ચોરને સહાય આપી તેના કામને ઉત્તેજન આપવું), તદાહૃતાદાન (તેની લાવેલ વસ્તુ થોડા મૂલ્યે ખરીદ કરવી). વિરૂદ્ધ રાજ્યાતિક્રમ (રાજ્ય વિરૂદ્ધ કાર્ય કરવું-રાજાએ નિષિદ્ધ કરેલા દેશમાં ગમન કરવું), હીનાધિક માનોન્માન (તોલ માપમાં ઓછું આપવું. વધતું લેવું.) અને પ્રતિરૂપક વ્યવહાર (સારી ખોટી વસ્તુને સેળભેળ કરવી), એ અસ્તેય વ્રતના અતિચાર છે.

**પરવિવાહકરણે-ત્વરપરિગૃહીતા-પરિગૃહીતાગમના-નઙ્ગક્રીડા તીવ્રકામાભિનિવેશાઃ—૭-૨૩**

પરવિવાહ કરણ (પારકા વિવાહ કરાવવા), ઈત્વર પરિગૃહીતાગમન (થોડા કાળ માટે કોઈએ સ્ત્રી કરીને રાખેલ સ્ત્રીની સાથે સંગ કરવો). અપરિગૃહીતાગમન (પરણ્યા વિનાની કુમારી વેશ્યા વગેરે સ્ત્રી સાથે સંગ કરવો), અનંગક્રીડા (નિયમ વિરૂદ્ધ અંગો વડે ક્રીડા કરવી) અને તીવ્ર કામાભિનિવેશ (કામથી અત્યંત વિહ્વળ થવું). એ પાંચ બ્રહ્મચર્ય વ્રતના અતિચાર છે.

**ક્ષેત્રવાસ્તુ-હિરણ્યસુવર્ણ-ધનધાન્ય-દાસીદાસ-કુપ્યપ્રમાણાતિક્રમાઃ—૭-૨૪**

૧ ક્ષેત્ર-વાસ્તુ-(ઘર), ૨ હિરણ્ય-સુવર્ણ, ૩ ધન-ધાન્ય, ૪ દાસ-વાસી અને ૫ કુપ્ય (તાંબા પીત્તળ આદિ ધાતુનાં વાસણ વગેરે) ના પરિમાણનું અતિક્રમણ કરવું એ પાંચ અતિચાર પરિગ્રહ પરિમાણ વ્રતના જાણવા.

**ઉર્ધ્વાધસ્તિર્યગ્વ્યતિક્રમ-ક્ષેત્રવૃદ્ધિ-સ્મૃત્યન્તર્ધાનાનિ—૭-૨૫**

ઉર્ધ્વદિગ્વ્યતિક્રમ (નિયમ ઉપરાંત ઉપરની દિશામાં આગળ જવું) અધોદિગ્વ્યતિક્રમ, તિર્યગ્ દિગ્ વ્યતિક્રમ, ક્ષેત્રવૃદ્ધિ (એક બાજુ ઘટાડી બીજી બાજુ વધારવું) અને સ્મૃત્યંતર્ધાન (યાદદાસ્તનું વિસ્મરણ થવાથી નિયમ ઉપરાંતની દિશામાં ગમન કરવું), એ પાંચ દિગ્ વિરમણ વ્રતના અતિચાર છે.

**આનયન-પ્રેષ્યપ્રયોગ-શબ્દ-રૂપાનુપાત-પુદ્ગલક્ષેપાઃ—૭-૨૬**

આનયન પ્રયોગ (નિયમિત ભૂમિથકી બાહેરથી ઇચ્છિત વસ્તુ મંગાવવી), પ્રેષ્યપ્રયોગ (મોકલવી), શબ્દાનુપાત (શબ્દ કરી બોલાવવો), રૂપાનુપાત (પોતાનું રૂપ દેખાડી બોલાવવો) અને પુદ્ગલ પ્રક્ષેપ (માટી પથ્થર વગેરે પુદ્ગલ ફેંકી બોલાવવો), એ પ્રકારે દેશાવકાશિક વ્રતના પાંચ અતિચાર જાણવા.

**કન્દર્પ-કૌકુચ્ય-મૌખર્યા-સમીક્ષ્યાધિકરણો-પભોગાધિકત્વાનિ—૭-૨૭**

કંદર્પ (રાગયુક્ત અસભ્ય વચન બોલવાં, હાસ્ય કરવું), કૌકુચ્ય (દુષ્ટ કાયપ્રચારની સાથે રાગયુક્ત અસભ્ય ભાષણ અને હાસ્ય કરવું), મુખરતા (અસંબદ્ધ-હદ વિનાનું બોલવું) અસમીક્ષ્યાધિકરણ (વિચાર્યા વિના અધિકરણ એકત્ર કરવાં) અને ઉપભોગાધિકત્વ (ઉપભોગ કરતાં વધારે વસ્તુઓ એકત્ર કરવી), એ પાંચ અનર્થદંડ વિરમણ વ્રતના અતિચાર છે.

**યોગાદુષ્પ્રણિધાના-નાદર-સ્મૃત્યનુપસ્થાપનાનિ—૭-૨૮**

કાયદુષ્પ્રણિધાન ( અજયણાથી પ્રવૃત્તિ ), વાગ્દુષ્પ્રણિધાન, મનોદુષ્પ્રણિધાન, અનાદર અને સ્મૃત્યનુપસ્થાપન. (સામાયિક લેવું વિસાર્યું, બે ઘડી પહેલાં પાર્યું પારવું વિસાર્યું, આદિ વિસ્મરણપણું), એ પાંચ સામાયિક વ્રતના અતિચાર છે.

**અપ્રત્યવેક્ષિતાપ્રમાર્જિતોત્સર્ગાદાનનિક્ષેપ-સંસ્તારોપક્રમણા-નાદર-સ્મૃત્યનુપસ્થાપનાનિ—૭-૨૯**

અપ્રત્યવેક્ષિત, અપ્રમાર્જિત, ઉત્સર્ગ (બરાબર રીતે નહિ જોયેલ અને નહિ પ્રમાર્જેલ ભૂમિમાં લઘુનીતિ વડીનીતિ કરવાં), અપ્રત્યવેક્ષિત અપ્રમાર્જિત ભૂમિમાં સંથારો કરવો, વ્રતને વિષે અનાદર કરવો અને સ્મૃત્યનુપસ્થાપન (ભૂલી જવું), એ પૌષધોપવાસ વ્રતના અતિચાર છે.

**સચિત્ત-સંબદ્ધ-સંમિશ્રા-ભિષવ-દુષ્પક્વાહારાઃ—૭-૩૦**

સચિત્ત આહાર, સચિત્ત વસ્તુના સંબંધવાળો આહાર, સચિત્ત વસ્તુથી મિશ્રિત આહાર, તુચ્છાહાર, કાચોપાકો સચિત આહાર, એ પાંચ ઉપભોગ-પરિભોગ વિરમણ વ્રતના અતિચાર છે.

**સચિત્તનિક્ષેપ-પિધાન-પરવ્યપદેશ-માત્સર્ય-કાલાતિક્રમાઃ—૭-૩૧**

સચિત્તનિક્ષેપ, (પ્રાસુક આહારાદિ સચિત્ત વસ્તુ ઉપર મૂકવાં.) સચિત્તપિધાન, (પ્રાસુક આહારાદિને સચિત્ત વસ્તુ વડે ઢાંકી દેવાં), પરવ્યપદેશ કરવો, (ન આપવા માટે પોતાની વસ્તુ પરની છે એમ કહેવું) માત્સર્ય, (અભિમાન લાવી દાન દેવું) અને કાલાતિક્રમ (ભોજન કાળ વિત્યાબાદ નિમંત્રણા કરવી) એ પાંચ અતિચાર અતિથિ સંવિભાગ વ્રતના છે.

**જીવિત-મરણાશંસા-મિત્રાનુરાગ-સુખાનુબન્ધ-નિદાન-કરણાનિ – ૭-૩૨**

જીવિતાશંસા (જીવવાની ઈચ્છા), મરણાશંસા, મિત્રાનુરાગ, સુખાનુબંધ (સુખનો સંબંધ કે સ્મરણ કરવું), અને નિદાનકરણ (નિયાણું બાંધવું), એ પાંચ સંલેખનાના અતિચાર જાણવા.

**અનુગ્રહાર્થં સ્વસ્યાતિસર્ગો દાનમ્—૭-૩૩**

ઉપકાર બુદ્ધિએ પોતાની વસ્તુનો ત્યાગ કરવો અર્થાત્ બીજાને આપવી તે દાન કહેવાય છે.

**વિધિ-દ્રવ્ય-દાતૃ-પાત્રવિશેષાત્તદ્વિશેષઃ—૭-૩૪**

વિધિ (કલ્પનીયતા વગેરે), દ્રવ્ય (અન્નાદિ વસ્તુ,) દાતાર (દેનારના ભાવની વિશુદ્ધિ) અને પાત્ર (લેનાર) ની વિશેષતા વડે કરીને તે દાનની વિશેષતા હોય છે, એટલે ફળની તરતમતા હોય છે.

**સમાપ્તઃ સપ્તમોઽધ્યાયઃ**

★

**અથ અષ્ટમોઽધ્યાયઃ**

## બંધતત્ત્વ

**મિથ્યાદર્શના-વિરતિ-પ્રમાદ-કષાય-યોગા-બંધહેતવઃ—૮-૧**

મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ કર્મબંધના હેતુઓ છે.

સમ્યગ્ દર્શનથી વિપરીત તે મિથ્યાદર્શન. તે અભિગૃહીત (જાણ્યા છતાં હઠ કદાગ્રહ વડે પોતાના મંતવ્યને વળગી રહે તે, ૩૬૩ પાખંડીના મત) અને અનભિગૃહીત-એમ બે પ્રકારે મિથ્યાત્વ છે. વિરતિથી વિપરીત તે અવિરતિ. યાદદાસ્તનું અનવસ્થાન અથવા મોક્ષના અનુષ્ઠાનમાં અનાદર અને મન વચન કાયાના યોગનું દુષ્પ્રણિધાન તે પ્રમાદ. એ મિથ્યાદર્શનાદિ બંધ હેતુઓમાંના પ્રથમના છતે પાછળના નિશ્ચે હોય. ઉત્તરોત્તર પાછળના છતે પ્રથમનાની ભજના (અનિયત) જાણવી.

**સકષાયત્વાજ્જીવઃ કર્મણો યોગ્યાન્પુદ્ગલાનાદત્તે—૮-૨**

કષાયવાળો હોવાથી જીવ કર્મને યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરે છે.

**સ બન્ધઃ—૮-૩**

જીવ વડે પુદ્ગલોનું જે ગ્રહણ તે બંધ છે.

**પ્રકૃતિ-સ્થિત્યનુભાવ-પ્રદેશાસ્તદ્વિધયઃ—૮-૪**

પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધ (એ ચાર ભેદ) તે બંધના પ્રકાર છે.

**આદ્યો જ્ઞાન-દર્શનાવરણ-વેદનીય-મોહનીયાયુષ્ક-નામ-ગોત્રાન્તરાયાઃ—૮-૫**

પહેલો પ્રકૃતિબંધ-જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય એ આઠ પ્રકારે છે.

**પંચ-નવ-દ્વ્યષ્ટાવિંશતિ-ચતુ-ર્દ્વિચત્વારિંશદ્-દ્વિ-પંચભેદા યથાક્રમમ્—૮-૬**

તે આઠ પ્રકારના પ્રકૃતિબંધના એકેકના અનુક્રમે પાંચ, નવ, બે, અઠ્ઠાવીશ, ચાર, બેતાલીશ, બે અને પાંચ ભેદો હોય છે.

**મત્યાદીનામ્—૮-૭**

મતિજ્ઞાન આદિ પાંચ જ્ઞાન હોવાથી, તેનાં આવરણ મતિજ્ઞાનાવરણીય વગેરે પાંચ ભેદે છે.

**ચક્ષુરચક્ષુરવધિકેવલાનાં નિદ્રા-નિદ્રા-નિદ્રા-પ્રચલા-પ્રચલા-પ્રચલો-સ્ત્યાનગૃદ્ધિવેદનીયાનિ ચ—૮-૮**

ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિદર્શનાવરણ, કેવળદર્શનાવરણ, નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા અને સ્ત્યાનગૃદ્ધિવેદનીય એ નવ દર્શનાવરણના ભેદો છે.

સદસદ્વેદ્યે—૮-૯

સાતા અને અસાતા વેદનીય એમ બે પ્રકારે વેદનીયકર્મ છે.

**દર્શન-ચારિત્રમોહનીય-કષાય-નોકષાયવેદનીયાખ્યાસ્ત્રિદ્વિષોડશનવભેદાઃસમ્યક્ત્વ-મિથ્યાત્વ-તદુભયાનિ કષાયનોકષાયા-વનન્તાનુબન્ધ્યપ્રત્યાખ્યાન-પ્રત્યાખ્યાનાવરણ-સંજ્વલન-વિકલ્પાશ્ચૈકશઃક્રોધ-માન-માયા-લોભાઃ હાસ્યરત્યરતિશોક-ભયજુગુપ્સાસ્ત્રીપુંનપુંસકવેદાઃ—૮-૧૦**

મોહનીયના—૧ દર્શન મોહનીય તથા ૨ ચારિત્રમોહનીય એ બે ભેદ છે. તે દર્શનમોહનીયના—૧ સમ્યક્ત્વમોહનીય, ૨ મિથ્યાત્વ મોહનીય અને ૩ મિશ્રમોહનીય એવા ત્રણ ભેદ છે. ચારિત્ર મોહનીયના—૧ કષાયવેદનીય અને ૨ નોકષાયવેદનીય એવા બે ભેદ છે. તે કષાયવેદનીયના —૧ અનંતાનુબંધી, ૨ અપ્રત્યાખ્યાની, ૩ પ્રત્યાખ્યાની અને ૪ સંજ્વલન એ ચાર ભેદ છે. વળી તે ચારના એકેકના ક્રોધ, માન, માયા અને લોભ એમ ચાર ચાર ભેદ થવાથી ૧૬ ભેદ થાય છે. અને નોકષાયવેદનીય—૧ હાસ્ય, ૨ રતિ, ૩ અરતિ, ૪ શોક, ૫ ભય, ૬ દુગંછા, ૭ સ્ત્રીવેદ, ૮ પુરૂષવેદ અને ૯ નપુંસકવેદ એમ નવ ભેદ છે.

**નારક-તૈર્યગ્યોન-માનુષ દૈવાનિ—૮-૧૧**

નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવતા સંબંધી એમ ચાર પ્રકારે આયુષ્યકર્મ છે.

**ગતિજાતિ-શરીરાઙ્ગોપાંગ નિર્માણ-બન્ધનસંઘાત-સંસ્થાન-સંહનન-સ્પર્શ રસગન્ધ-વર્ણાનુપૂર્વ્ય-ગુરુલઘૂપઘાત-પરાઘાતાતપોદ્યોતોચ્છ્વાસ-વિહાયોગતયઃ પ્રત્યેકશરીરત્રસસુભગ-સુસ્વર-શુભસૂક્ષ્મપર્યાપ્તસ્થિરાદેયશાંસિ સેતરાણિ તીર્થકૃત્વં ચ—૮-૧૨**

૧ ગતિ, ૨ જાતિ, ૩ શરીર, ૪ અંગોપાંગ, ૫ નિર્માણ, ૬ બંધન, ૭ સંઘાત, ૮ સંસ્થાન, ૯ સંહનન, (સંઘયણ), ૧૦ સ્પર્શ, ૧૧ રસ, ૧૨ ગંધ, ૧૩ વર્ણ, ૧૪ આનુપૂર્વી, ૧૫ અગુરુલઘુ, ૧૬ ઉપઘાત, ૧૭ પરાઘાત, ૧૮ આતપ, ૧૯ ઉદ્યોત, ૨૦ ઉચ્છ્વાસ, ૨૧ વિહાયોગતિ, ૨૨ પ્રત્યેકશરીર, ૨૩ ત્રસ, ૨૪ સૌભાગ્ય, ૨૫ સુસ્વર, ૨૬ શુભ, ૨૭ સૂક્ષ્મ, ૨૮, પર્યાપ્ત, ૨૯ સ્થિર, ૩૦ આદેય, ૩૧ યશ, પ્રતિપક્ષી સાથે એટલે ૩૨ સાધારણ, ૩૩ સ્થાવર, ૩૪ દુર્ભગ, ૩૫ દુઃસ્વર, ૩૬ અશુભ, ૩૭ બાદર, ૩૮ અપર્યાપ્ત, ૩૯ અસ્થિર, ૪૦ અનાદેય, ૪૧ અયશ અને ૪૨ તીર્થંકરત્વ એ ૪૨ ભેદ નામકર્મના જાણવા.

**ઉચ્ચૈર્નીચૈશ્ચ—૮-૧૩**

ઉચ્ચગોત્ર અને નીચગોત્ર એવા બે ભેદ ગોત્રકર્મના છે.

**દાનાદીનામ્—૮-૧૪**

દાનાદિના વિઘ્નકર્તા તે અંતરાય છે. ૧ દાનાંતરાય, ૨ લાભાંતરાય, ૩ ભોગાંતરાય ૪ ઉપભોગાંતરાય, અને ૫ વીર્યાન્તરાય એમ તેના પાંચ ભેદ થાય છે.

**આદિતસ્તિસૃણામન્તરાયસ્ય ચ ત્રિંશત્સાગરોપમકોટીકોટ્યઃ પરા સ્થિતિઃ—૮-૧૫**

પ્રથમના ત્રણ કર્મ એટલે જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અને વેદનીયની અને અંતરાયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીશ કોડાકોડી સાગરોપમની છે.

**સપ્તતિર્મોહનીયસ્ય—૮-૧૬**

મોહનીયકર્મની ૭૦ કોડાકોડી સાગરોપમની પરા (ઉત્કૃષ્ટ) સ્થિતિ છે.

**નામગોત્રયોર્વિંશતિઃ—૮-૧૭**

નામકર્મ અને ગોત્રકર્મની વીશ કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે.

**ત્રયસ્ત્રિંશત્સાગરોપમાણ્યાયુષ્કસ્ય—૮-૧૮**

આયુષ્યકર્મની ૩૩ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી.

**અપરા દ્વાદશમુહૂર્તા વેદનીયસ્ય—૮-૧૯**

વેદનીયકર્મની જઘન્ય સ્થિતિ *બાર મુહૂર્તની છે.

**નામ ગોત્રયોરષ્ટૌ—૮-૨૦**

નામકર્મ અને ગોત્રકર્મની જઘન્ય સ્થિતિ આઠ મુહૂર્તની છે.

**શેષાણામન્તર્મુહૂર્તમ્—૮-૨૧**

બાકીનાં કર્મની એટલે—જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય, આયુષ્ય અને અંતરાયકર્મની અંતમુહૂર્ત જઘન્ય સ્થિતિ જાણવી.

**વિપાકોઽનુભાવઃ—૮-૨૨**

કર્મના વિપાકને અનુભાવ (રસપણે ભોગવવું) કહે છે.

સર્વ પ્રકૃતિઓનું ફળ એટલે વિપાકોદય તે અનુભાવ છે. વિવિધ પ્રકારે ભોગવવું તે વિપાક. તે વિપાક તથા પ્રકારે તેમજ અન્ય પ્રકારે પણ થાય છે. કર્મવિપાકને ભોગવતો જીવ મૂળ પ્રકૃતિથી અભિન્ન એવી ઉત્તર પ્રકૃતિને વિષે કર્મ નિમિત્તક અનાભોગ વીર્યપૂર્વક કર્મનું સંક્રમણ કરે છે. બંધ અને વિપાકના નિમિત્ત વડે અન્ય જાતિ હોવાથી મૂળ પ્રકૃત્તિઓને વિષે સંક્રમણ થતું નથી. ઉત્તરપ્રકૃતિઓને વિષે પણ દર્શનમોહનીય, ચારિત્રમોહનીય, સમ્યક્ત્વમોહનીય, મિથ્યાત્વ-મોહનીય, આયુષ્ય અને નામકર્મનું જાત્યંતર અનુબંધ, વિપાક અને નિમિત્ત વડે અન્ય જાતિ હોવાથી સંક્રમણ થતું નથી. અપવર્તન તો સર્વ પ્રકૃતિનું હોય છે.

**સ યથાનામ—૮-૨૩**

તે અનુભાવ ગતિ જાતિ આદિનાં નામ પ્રમાણે ભોગવાય છે.

---

*કોઈક આચાર્ય એક મુહૂર્તની કહે છે.

**તતશ્ચ નિર્જરા—૮–૨૪**

વિપાકથી નિર્જરા થાય છે.

અહીં સૂત્રમાં "ચ" શબ્દ મૂકયો છે તે બીજા હેતુની અપેક્ષા સૂચવે છે એટલે અનુભવથી અને અન્ય પ્રકારે (તપ વડે) નિર્જરા થાય છે.

**નામપ્રત્યયાઃ સર્વતો યોગવિશેષાત્સૂક્ષ્મૈકક્ષેત્રાવગાઢસ્થિતાઃ સર્વાત્મપ્રદેશેષ્વનન્તાનન્તપ્રદેશાઃ—૮–૨૫**

નામકર્મને લીધે સર્વ આત્મપ્રદેશને વિષે મન આદિના વ્યાપારથી સૂક્ષ્મ, તેજ આકાશપ્રદેશને અવગાહીને રહેલા, સ્થિર રહેલા, અનંતાનંત પ્રદેશવાળાં કર્મપુદ્ગલો સર્વ બાજુએથી બંધાય છે.

નામ પ્રત્યયિક—નામકર્મને લીધે પુદ્ગલો બંધાય છે. કઈ દિશાએથી બંધાય? ઉર્ધ્વ, અધો અને તિર્યક્ સર્વ દિશાથી આવેલા પુદ્ગલો બંધાય. શાથી બંધાય? મન વચન કાયાના વ્યાપાર વિશેષે કરી બંધાય. કેવા બંધાય? સૂક્ષ્મ બંધાય, બાદર ન બંધાય, વળી એક (આત્મપ્રદેશથી અભિન્ન) ક્ષેત્રમાં અવગાહી સ્થિર રહેલા હોય તે બંધાય. આત્માના કયા પ્રદેશે બંધાય? આત્માના સર્વ પ્રદેશોમાં સર્વ કર્મ પ્રકૃતિના પુદ્ગલો બંધાય. કેવા પુદ્ગલો બંધાય? અનન્તાનન્ત પ્રદેશાત્મક કર્મના પુદ્ગલો હોય તેજ બંધાય, પરંતુ સંખ્યાત, અસંખ્યાત કે અનંતપ્રદેશી પુદ્ગલો અગ્રહણ યોગ્ય હોવાથી બંધાય નહિ.

**સદ્વેદ્ય-સમ્યક્ત્વ-હાસ્ય-રતિ-પુરુષવેદ-શુભાયુ-ર્નામ-ગોત્રાણિ પુણ્યમ્—૮–૨૬**

સાતાવેદનીય, સમ્યક્ત્વ, હાસ્ય, રતિ, પુરૂષવેદ, શુભ આયુષ્યો (દેવ, મનુષ્ય) શુભ નામકર્મની પ્રકૃતિઓ અને શુભ ગોત્ર અર્થાત્ (ઉચ્ચ ગોત્ર) તે પુણ્ય છે. તેનાથી વિપરીત કર્મ તે પાપ છે.

**સમાપ્તઃ અષ્ટમોઽધ્યાયઃ**

---

## અથ નવમોऽધ્યાયઃ

# (સંવર-નિર્જરા) તત્ત્વ

**આસ્રવ નિરોધઃ સંવરઃ—૯-૧**

આશ્રવનો નિરોધ કરવો તે સંવર જાણવો.

**સ ગુપ્તિ-સમિતિ-ધર્માનુપ્રેક્ષાપરીષહજય-ચારિત્રૈઃ—૯-૨**

તે સંવર ગુપ્તિ, સમિતિ, યતિધર્મ, અનુપ્રેક્ષા (ભાવના) પરીષહજય તથા ચારિત્ર વડે કરીને થાય છે.

**તપસા નિર્જરા ચ—૯-૩**

તપ વડે નિર્જરા તથા સંવર થાય છે.

**સમ્યગ્યોગ-નિગ્રહો ગુપ્તિઃ—૯-૪**

સમ્યક્ પ્રકારે મન, વચન અને કાયાના યોગનો નિગ્રહ કરવો તે ગુપ્તિ કહેવાય છે.

સમ્યક્ એટલે ભેદ પૂર્વક સમજીને સમ્યગ્ દર્શન પૂર્વક આદરવું. શયન, આસન, આદાન (ગ્રહણ કરવું) નિક્ષેપ (મૂકવું) અને સ્થાન ચંક્રમણ (એક સ્થાનથી બીજે સ્થાને જવું) ને વિષે કાયચેષ્ટાનો નિયમ× તે કાયગુપ્તિ. યાચન (માગવું), પ્રશ્ન અને પૂછેલાનો ઉત્તર દેવો, એને વિષે વચનનો નિયમ (જરૂર પૂરતું બોલવું અથવા મૌન ધારણ કરવું) તે વચનગુપ્તિ. સાવદ્ય સંકલ્પનો નિરોધ તથા કુશલ (+શુભ) સંકલ્પ કરવો અથવા શુભાશુભ સંકલ્પનો સર્વથા નિરોધ તે મનોગુપ્તિ.

---

× આ પ્રકારે કરવું અને આ પ્રકારે ન કરવું એવી કાયવ્યાપારની વ્યવસ્થા.

× મોક્ષમાર્ગને અનુકૂળ.

**ઈર્યા-ભાષૈષણાદાનનિક્ષેપોત્સર્ગા સમિતયઃ—૯-૫**

ઈર્યાસમિતિ, (જોઈને ચાલવું) ભાષાસમિતિ, (હિતકારક*બોલવું) એષણા સમિતિ, (શુદ્ધ આહાર આદિની ગવેષણા) આદાન નિક્ષેપ સમિતિ, ( પૂંજી પ્રમાર્જીને લેવું મૂકવું ) અને ઉત્સર્ગ સમિતિ (પારિષ્ટાપનિકાસમિતિ), એ પાંચ સમિતિ છે.

**ઉત્તમઃ ક્ષમા-માર્દવાર્જવ-શૌચ-સત્ય-સંયમ-તપસ્ત્યાગા-કિંચન્ય-બ્રહ્મચર્યાણિ ધર્મઃ—૯-૬**

૧ ક્ષમા, ૨ નમ્રતા, ૩ સરળતા, ૪ શૌચ, ૫ સત્ય, ૬ સંયમ, ૭ તપ, ૮ નિર્લોભતા ૯ નિષ્પરિગ્રહતા અને ૧૦ બ્રહ્મચર્ય એ દશ પ્રકારે યતિધર્મ ઉત્તમ છે.

'યોગનો નિગ્રહ તે સંયમ સત્તર પ્રકારે છે-૧ પૃથ્વીકાય સંયમ, ૨ અપ્કાય સંયમ, ૩ તેઉકાય સંયમ, ૪ વાઉકાય સંયમ, ૫ વનસ્પતિ-કાય સંયમ, ૬ બેઈંદ્રિય સંયમ, ૭ તેઈંદ્રિય સંયમ, ૮ ચૌરિંદ્રિય સંયમ, ૯ પંચેંદ્રિય સંયમ, ૧૦ પ્રેક્ષ્ય ( જોવું ) સંયમ, ૧૧ ઉપેક્ષ્ય સંયમ, ૧૨ અપહૃત્ય ( પરઠવવું ) સંયમ, ૧૩ પ્રમૃજ્ય (પૂંજવું) સંયમ, ૧૪ મન સંયમ, ૧૫ વચન સંયમ, ૧૬ કાય સંયમ અને ૧૭ ઉપકરણ સંયમ, વ્રતની પરિપાલના, જ્ઞાનની અભિવૃદ્ધિ અને કષાયની ઉપશાંતિને અર્થે ગુરૂકુળવાસ તે બ્રહ્મચર્ય અર્થાત્ ગુરૂની આજ્ઞાને આધીન રહેવું તે બ્રહ્મચર્ય=મૈથુન ત્યાગ, મહાવ્રતની ભાવના અને ઇચ્છિત સ્પર્શ, રસ, રૂપ, ગંધ, શબ્દ તથા વિભૂષાને વિષે અપ્રસન્નતા એ બ્રહ્મચર્યના વિશેષ ગુણો છે.

**અનિત્યાશરણ-સંસારૈકત્વાન્યત્વાશુચિત્વાસ્રવ-સંવરનિર્જરા-લોક-બોધિદુર્લભ-ધર્મસ્વાખ્યાત તત્ત્વાનુચિન્તનમનુપ્રેક્ષાઃ૯-૭**

* હિતકારક, પરિમિત, અસંદિગ્ધ, નિરવદ્ય અને ચોક્કસ અર્થવાળું ભાષણ.

૧ અનિત્ય, ૨ અશરણુ, ૩ સંસાર, ૪ એકત્વ, ૫ અન્યત્વ, ૬ અશુચિત્વ, ૭ આશ્રવ, ૮ સંવર ૯ નિર્જરા, ૧૦ લોકસ્વરૂપ. ૧૧ બોધિ દુર્લભ અને ૧૨ ધર્મને વિષે વર્ણવેલ તત્ત્વોનું અનુચિંતન (મનન–નિદિધ્યાસન) તે બાર પ્રકારની અનુપ્રેક્ષા (ભાવના) છે.

**માર્ગાચ્યવન-નિર્જરાર્થં પરિષોઢવ્યા: પરિષહા:—૯-૮**

સમ્યગ્ દર્શનાદિ મોક્ષ માર્ગમાં સ્થિત રહેવા માટે અને * નિર્જરાને અર્થે પરીસહો સહન કરવા યોગ્ય છે.

**ક્ષુત્-પિપાસા-શીતોષ્ણ-દંશમશક-નાગ્ન્યારતિ-સ્ત્રીચર્યા-નિષદ્યાશય્યાઽઽક્રોશવધ-યાચનાઽલાભ-રોગ-તૃણસ્પર્શ-મલ-સત્કાર-પ્રજ્ઞાઽજ્ઞાનાદર્શનાનિ— ૯-૯**

૧ ક્ષુધા (ભુખ) પરિસહ, ૨–પિપાસા (તૃષા) પરિસહ, ૩ શીત (ટાઢ) પરિસહ, ૪ ઉષ્ણુ (ગરમી) પરિસહ, ૫ દંશ મશક (ડાંસ મચ્છર) પરિસહ, ૬ નાગન્ય (જુનાં મેલાં લુગડાં) પરિસહ, ૭ અરતિ (સંયમમાં ઉદ્વેગ ન થાય તે) પરિસહ, ૮ સ્ત્રી પરિસહ, ૯ ચર્યા (વિહાર) પરિસહ, ૧૦ નિષદ્યા (સ્વાધ્યાય માટે સ્થિરતા) પરિસહ, ૧૧ શય્યા પરિસહ, ૧૨ આક્રોશ પરિસહ, ૧૩ વધ પરિસહ, ૧૪ યાચના પરિસહ, ૧૫ અલાભ પરિસહ, ૧૬ રોગ પરિસહ, ૧૭ તૃણસ્પર્શ પરિસહ, ૧૮ મલ પરિસહ, ૧૯ સત્કાર પરિસહ, ૨૦ પ્રજ્ઞા પરિસહ ૨૧ અજ્ઞાન પરિસહ ૨૨ મિથ્યાત્વ પરિસહ, એ બાવીશ પ્રકારે પરિસહ જાણુવા

**સૂક્ષ્મસંપરાય-છદ્મસ્થ-વીતરાગયોશ્ચતુર્દશ—૯-૧૦**

* દર્શન અને પ્રજ્ઞા એ બે માર્ગમાં સ્થિત રહેવાના અને બાકીના ૨૦ નિર્જરાને અર્થે જાણુવા—સમયસાર પ્રકરણે.

સૂક્ષ્મસંપરાય ચારિત્રવાળાને છદ્મસ્થવીતરાગ ચારિત્રવાળાને ચૌદ પરિસહ હોય છે. ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ. દંશમશક, ચર્યા, પ્રજ્ઞા, અજ્ઞાન, અલાભ, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ અને મલ એ ૧૪ હોય છે.

**એકાદશ જિને—૯-૧૧**

તેરમે ગુણઠાણે અગ્યાર પરિસહ હોય છે. ક્ષુધા. પિપાસા, શીત, ઉષ્ણ, દંશમશક, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ અને મલ એ અગ્યાર.

**બાદરસંપરાયે સર્વે—૯-૧૨**

બાદર સંપરાય ચારિત્રે (નવમા ગુણઠાણા સુધી) સર્વ એટલે બાવીશ પરિસહ હોય છે.

**જ્ઞાનાવરણે પ્રજ્ઞાઽજ્ઞાને—૯-૧૩**

જ્ઞાનાવરણના ઉદયે પ્રજ્ઞા અને અજ્ઞાન એ બે પરિસહો હોય છે.

**દર્શનમોહાન્તરાયયોરદર્શનાલાભૌ—૯-૧૪**

દર્શનમોહાવરણ અને અંતરાય કર્મના ઉદયે અદર્શન (મિથ્યાત્વ), અને અલાભ પરીસહ અનુક્રમે હોય છે.

**ચારિત્રમોહે નાગ્ન્યારતિ-સ્ત્રીનિષદ્યા-ઽઽક્રોશ-યાચના-સત્કાર પુરસ્કારાઃ—૯-૧૫**

ચારિત્રમોહના ઉદયે નાગ્ન્ય, (અચેલક) અરતિ, સ્ત્રી, નિષદ્યા, આક્રોશ, યાચના અને સત્કાર એ સાત પરીસહ હોય છે.

**વેદનીયે શેષાઃ—૯-૧૬**

વેદનીયના ઉદયે બાકીના અગ્યાર પરીસહ હોય છે. જિનને જે અગ્યાર હોય તે અહીં જાણવા. એટલે જ્ઞાનાવરણ, દર્શનમોહ, અન્તરાય અને ચારિત્રમોહના ઉદયે જે ૧૧ પરિસહો છે તે સિવાયના ૧૧ વેદનીયના ઉદયે હોય છે.

**એકાદયો ભાજ્યા યુગપદેકોનવિંશતેઃ—૯-૧૭**

એ બાવીશ પરિસહમાંથી એકથી માંડીને ૧૯ પરિસહ સુધી એક સાથે એક પુરૂષને હોઈ શકે છે. કેમકે શીત અને ઉષ્ણમાંથી એક હોય અને ચર્યા, નિષદ્યા તથા શય્યા એ ત્રણમાંથી એક સંભવે, કેમકે એક બીજાથી વિરોધી છે. માટે એક સાથે ૧૯ પરિસહ હોય.

**સામાયિક-ચ્છેદોપસ્થાપ્ય-પરિહારવિશુદ્ધિસૂક્ષ્મસંપરાય-યથાખ્યાતાનિ ચારિત્રમ્—૯-૧૮**

૧ સામાયિક સંયમ, ૨ છેદોપસ્થાપ્ય સંયમ, ૩ પરિહાર વિશુદ્ધિ, ૪ સૂક્ષ્મ સંપરાય અને ૫ યથાખ્યાત સંયમ, એ પાંચ ચારિત્રના ભેદ છે.

**અનશનાવમૌદર્ય-વૃત્તિપરિસંખ્યાન-રસપરિત્યાગ-વિવિક્ત શય્યાસન-કાયક્લેશા બાહ્યં તપઃ—૯-૧૯**

અનશન (આહારનો ત્યાગ), અવમૌદર્ય (ઉણોદરી-બે ચાર કવળ ઉણા રહેવું), વૃત્તિપરિસંખ્યાન (આજીવિકાનો નિયમ, ભોજ્ય ઉપભોગ્ય પદાર્થની ગણતરી રાખવી), રસપરિત્યાગ, (છ વિગઈનો ત્યાગ-લોલુપતાનો ત્યાગ), વિવિક્ત શય્યાસનતા (અન્ય સંસર્ગ વિનાનાં શય્યા અને આસન) અને કાયક્લેશ (લોચ, આતાપના આદિ કષ્ટ), એ છ પ્રકારના બાહ્યતપ જાણવા.

**પ્રાયશ્ચિત-વિનય-વૈયાવૃત્ય-સ્વાધ્યાય-વ્યુત્સર્ગ-ધ્યાનાન્યુત્તરમ્ —૯-૨૦**

પ્રાયશ્ચિત, વિનય, વેયાવચ્ચ, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ (કાયોત્સર્ગ) અને ધ્યાન ( ધર્મધ્યાન અને શુકલધ્યાન ), એ અભ્યંતર તપના છ ભેદ છે.

**નવ-ચતુ-ર્દશ-પંચ-દ્વિભેદં-યથાક્રમં પ્રાગ્ધ્યાનાત્—૯-૨૧**

એ અભ્યંતર તપના અનુક્રમે નવ, ચાર, દશ, પાંચ અને બે ભેદ ધ્યાનની અગાઉના (પ્રાયશ્ચિત્તાદિના) છે.

**આલોચન-પ્રતિક્રમણ-તદુભય-વિવેક-વ્યુત્સર્ગ-તપ-શ્છેદ-પરિહારોપસ્થાપનાનિ—૯-૨૨**

આલોયણ (ગુરુ આગળ પ્રકાશવું), પડિક્કમણ (મિચ્છામિ દુક્કડં દેવું), તે બંને, વિવેક (ત્યાગ પરિણામ), કાયોત્સર્ગ, તપ, ચારિત્રપર્યાયનો છેદ, પરિહાર (ત્યાગ-ગચ્છ બહાર) અને ઉપસ્થાપન (ફરી ચારિત્ર આપવું), એ નવ ભેદ (પ્રાયશ્ચિત્તના છે.

**જ્ઞાન-દર્શન-ચારિત્રોપચારાઃ—૯-૨૩**

જ્ઞાન, દર્શન, ચારિત્રનો વિનય અને ઉપચાર; (જ્ઞાન, દર્શન અને ચારિત્રથી પોતાના કરતાં અધિક ગુણવાળાનો ઉચિત વિનય કરવો), એમ વિનય ચાર પ્રકારે છે.

**આચાર્યોપાધ્યાયતપસ્વિ-શૈક્ષક-ગ્લાન-ગણ-કુલ-સંઘ-સાધુ-સમનોજ્ઞાનામ્—૯-૨૪**

૧ આચાર્ય, ૨ ઉપાધ્યાય, ૩ તપસ્વિ, ૪ નવીન દીક્ષિત, ૫ ગ્લાન (રોગી), ૬ ગણ (સ્થવિરની સંતતિ-જૂદા જૂદા આચાર્યના શિષ્યો છતાં એક આચાર્ય પાસે વાચના લેતા હોય તેવો સમુદાય), ૭ કુલ (એકઆચાર્યની સંતતિ), ૮ સંઘ, ૯ સાધુ અને ૧૦ મનોહર ચારિત્રનુ પાલન કરનાર મુનિ, એ દશનો વેયાવચ્ચ અન્ન પાન આસન શયન ઈત્યાદિ આપવા વડે કરીને કરવો.

**વાચના-પૃચ્છના-ऽનુપ્રેક્ષા-ऽऽમ્નાય-ધર્મોપદેશાઃ—૯-૨૫**

૧ વાચના (પાઠ લેવો), ૨ પૃચ્છના (પૂછવું), ૩ અનુપ્રેક્ષા (મૂળ તથા અર્થનો મનથી અભ્યાસ કરવો), ૪ આમ્નાય (પરાવર્તના-ભણેલું સંભાળી જવું) અને ૫ ધર્મોપદેશ કરવો એ પાંચ પ્રકારે સ્વાધ્યાય જાણવો.

**બાહ્યાભ્યન્તરોપધ્યોઃ—૯-૨૬**

વ્યુત્સર્ગ બે પ્રકારે છે—બાહ્ય અને અભ્યંતર. બાહ્ય વ્યુત્સર્ગ બાર પ્રકારની ઉપધિનો જાણવો અને અભ્યંતર વ્યુત્સર્ગ શરીર અને કષાયનો જાણવો.

**ઉત્તમસંહનનસ્યૈકાગ્ર-ચિન્તાનિરોધો ધ્યાનમ્—૯-૨૭**

ઉત્તમ સંહનન (વજ્રઋષભનારાચ, ઋષભનારાચ, નારાચ અને અર્ધનારાચ એ ચાર સંઘયણ) વાળા જીવોને એકાગ્રપણે ચિંતાનો રોધ તે ધ્યાન જાણવું.

**આમુહૂર્તાત્—૯-૨૮**

તે ધ્યાન એક મુહૂર્ત પર્યંત રહે છે.

**આર્ત્તરૌદ્ર-ધર્મ્મ-શુક્લાનિ—૯-૨૯**

આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુકલધ્યાન એમ ધ્યાન ચાર પ્રકારે છે.

**પરે મોક્ષ-હેતૂ—૯-૩૦**

પાછલાં બે ધ્યાન મોક્ષનાં હેતુ છે.

**આર્ત-મમનોજ્ઞાનાં સંપ્રયોગે તદ્વિપ્રયોગાય સ્મૃતિ-સમન્વાહાર:—૯-૩૧**

અનિષ્ટ વસ્તુઓનો યોગ થયે છતે તે અનિષ્ટ વસ્તુનો વિયોગ કરવા માટે સ્મૃતિ સમન્વાહાર (ચિંતા કરવી) કરવો તે આર્તધ્યાન જાણવું.

**વેદનાયાશ્ચ—૯-૩૨**

વેદના પ્રાપ્ત થયે છતે તે દૂર કરવા ચિંતા કરવી તે આર્તધ્યાન છે.

**વિપરીતં મનોજ્ઞાનામ્—૯-૩૩**

મનોજ્ઞ વેદનાનું વિપરીત ધ્યાન સમજવું અર્થાત્ મનોજ્ઞ વિષયનો વિયોગ થયે છતે તેની પ્રાપ્તિને અર્થે ચિંતા કરવી તે આર્તધ્યાન જાણવું.

**નિદાનં ચ—૯-૩૪**

કામ વડે કરી ઉપહત છે ચિત્ત જેનું એવા જીવો પુનર્જન્મમાં તેવાં વિષયો મેળવવા માટે જે નિયાણું કરે તે આર્તધ્યાન છે.

**તદવિરત-દેશવિરત-પ્રમત્તસંયતાનામ્—૯-૩૫**

તે આર્તધ્યાન અવિરતિ, દેશવિરતિ અને પ્રમત્ત સંયતોને હોય છે. (માર્ગ પ્રાપ્તિ પછીની અપેક્ષાએ આ વાત સમજવી.)

**હિંસાનૃત-સ્તેય-વિષયસંરક્ષણેભ્યો રૌદ્ર-મવિરત-દેશવિરતયોઃ—૯-૩૬**

હિંસા, અનૃત (અસત્ય) ચોરીને અર્થે અને વિષય (પદાર્થ)ની રક્ષાને અર્થે સંકલ્પ કરવા તે રૌદ્રધ્યાન જાણવું તે અવિરતિ અને દેશવિરતિને હોય છે.

**આજ્ઞા-પાય-વિપાક-સંસ્થાનવિચયાય ધર્મ્મ-મપ્રમત્ત-સંયતસ્ય—૯-૩૭**

૧ આજ્ઞાવિચય ( જિનાજ્ઞાનો વિવેક ), ૨ અપાયવિચય (સન્માર્ગથી પડવા વડે થતી પીડાનો વિવેક), ૩ વિપાકવિચય (કર્મફળના અનુભવનો વિવેક) અને ૪ સંસ્થાન વિચય (લોકની આકૃતિનો વિવેક)ને અર્થે જે વિચારણા તે ધર્મધ્યાન કહેવાય છે; તે અપ્રમત્ત સંયતને હોય છે.

**ઉપશાન્ત-ક્ષીણકષાયયોશ્ચ-૯-૩૮**

ઉપશાંતકષાય અને ક્ષીણકષાય ગુણઠાણાવાળાને ધર્મધ્યાન હોય છે.

**શુકૂલે ચાદ્યે-૯-૩૯**

શુક્લધ્યાનના પહેલા બે ભેદ પૂર્વને જાણનાર શ્રુત કેવળી ઉપશાંતકષાયી અને ક્ષીણ કષાયીને હોય છે.

**પરે કેવલિનઃ-૯-૪૦**

શુક્લધ્યાનના પાછલા બે ભેદ કેવળીને જ હોય છે.

**પૃથક્ત્વૈકત્વવિતર્ક - સૂક્ષ્મક્રિયાઽપ્રતિપાતિ - વ્યુપરતક્રિયાનિવૃત્તીનિ-૯-૪૧**

પૃથક્ત્વ વિતર્ક, ૨ એકત્વ વિતર્ક, ૩ સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ અને ૪ વ્યુપરતક્રિયા નિવૃત્તિ, એમ ચાર પ્રકારે શુક્લધ્યાન જાણવું.

**તત્ત્ર્યેક-કાયયોગાયોગાનામ્-૯-૪૨**

તે શુક્લધ્યાન ત્રણ યોગવાળાને, ત્રણમાંથી એક યોગવાળાને, કેવળ કાય યોગવાળાને અને અયોગીને અનુક્રમે હોય છે. અર્થાત્ ત્રણ યોગવાળાને પૃથક્ત્વ વિતર્ક, ત્રણમાંથી એક યોગવાળાને એકત્વ વિતર્ક, કેવળ કાયયોગવાળાને સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ અને અયોગીને વ્યુપરતક્રિયા નિર્વૃત્તિ નામનું ધ્યાન હોય છે.

**એકાશ્રયે સવિતર્કે પૂર્વે-૯-૪૩**

પૂર્વનાં બે શુક્લધ્યાન એક દ્રવ્યાશ્રયી વિતર્ક સહિત હોય છે. (પ્રથમ પૃથક્ત્વવિતર્ક વિચાર સહિત છે.)

**અવિચારં દ્વિતીયમ્-૯-૪૪**

વિચાર રહિત અને વિતર્ક સહિત બીજું શુક્લધ્યાન હોય છે.

**વિતર્કઃ શ્રુતમ્—૯-૪૪**

યથાયોગ્ય શ્રુતજ્ઞાન તે વિર્તક જાણવો.

**વિચારોઽર્થવ્યઞ્જન-યોગ-સંક્રાન્તિઃ—૯-૪૬**

અર્થ, વ્યંજન અને યોગનું જે સંક્રમણ તે વિચાર.

આ અભ્યંતર તપ સંવર હોવાથી નવીન કર્મ સંચયનો નિષેધક છે, નિર્જરારૂપ ફળ આપનાર હોવાથી કર્મની નિર્જરા કરવાવાળો છે. અને નવીન કર્મનો પ્રતિષેધક તથા પૂર્વોપાર્જિત કર્મનો નાશક હોવાથી મોક્ષમાર્ગને પ્રાપ્ત કરાવનાર છે.

**સમ્યગ્દૃષ્ટિ-શ્રાવક-વિરતા-નન્તવિયોજક-દર્શન મોહક્ષપકોપશમકોપશાન્ત મોહક્ષપક-ક્ષીણમોહ-જિનાઃક્રમશોઽસંખ્યેય-ગુણ નિર્જરાઃ—૯-૪૭**

સમ્યગ્દૃષ્ટિ, શ્રાવક, વિરત (સાધુ), અનન્તાનુબંધિનો નાશ કરનાર, દર્શનમોહક્ષપક, મોહને શમાવતો, ઉપશાંતમોહ, મોહને ક્ષીણ કરતો, ક્ષીણમોહ અને કેવળીમહારાજ ( સયોગી અને અયોગી, ) એ ઉત્તરોત્તર એક એકથી અસંખ્ય ગુણ અધિક નિર્જરા કરવાવાળા છે.

**પુલાક–બકુશ–કુશીલ–નિર્ગ્રન્થસ્નાતકા નિર્ગ્રન્થાઃ –૯–૪૮**

પુલાક ( જિનકથિત આગમથી પતિત નહિ થાય તે ), બકુશ ( શિથિલાચારી પણ નિર્ગ્રંથ શાસન ઉપર પ્રીતિ રાખનાર ), કુશીલ ( સંયમ પાળવામાં પ્રવૃત્ત પણ પોતાની ઇંદ્રિયો સ્વાધીન નહિ રહેવાથી ઉત્તર ગુણોને પાળી શકે નહિ અને કારણ મળ્યે જેને કષાય ઉત્પન્ન થાય તે ), નિર્ગ્રંથ ( વિચરતા વીતરાગ છદ્મસ્થ ), સ્નાતક ( સયોગી કેવળી, શૈલેશી પ્રતિપન્ન કેવળી ), એ પાંચ પ્રકારના નિર્ગ્રંથ હોય છે.

**સંયમશ્રુત–પ્રતિસેવના–તીર્થ-લિંગ–લેશ્યોપપાત–સ્થાનવિકલ્પતઃ સાધ્યાઃ ૯–૪૯**

એ પાંચ નિર્ગ્રંથો સંયમ, શ્રુત, પ્રતિસેવના, તીર્થ, વેષ લેશ્યા, ઉપપાત અને સ્થાન, એ વિકલ્પ વડે કરીને સાધ્ય છે. અર્થાત્ સંયમ, શ્રુત આદિ બાબતોમાં કેટલા પ્રકારના નિર્ગ્રંથો લાભે તે ઘટાડવું.

તે આ પ્રમાણે–સામાયિક અને છેદોપસ્થાપ્ય ચારિત્રે પુલાક, બકુશ અને પ્રતિસેવના કુશીલ એ ત્રણ પ્રકારના સાધુ હોય. પરિહારવિશુદ્ધિ અને સૂક્ષ્મસંપરાય ચારિત્રે કષાય કુશીલ હોય. યથાખ્યાત ચારિત્રે નિર્ગ્રંથ અને સ્નાતક હોય.

પુલાક, બકુશ અને પ્રતિસેવના કુશીલ એ ત્રણ પ્રકારના સાધુઓ ઉત્કૃષ્ટથી દશ પૂર્વધર હોય. કષાય કુશીલ અને નિર્ગ્રંથ ચૌદ પૂર્વધર હોય. પુલાક જઘન્યથી આચાર વસ્તુ ( નવમા પૂર્વનો અમુક ભાગ ) સુધી શ્રુત જાણે. બકુશ, કુશીલ અને નિર્ગ્રંથોને જઘન્યથી

આઠ પ્રવચન માતા જેટલું શ્રુત હોય. સ્નાતક–કેવળજ્ઞાની શ્રુતરહિત હોય. શ્રુતજ્ઞાન ક્ષયોપશમ ભાવથી થાય છે, કેવળીને તે ભાવ નથી, પણ ક્ષાયિક ભાવ છે, માટે શ્રુતજ્ઞાન કેવળીને ન હોય)

પાંચ મૂળ ગુણ (પાંચ મહાવ્રત) અને રાત્રિભોજન વિરમણ એ છ માહેલાં કોઈ પણ વ્રતને પરની પ્રેરણા અને આગ્રહથી દૂષિત કરવાવાળા પુલાક હોય. કેટલાક આચાર્ય કહે છે કે ફક્ત મૈથુન વિરમણને પુલાક દૂષિત કરે છે. બકુશ બે પ્રકારના છે. ઉપકરણમાં મમતા રાખનારા એટલે ઘણા મૂલ્યવાળા ઉપકરણો એકઠાં કરીને વિશેષ એકત્ર કરવાની ઇચ્છાવાળા હોય તે ઉપકરણ બકુશ અને શરીર શોભામાં જેનું મન તત્પર છે એવા હંમેશાં વિભૂષા કરનારા શરીરબકુશ કહેવાય છે, પ્રતિસેવનાકુશીલ હોય તે મૂળ ગુણને પાળે અને ઉત્તર ગુણમાં કાંઈ કાંઈ વિરાધના કરે છે. કષાયકુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતક એ ત્રણ નિર્ગ્રંથોને કોઈ જાતની પ્રતિસેવના (દૂષણ) નથી.

સર્વ તીર્થંકરોના તીર્થમાં પાંચે પ્રકારના સાધુઓ હોય. એક આચાર્ય માને છે કે–પુલાક, બકુશ, પ્રતિસેવનાકુશીલ એ તીર્થમાં જ હોય; બાકીના સાધુઓ તીર્થની હયાતીમાં અગર તીર્થની હયાતી ન હોય ત્યારે પણ હોય.

લિંગ (સાધુ વેશ) બે પ્રકારે છે, દ્રવ્ય લિંગ રજોહરણ મુહપત્તિ વગેરે. અને ભાવ લિંગ જ્ઞાન, દર્શન અને ચારિત્ર. સર્વ સાધુઓ ભાવલિંગે હોયજ, દ્રવ્યલિંગે ભજના જાણવી. (એટલે હોય અથવા ન પણ હોય મરૂદેવી વગેરેની પેઠે.) ટુંકા કાળવાળાને હોય અથવા ન હોય અને દીર્ઘ કાળવાળાને અવશ્ય હોય.

પુલાકને છેલ્લી ત્રણ લેશ્યા હોય. બકુશ અને પ્રતિસેવના કુશીલને છએ લેશ્યા હોય. પરિહારવિશુદ્ધિ ચારિત્રવાળા કષાય કુશીલને છેલ્લી ત્રણ લેશ્યા હોય. સૂક્ષ્મસંપરાયવાળા કષાય કુશીલને તથા નિર્ગ્રંથ અને

સ્નાતકને ફક્ત શુક્લ લેશ્યા હોય અયોગી શૈલેશી પ્રાપ્ત તો અલેશી હોય.

પુલાક ઉત્કૃષ્ટ સ્થિતિવાળા દેવપણે સહસ્રાર દેવલોકે ઉપજે. બકુશ અને પ્રતિસેવનાકુશીલ બાવીશ સાગરોપમ સ્થિતિ સુધીના દેવપણે આરણ અચ્યુત દેવલોકમાં ઉપજે. કષાયકુશીલત અને નિર્ગ્રંથ સર્વાર્થસિદ્ધમાં ઉપજે. સર્વે સાધુઓ જઘન્યથી પલ્યોપમ પૃથકૂત્વના આયુવાળા સૌધર્મ કલ્પમાં ઊપજે. નિર્વાણ પદને પામે.

હવે સ્થાન આશ્રયી કહે છે—કષાયનિમિત્તક સંયમસ્થાનો અસંખ્યાતાં છે, તેમાં સર્વથી જઘન્ય લબ્ધિસ્થાનકો પુલાક અને કષાયકુશીલને હોય. તે બંને એક સાથે અસંખ્યાતાં સ્થાને લાભે. પછી પુલાક વિચ્છેદ પામે અને કષાયકુશીલ, અસંખ્યાતાં સ્થાને એકલો લાભે. પછી કષાયકુશીલ, પ્રતિસેવનાકુશીલ અને બકુશ કુશીલ એક સાથે અસંખ્યાતાં સ્થાને લાભે. પછી બકુશ વિચ્છેદ પામે. પછી અસંખ્યાતાં સ્થાને જઈને પ્રતિસેવના કુશીલ વિચ્છેદ પામે. પછી અસંખ્યાતા સ્થાને જઈને કષાય કુશીલ વિચ્છેદ પામે. અહીંથી ઉપર અકષાય સ્થાનો છે, ત્યાં નિર્ગ્રંથ જ જાય. તે પણ અસંખ્યાતાં સ્થાને જઇને વિચ્છેદ પામે. આથી ઉપર એક જ સ્થાને જઈને નિર્ગ્રંથ સ્નાતક નિર્વાણ પામે. એઓની સંયમલબ્ધિ અનંતાનંત ગુણી હોય છે.

## સમાપ્તઃ નવમોઽધ્યાયઃ

---

## અથ દશમોઽધ્યાયઃ

# મોક્ષતત્ત્વ

**મોહક્ષયાદ્ જ્ઞાન-દર્શનાવરણાન્તરાયક્ષયાચ્ચ કેવલમ્ ૧૦-૧**

મોહનીયનો ક્ષય થવાથી અને જ્ઞાન-દર્શનાવરણના તથા અંતરાયના ક્ષય થકી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે.

આ ચાર કર્મ પ્રકૃતિનો ક્ષય કેવળજ્ઞાનનો હેતુ છે, સૂત્રમાં "મોહ ક્ષયાદ્" એમ જુદું ગ્રહણ કર્યું છે તે ક્રમ દર્શાવવાને માટે જાણવું, તેથી એમ સૂચવાય છે કે મોહનીય કર્મ પ્રથમ સર્વથા ક્ષય પામે, તે પછી અંતર્મુહૂર્તમાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય એ ત્રણ કર્મનો એક સાથે ક્ષય થાય ત્યારે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય.

**બન્ધ-હેત્વભાવ-નિર્જરાભ્યામ્—૧૦-૨**

બંધનાં કારણો ( મિથ્યાદર્શન અવિરતિ આદિ )ના અભાવથી, અને બાંધેલાં કર્મની નિર્જરાથી સમ્યગ્દર્શનાદિની યાવત્ કેવળ જ્ઞાનની ઉત્પત્તિ થાય છે.

**કૃત્સ્ન-કર્મક્ષયો મોક્ષઃ—૧૦-૩**

સકળ કર્મનો ક્ષય તે મોક્ષ કહેવાય છે.

**ઔપશમિકાદિ-ભવ્યત્વાભાવાચ્ચાન્યત્ર કેવલસમ્યક્ત્વજ્ઞાન-દર્શન-સિદ્ધત્વેભ્યઃ—૧૦-૪**

કેવળ (ક્ષાયિક) સમ્યક્ત્વ, કેવળ જ્ઞાન, કેવળ દર્શન અને સિદ્ધત્વ (આ ક્ષાયિક ભાવો સિદ્ધને નિરંતર હોય માટે)* સિવાય બાકીના ઔપશમિકાદિ ભાવ અને ભવ્યત્વનો અભાવ થવાથી મોક્ષ થાય છે.

**તદનન્તરમૂર્ધ્વં ગચ્છત્યાલોકાન્તાત્—૧૦-૫**

તે (સકળ કર્મના ક્ષય) પછી જીવ ઉંચે લોકાન્ત સુધી જાય છે. કર્મનો ક્ષય થયે છતે દેહવિયોગ, સિધ્યમાન ગતિ અને લોકાન્તની પ્રાપ્તિ એ ત્રણે આ મુક્ત જીવને એક સમયે એક સાથે થાય છે. પ્રયોગ ( વીર્યાંતરાયના ક્ષય અથવા ક્ષયોપશમ દ્વારા ચેષ્ટા રૂપ )

*દર્શન સપ્તકના ક્ષયે કેવળ સમ્યક્ત્વ, જ્ઞાનાવરણના ક્ષયે કેવળ-જ્ઞાન, દર્શનાવરણના ક્ષયે કેવળ દર્શન, અને સમસ્ત કર્મના ક્ષયે સિદ્ધત્વ પ્રાપ્ત થાય છે.

પરિણામથી અથવા સ્વાભાવિક ઉત્પન્ન થયેલ ગતિ ક્રિયા વિશેષનો કાર્ય દ્વારા ઉત્પત્તિ કાળ, કાર્યારંભ અને કારણનો વિનાશ જેમ એક સાથે થાય છે, તેમ અહીં પણ સમજવું.

**પૂર્વપ્રયોગા-દસંગત્વાદ્-બન્ધચ્છેદાત્તથાગતિપરિણામાચ્ચતદ્ગતિઃ —૧૦-૬**

પૂર્વના પ્રયોગ થકી, (પુરૂષ પ્રયત્નથી દંડવડે ચક્રના ભ્રમણની જેમ) અસંગપણા થકી, (કર્મનો વિયોગ થવાથી માટીથી લેપાયેલ તુંબડીની જેમ) બંધ છેદ થકી (એરંડગુચ્છની જેમ) અને સિદ્ધની ગતિનો સ્વભાવ (જીવની સ્વાભાવિક) ઉર્ધ્વગતિ હોવાથી તે મુક્ત જીવોની ગતિ (ગમન) થાય છે.

**ક્ષેત્ર-કાલ-ગતિ-લિંગ-તીર્થ—ચારિત્ર—પ્રત્યેકબુદ્ધબોધિત-જ્ઞાનાવગાહનાન્તર સંખ્યાલ્પબહુત્વતઃ સાધ્યાઃ—૧૦-૭**

ક્ષેત્ર, કાલ, ગતિ, લિંગ, તીર્થ, ચારિત્ર, પ્રત્યેક બુદ્ધબોધિત, જ્ઞાન, અવગાહના, અન્તર, સંખ્યા અને અલ્પ બહુત્વ—એ બાર અનુયોગ દ્વારોથી સિદ્ધનો વિચાર કરવો.

તેમાં પૂર્વભાવ પ્રજ્ઞાપનીય અને પ્રત્યુત્પન્ન ભાવ પ્રજ્ઞાપનીય—એ બે નયની અપેક્ષાએ સિદ્ધનો વિચાર કરવાનો છે. અતીતકાલના ભાવને જણાવનાર પૂર્વભાવપ્રજ્ઞાપનીય નય કહેવાય છે, અને વર્તમાન ભાવને જણાવનાર પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીય નય કહેવાય છે.

**૧ ક્ષેત્ર**—ક્યા ક્ષેત્રમાં સિદ્ધ થાય ? પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીય નયને આશ્રયી સિદ્ધિ થાય છે. પૂર્વભાવ પ્રજ્ઞાપનીય નયની વિવક્ષાથી જન્મની અપેક્ષાએ પંદર કર્મભૂમિમાં ઊત્પન્ન થયેલો સિદ્ધ થાય છે, અને સંહરણની અપેક્ષાએ મનુષ્ય ક્ષેત્રમાં રહેલો સિદ્ધિપદને પામે છે. તેમાં પ્રમત્ત સંયત અને દેશ વિરતિનું સંહરણ થાય છે. સાધ્વી,

વેદરહિત, પરિહારવિશુદ્ધિ ચારિત્રવાળા, પુલાકચારિત્રી, અપ્રમત્તસંયત, ચૌદપૂર્વધર, અને આહારક શરીરી એઓનું સંહરણ થતું નથી. ઋજુસૂત્ર અને શબ્દાદિ ત્રણ નયો પ્રત્યુત્પન્ન ભાવને જણાવે છે, અને બાકીના નૈગમાદિક ત્રણ નયો પૂર્વભાવ (અતીત) તથા પ્રત્યુત્પન્ન (વર્તમાન) ભાવ–એ બન્નેને જણાવે છે.

**૨ કાલ**—કયા કાળે સિદ્ધ થાય છે ? અહીં પણ બે નયની અપેક્ષાએ વિચાર કરવો આવશ્યક છે. પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીય નયની વિવક્ષાથી કાલના અભાવમાં સિદ્ધ થાય છે. કેમકે સિદ્ધિ ક્ષેત્રમાં કાળનો (અભાવ છે.) પૂર્વભાવપ્રજ્ઞાપનીય નયની વિવક્ષાએ જન્મ અને સંહરણની અપેક્ષાએ વિચાર કરવાનો છે, જન્મથી સામાન્ય રીતે અવસર્પિણીમાં, ઉત્સર્પિણીમાં અને નોઉત્સર્પિણી–અવસર્પિણીમાં ઉત્પન્ન થયેલો સિદ્ધ થાય છે. ( નોઉત્સર્પિણી–અવસર્પિણીકાલ મહાવિદેહ ક્ષેત્રમાં છે. ) અને વિશેષથી અવસર્પિણીમાં સુષમ દુઃષમા આરાના સંખ્યાતાં વર્ષ બાકી રહે ત્યારે જન્મેલો સિદ્ધિપદને પામે, દુઃષમસુષમા નામે ચોથા આરાનો, તથા ચોથા આરામાં ઉત્પન્ન થયેલો દુઃષમા નામે પાંચમા આરામાં મોક્ષે જાય, પણ પાંચમા આરામાં જન્મેલો મોક્ષે ન જાય. સંહરણને આશ્રયી સર્વ કાલમાં–અવસર્પિણી ઉત્સર્પિણી અને નોઉત્સર્પિણી કાલમાં મોક્ષે જાય.

**૩ ગતિ**–પ્રત્યુત્પન્ન ભાવપ્રજ્ઞાપનીય નયની વિવક્ષાથી સિદ્ધિ ગતિમાં સિદ્ધ થાય, પૂર્વભાવ પ્રજ્ઞાપનીય નયના બે પ્રકાર છે–અનન્તર પશ્ચાત્ કૃતગતિક=અન્ય ગતિના આંતરા રહિત અને એકાન્તર પશ્ચાત્ કૃત ગતિક (એક મનુષ્ય ગતિના અંતરવાળા). અનન્તર પશ્ચાત્ કૃતગતિક નયની વિવક્ષાથી મનુષ્યગતિમાં ઉત્પન્ન થયેલો મોક્ષે જાય છે. એકાન્તર પશ્ચાત્કૃતગતિક નયની અપેક્ષાએ સર્વગતિથી આવેલો સિદ્ધિપદને પામે છે.

૪ **લિંગ**—લિંગની અપેક્ષાએ અન્ય વિકલ્પ છે, તેના ત્રણ પ્રકાર છે-૧ દ્રવ્યલિંગ, ૨ ભાવલિંગ, અને ૩ અલિંગ. પ્રત્યુત્પન્ન ભાવની અપેક્ષાએ લિંગ રહિત સિદ્ધ થાય છે, પૂર્વભાવની અપેક્ષાએ ભાવલિંગી (ભાવચારિત્રી) સ્વલિંગે (સાધુને વેષે) સિદ્ધ થાય છે. દ્રવ્યલિંગના ત્રણ પ્રકાર છે—સ્વલિંગ, અન્યલિંગ, અને ગૃહિલિંગ, તેને આશ્રયી ભજના જાણવી. સર્વ ભાવલિંગને પ્રાપ્ત થયેલ મોક્ષે જાય છે.

૫ **તીર્થ**—તીર્થંકરના તીર્થમાં તીર્થંકર સિદ્ધ થાય છે- તીર્થંકરપણું અનુભવીને મોક્ષે જાય છે, નોતીર્થંકર પ્રત્યેક બુદ્ધાદિ થઈ સિદ્ધ થાય છે, અને અતીર્થંકર-સાધુઓ થઈ સિદ્ધ થાય છે. એ પ્રમાણે તીર્થંકરોના તીર્થમાં પણ પૂર્વોક્ત ભેદવાળા સિદ્ધ થાય છે.

૬ **ચારિત્ર**— પ્રત્યુત્પન્નભાવની અપેક્ષાએ નોચારિત્રી નોઅચારિત્રી સિદ્ધ થાય છે, પૂર્વ ભાવ પ્રજ્ઞાપનીયના બે ભેદ છે-૧ અનન્તર પશ્ચાત્કૃતિક, અને ૨. પરંપર પશ્ચાત્કૃતિક. ૧ અનન્તર પશ્ચાત્કૃતિક ( જેને-કોઈ અન્ય ચારિત્રનું અંતર નથી એવા ) નયની અપેક્ષાએ યથાખ્યાત ચારિત્રી સિદ્ધ થાય છે પરમ્પર પશ્ચાત્કૃતિક( અન્ય ચારિત્ર વડે સાન્તર ) નયના વ્યંજિત અને અવ્યંજિત એ બે ભેદ છે. અવ્યંજિત- સામાન્યતઃ સંખ્યામાત્રથી કહેલ, અને વ્યંજિત એટલે વિશેષ નામદ્વારા કહેલા. અવ્યંજિતની અપેક્ષાએ ત્રણ ચારિત્રવાળા, ચાર ચારિત્રવાળા, અને પાંચ ચારિત્રવાળા સિદ્ધ થાય છે. વ્યંજિતનયની અપેક્ષાએ સામાયિક, સૂક્ષ્મ સંપરાય, અને યથાખ્યાત ચારિત્રવાળા સિદ્ધ થાય છે. અથવા છેદોપસ્થાપનીય, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત ચારિત્રવાળા સિદ્ધ થાય છે. અથવા સામાયિક, છેદોપસ્થાપનીય, સૂક્ષ્મસંપરાય, અને યથાખ્યાત ચારિત્રવાળા સિદ્ધ થાય છે. અથવા છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત ચારિત્રવાળા સિદ્ધ થાય છે. અથવા સામાયિક, છેદોપસ્થા-

પનીય, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત ચારિત્રવાળા સિદ્ધ થાય છે.

૭ **પ્રત્યેક બુદ્ધબોધિત**—સ્વયંબુદ્ધના બે ભેદ તીર્થંકર અને પ્રત્યેક બુદ્ધ, બુદ્ધ બોધિતના બે પ્રકાર–પરબોધક અને માત્ર પોતાનું જ હિતકરનારા–એ રીતે પ્રત્યેકબુદ્ધ બોધિત સિદ્ધના ચાર પ્રકાર છે.

૮ **જ્ઞાન**—પ્રત્યુત્પન્નભાવ નયની અપેક્ષાએ કેવલી સિદ્ધ થાય છે. પૂર્વભાવપ્રજ્ઞાપનીયના અનન્તર પશ્ચાત્ કૃતિક અને પરંપર પશ્ચાત્કૃતિક એ બે પ્રકાર છે, અને તે બન્નેના વ્યંજિત અને અવ્યંજિત એવા બબ્બે ભેદ છે. અવ્યંજિતમાં બે ત્રણ અને ચાર જ્ઞાન વડે સિદ્ધ થાય છે અને વ્યંજિતમાં મતિ શ્રત વડે, મતિ શ્રુત અવધિ વડે, મતિ શ્રુત મનઃપર્યાય વડે અને મતિ શ્રુત અવધિ અને મનઃપર્યાય વડે સિદ્ધ થાય છે.

૯ **અવગાહના**—અવગાહના બે પ્રકારની છે. ઉત્કૃષ્ટ અને જઘન્ય. ઉત્કૃષ્ટ અવગાહના ધનુષ પૃથકૃત્વથી અધિક પાંચસો ધનુષ, અને જઘન્ય અવગાહના અંગુલ પૃથકૃત્વથી હીન સાત હાથ. પૂર્વભાવ પ્રજ્ઞાપનીયની અપેક્ષાએ એટલી શરીરની અવગાહનામાં વર્તતો સિદ્ધ થાય છે. ( આ તીર્થંકરની અપેક્ષાએ કથન છે, અન્યથા જઘન્ય બે હાથની અવગાહનાવાળો સિદ્ધ થાય છે) અને પ્રત્યુત્પન્ન ભાવની અપેક્ષાએ પોતાની અવગાહનાથી ત્રીજા ભાગ ન્યૂન અવગાહનાવાળા સિદ્ધ થાય છે.

૧૦ **અન્તર**—અનન્તર અને સાન્તર એ બન્ને પ્રકારે સિદ્ધ થાય છે. અનન્તર–જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી આઠ સમય સુધી સિદ્ધ થાય છે. સાન્તર–જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી ૭ માસનું અન્તર પડે છે.

**૧૧ સંખ્યા**—એક સમયે જઘન્યથી એક, અને ઉત્કૃષ્ટથી ૧૦૮ સિદ્ધ થાય છે.

**૧૨ અલ્પબહુત્વ**—એ પૂર્વોક્ત ક્ષેત્રાદિક અગીઆર દ્વારોનું અલ્પબહુત્વ કહે છે તે આ પ્રમાણે—

**૧. ક્ષેત્ર**—જન્મથી સિદ્ધ કર્મભૂમિને વિષે છે, અને સંહરણથી સિદ્ધ અકર્મભૂમિમાં થાય છે, સંહરણથી સિદ્ધ સર્વથી થોડા છે, અને જન્મથી સિદ્ધ અસંખ્યાત ગુણા છે.

**સંહરણ બે પ્રકારનું છે**—સ્વયંકૃત અને પરકૃત, દેવ, ચારણ મુનિ અને વિદ્યાધરોએ કરેલું સંહરણ તે પરકૃત કહેવાય છે. ચારણ અને વિદ્યાધરોનું સંહરણ સ્વકૃત હોય છે. ક્ષેત્રોના ભેદ-કર્મભૂમિ, અકર્મભૂમિ, સમુદ્ર, દ્વીપ, ઉર્ધ્વ, અધો અને તિર્યગ્ લોક છે. તેમાં સર્વથી થોડા ઉર્ધ્વલોકમાં સિદ્ધ થાય છે. તેનાથી સંખ્યાત ગુણા અધોલોકમાં સિદ્ધ થાય છે. અને તેનાથી સંખ્યાત ગુણા તિર્યગ્ લોકમાં સિધ્ધ થાય છે, અને સર્વથી થોડા સમુદ્ર સિદ્ધ છે, અને તેનાથી સંખ્યાત ગુણા દ્વીપ સિદ્ધ છે. એ રીતે સામાન્યતઃ જાણવું, વિશેષતઃ- સર્વથી થોડા લવણ સમુદ્રમાં સિદ્ધ થયેલા છે, તેનાથી કાલોદધિમાં મોક્ષે ગએલા સંખ્યાત ગુણા છે, તેનાથી સંખ્યાત ગુણા જંબૂદ્વીપમાં સિદ્ધ થયેલા છે, તેનાથી ધાતકી ખંડમાં સંખ્યાત ગુણા સિધ્ધ થયેલા છે, અને તેનાથી સંખ્યાત ગુણા પુષ્કરાર્ધ દ્વીપમાં મોક્ષે ગયેલા છે.

**૨ કાલ**—કાલના ત્રણ પ્રકાર છે-અવસર્પિણી, ઉત્સર્પિણી અને અનવસર્પિણી- ઉત્સર્પિણી. અહીં સિદ્ધનો વ્યંજિત અને અવ્યંજિતના ભેદથી અલ્પ બહુત્વનો વિચાર કરવો. પૂર્વ ભાવની અપેક્ષાએ સર્વથી થોડા ઉત્સર્પિણી સિદ્ધ જાણવા, તેનાથી અવસર્પિણી સિદ્ધ વિશેષાધિક જાણવા, અને અનવસર્પિણી-ઉત્સર્પિણી સિદ્ધ સંખ્યાત ગુણા જાણવા.

વર્તમાન ભાવની અપેક્ષાએ કાલના અભાવમાં સિદ્ધ થાય છે માટે અલ્પબહુત્વ નથી.

૩ ગતિ—વર્તમાન કાલની અપેક્ષાએ સિદ્ધિ ગતિમાં સિદ્ધ થાય છે, માટે અલ્પ બહુત્વ હોતું નથી. આંતરા રહિત પશ્ચાત્ કૃતિક રૂપ પૂર્વ ભાવની અપેક્ષાએ માત્ર મનુષ્ય ગતિમાં સિદ્ધ થાય છે, માટે અલ્પ બહુત્વ નથી. આંતરા રહિત પરંપર પશ્ચાત્ કૃતિકરૂપ પૂર્વ ભાવની અપેક્ષાએ તિર્યંચ ગતિથી મનુષ્યમાં આવીને મોક્ષે ગયેલા સર્વથી થોડા છે, મનુષ્ય ગતિથી મનુષ્ય ગતિમાં આવી મોક્ષે ગયેલા સંખ્યાત ગુણા છે, નરક ગતિથી મનુષ્ય ગતિમાં આવી મોક્ષે ગયેલા સંખ્યાતગુણા છે, અને તેથી દેવગતિમાંથી મનુષ્ય ગતિમાં આવી મોક્ષે ગએલા સંખ્યાત ગુણા છે,

૪ લિંગ—વર્તમાન ભાવની અપેક્ષાએ વેદ રહિત સિદ્ધ થાય છે, માટે અલ્પ બહુત્વ નથી. પૂર્વ ભાવની અપેક્ષાએ સર્વથી થોડા નપું-સકલિંગ સિદ્ધ જાણવા, તેથી સંખ્યાત ગુણા સ્ત્રી લિંગ સિદ્ધ, અને તેથી સંખ્યાત ગુણા પુલિંગ સિદ્ધ જાણવા.

૫. તીર્થ—સર્વથી થોડા તીર્થંકરના તીર્થમાં તીર્થંકર સિદ્ધ જાણવા, તેથી નોતીર્થંકર સિદ્ધ સંખ્યાત ગુણા જાણવા, તીર્થંકરના તીર્થમાં સિદ્ધ થયેલા નપુંસકો સંખ્યાત ગુણા, તેથી સ્ત્રી સિદ્ધ સંખ્યાત ગુણા, અને તેથી પુરુષ સિદ્ધ સંખ્યાત ગુણા જાણવા.

૬ ચારિત્ર—વર્તમાન ભાવની અપેક્ષાએ નોચારિત્રી નોઅ-ચારિત્રી સિદ્ધ થાય છે, માટે અલ્પબહુત્વ નથી. પૂર્વભાવની અપેક્ષાએ સામાન્ય રીતે—સર્વથી થોડા પાંચ ચારિત્રવાળા મોક્ષે ગયેલા જાણવા, તેથી ચાર ચારિત્રવાળા સંખ્યાત ગુણા, અને તેથી ત્રણ ચારિત્રવાળા સંખ્યાત ગુણા જાણવા. વિશેષતઃ—સર્વથી થોડા સામાયિક, છેદોપસ્થાનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત એ પાંચ

ચારિત્રી સિદ્ધ જાણવા, તેથી સામાયિક ચારિત્ર સિવાય બાકીના ચાર ચારિત્ર વડે સિદ્ધ થએલા સંખ્યાત ગુણા, તેથી પરિહાર વિશુદ્ધિ સિવાય બાકીના ચાર ચારિત્ર વડે સિદ્ધ થયેલા સંખ્યાતગુણા, તેથી છેદોપસ્થાપનીય ચારિત્ર સિવાય બાકીના ચાર ચારિત્ર વડે સિદ્ધ થયેલા સંખ્યાતગુણા, તેથી સામાયિક, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત એ ત્રણ ચારિત્ર વડે સિદ્ધ થયેલા સંખ્યાત ગુણા, અને તેથી છેદોપસ્થાપનીય, સૂક્ષ્મસંપરાય, અને યથાખ્યાત એ ત્રણ ચારિત્ર વડે સિદ્ધ થયેલા સંખ્યાતગુણા જાણવા.

૭. **પ્રત્યેક બુદ્ધ બોધિત**—સર્વથી થોડા પ્રત્યેક બુદ્ધ સિદ્ધ, તેથી બુદ્ધ બોધિત નપુંસક સંખ્યાત ગુણા, તેથી બુદ્ધ બોધિત સ્ત્રી સંખ્યાત ગુણી, અને તેથી બુદ્ધ બોધિત પુરુષ સંખ્યાત ગુણા જાણવા.

૮. **જ્ઞાન**—વર્તમાન ભાવની અપેક્ષાએ સર્વ કેવલજ્ઞાની સિદ્ધ થાય છે, માટે અલ્પબહુત્વ નથી. પૂર્વ ભાવની અપેક્ષાએ સામાન્ય રીતે-સર્વથી થોડા બે જ્ઞાને સિદ્ધ થાય છે. તેથી ચાર જ્ઞાન વડે સિદ્ધ થયેલા સંખ્યાત ગુણા. અને તેથી ત્રણ જ્ઞાન વડે સિદ્ધ થયેલા સંખ્યાત ગુણા. વિશેષતઃ—સર્વથી થોડા મતિ શ્રુત જ્ઞાનસિદ્ધ સંખ્યાત ગુણા અને તેથી મતિ શ્રુત અવધિ મનઃપર્યવ જ્ઞાનસિદ્ધ સંખ્યાત ગુણા, અને તેથી મતિ શ્રુત અવધિજ્ઞાન સિદ્ધ સંખ્યાત ગુણા જાણવા.

૯. **અવગાહના**—સર્વથી થોડા જઘન્ય અવગાહનાએ સિદ્ધ છે, તેથી ઉત્કૃષ્ટ અવગાહના સિદ્ધ અસંખ્યાત ગુણા, તેથી યવમધ્ય સિદ્ધ અસંખ્યાત ગુણા. તેથી યવમધ્યની ઉપરના સિદ્ધ અસંખ્યાત ગુણા, તેથી યવમધ્યની નીચેના સિદ્ધ વિશેષાધિક, તેથી સર્વ સિદ્ધ વિશેષાધિક જાણવા.

**૧૦. અંતર**—આઠ સમય સુધી નિરન્તર સિધ્ધ થયેલા સર્વથી થોડા જાણવા, સાત સમય અને છ સમય સુધી નિરન્તર સિધ્ધ થયેલા, યાવત્ બે સમય સુધી નિરન્તર સિધ્ધ થયેલા સંખ્યાત ગુણા જાણવા, છ માસના અન્તર વડે—સિધ્ધ થયેલા સર્વથી થોડા જાણવા. એક સમયના આંતરા વડે સિધ્ધ થયેલા સંખ્યાત ગુણા, યવમધ્યના આંતરા વડે સિધ્ધ થયેલા સંખ્યાત ગુણા, યવમધ્યની નીચેના આંતરા વડે સિધ્ધ થયેલા અસંખ્યાત ગુણા, યવમધ્યની ઉપરના આંતરા વડે સિધ્ધ થએલા વિશેષાધિક, અને તેથી સર્વ સિધ્ધો વિશેષાધિક જાણવા.

**૧૧. સંખ્યા**—એક સમયે એકસોને આઠ સિધ્ધ થયેલા સર્વથી થોડા જાણવા, એકસો સાત સિદ્ધ થયેલા યાવત્ પચાસ સિધ્ધ થયેલા અનન્ત ગુણા જાણવા. ઓગણપચાસથી આરંભી પચીસ સુધી સિદ્ધ થયેલા અસંખ્યાત ગુણા, અને ચોવીસથી માંડી એક સુધી સિધ્ધ થયેલા સંખ્યાત ગુણા જાણવા.

## ઉપસંહાર

એ પ્રકારે નિસર્ગ (સ્વાભાવિક) અગર અધિગમ (ગુરુ ઉપદેશ) થી ઉત્પન્ન થયેલ તત્ત્વાર્થ શ્રધ્ધાનરૂપ, શંકાદિ અતિચાર રહિત, પ્રશમ (સમતા)–સંવેગ (મોક્ષ સુખની અભિલાષા) નિર્વેદ (સંસારથી ઉદ્વેગ)–અનુકંપા (દયા) અને આસ્તિકતા (વીતરાગ ભાષિત વચનમાં દૃઢ શ્રધ્ધાન)ના પ્રગટ થવા રૂપ વિશુધ્ધ એવું સમ્યગ્ દર્શન પામીને અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થકી વિશુદ્ધ જ્ઞાન મેળવીને, નિક્ષેપ, પ્રમાણ, નય, નિર્દેશ, સત્સંખ્યા વગેરે ઉપાયો વડે જીવાદિ તત્ત્વોના અને પારિણામિક, ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક ભાવોના યથાર્થ તત્ત્વને જાણીને; પારિણામિક અને ઔદયિક ભાવની ઉત્પત્તિ, સ્થિતિ, અન્યથા (રૂપાંતર પરિણામ)રૂપ અનુગ્રહ અને

નાશના તત્ત્વને જાણનાર; વિરક્ત, નિઃસ્પૃહ, ત્રણ ગુપ્તિએ ગુપ્ત, પાંચ સમિતિએ સમિત (યુક્ત); દશવિધ યતિધર્મના અનુષ્ઠાન થકી અને તેનુ ફળ દેખવાથી મોક્ષપ્રાપ્તિના પ્રવર્તન વડે અત્યંત વૃદ્ધિ પામેલ શ્રદ્ધા અને સંવેગવાળો, ભાવના (મૈત્રી વગેરે ચાર) વડે ભાવિતાત્મા, દ્વાદશ અનુપ્રેક્ષાઓ વડે સ્થિર કર્યો છે આત્મા જેણે એવો, અનાસક્ત, સંવર (નિરાશ્રવપણુ) કરવાથી, વિરક્તપણાથી, નિસ્પૃહ થવાથી, નવીન કર્મ સંચયથી રહિત. પરિષહના જય થકી અને બાહ્ય અભ્યન્તર તપના અનુષ્ઠાન અને અનુભાવ થકી, સમ્યગ્‌દષ્ટિ અને દેશવિરતિથી માંડી જિન પર્યન્તના પરિણામ અધ્યવસાય અને વિશુદ્ધિરૂપ સ્થાનાન્તરોની ઉત્તરોત્તર અસંખ્યગુણ ઉત્કર્ષતાની પ્રાપ્તિ વડે પૂર્વોપાર્જિત કર્મને નિર્જરતો, સામાયિકથી માંડી સૂક્ષ્મસંપરાય પર્યંતના સંયમ સંબંધિ વિશુદ્ધિ સ્થાનોની ઉત્તરોત્તર પ્રાપ્તિ થકી, પુલાક વગેરે નિર્ગ્રંથોના સંયમ પાળવાના વિશુદ્ધિ સ્થાનવિશેષોની ઉત્તરોત્તર પ્રાપ્તિવડે યુક્ત, અત્યંત ક્ષય કર્યાં છે આર્ત્ત અને રૌદ્ર ધ્યાન જેણે એવો; ધર્મ ધ્યાનની દઢતાથી પ્રાપ્ત કર્યું છે સમાધિબળ જેણે એવો, પૃથકૃત્વ વિર્તક અને એકત્વ વિતર્કમાંના એક શુકલ ધ્યાનમાં વર્તતો જીવ અનેક પ્રકારની ઋદ્ધિઓને પ્રાપ્ત કરે છે. તે આ પ્રમાણે–આમર્ષ ઔષધિ (સ્પર્શ માત્ર ઔષધિરૂપ–હાથના સ્પર્શમાત્રે પોતાના તેમજ પારકા રોગને નાશ કરે તેવી શક્તિ) વિપ્રુડ્ ઔષધિ (વડી નીતિ, લઘુ નીતિના અવયવે વ્યાધિ નાશ કરે તેવી શક્તિ), સર્વ ઔષધિ (દંત, નખ, કેશ, રોમ ઈત્યાદિ અવયવો જેનાં ઔષધિ રૂપ હોય, તેનું સ્પર્શ કરેલ પાણી અનેક રોગને હણે, તેને સ્પર્શ કરેલ પવન બીજાના વિષાદિ હરે તેવી શક્તિ) શાપ અને આશીર્વાદના સામર્થ્યને ઉત્પન્ન કરે તેવી વચન સિદ્ધિ. ઈશિત્વ (સ્થાવર પણ આજ્ઞા માને એવી શક્તિ, તીર્થંકર ચક્રવર્તિ વગેરેની ઋદ્ધિને વિસ્તારી શકે એવી પ્રભુતા), વશિત્વ (જીવ અજીવ સર્વ

પદાર્થ વશ થાય એવી શક્તિ), અવધિજ્ઞાન, વૈક્રિયપણું, અણિમા, લઘિમા, મહિમા, અણુત્વ, ઈત્યાદિ. કમલની નાળ (સૂત્ર) ના છિદ્રમાં પણ પ્રવેશ કરવાની શક્તિ તે અણિમા. હલકાપણું તે લઘિમા, જેમકે વાયુ કરતાં પણ હલકા થઈ શકાય. મહોટાપણું તે મહિમા, જેમકે મેરૂ થકી પણ મહોટું શરીર કરી શકાય. ભૂમિ ઉપર રહ્યા છતાં અંગુલીના અગ્ર ભાગ વડે મેરૂ પર્વતની ટોચ અને સૂર્યાદિકને સ્પર્શે તેની પ્રાપ્તિ. પાણીમાં પૃથ્વીની જેમ પગે ચાલે અને પૃથ્વી ઉપર પાણીની પેઠે ડુબી જાય ને બહાર નિકળે એવી શક્તિ તે પ્રાકામ્ય. જે વડે અગ્નિની જ્યોત, ધૂમ્ર, ઝાકળ. વરસાદ, પાણીની ધારા, કરોળીયાની જાળ, જ્યોતિષ્કવિમાનોનાં કિરણ અને વાયુ એમાંના કોઈ પણ એકને ગ્રહણ કરીને આકાશમાં ચાલે તેવી શકિત તે જંઘાચારણ, જેનાથી આકાશને વિષે ભૂમિની જેમ ચાલે, પક્ષીની પેઠે ઉંચે ઉડવું, નીચે ઉડવું વગેરે કરે તેવી શકિત તે આકાશ ગતિ ચારણ. આકાશ (ખાલી જગ્યા) ની પેઠે પર્વત મધ્યેથી પણ ચાલી શકે તેવી શકિત તે અપ્રતિઘાતિ. અદૃશ્ય થવું તે અંતર્ધાન શકિત, જુદા જુદા પ્રકારનાં અનેક રૂપોને એક સાથે કરી શકે તથા વિશેષ તેજ ઉત્પન્ન કરી શકે તેવી શકિત તે કામરૂપી અર્થાત્ મરજી માફક રૂપ ધારણ કરી શકાય તે ઈત્યાદિ ઋદ્ધિ પ્રાપ્ત થાય છે. વળી ઇન્દ્રિયોને વિષે મતિજ્ઞાનની વિશુદ્ધિ વધારે હોવાથી સ્પર્શન, આસ્વાદન, સુંઘવું, જોવું, સાંભળવું એ વિષયોનો દૂર થકી પણ અનુભવ કરે છે. એક સાથે અનેક વિષયનું શ્રવણ-જ્ઞાન થાય તેવી શકિત તે સંભિન્ન જ્ઞાન, એ વગેરે કોષ્ઠબુદ્ધિ; (જેમ કોઠામાં અનાજ વગેરે ભંડારેલું રહે તેની પેઠે ભણેલ સૂત્ર વગેરે વિસ્મરણ થયા વિના યાદ રહે), બીજબુદ્ધિ (એક અર્થ રૂપ બીજને સાંભળવે કરી ઘણા અર્થને નીપજાવી કાઢે, જેમ એક અનાજનું બીજ વાવવાથી ઘણું નીપજે તેમ), પદ, પ્રકરણ, ઉદ્દેશ, અધ્યાય, પ્રાભૃત, વસ્તુ, પૂર્વ અને અંગ

એનું અનુસારીપણું અર્થાત્ પદાદિ થોડા જાણ્યા સાંભળ્યાં હોય તોપણ સંપૂર્ણ મેળવી શકે, ઋજુમતિ, પરચિત્ત ( અભિપ્રાય) જ્ઞાન, ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ અને અનિષ્ટ વસ્તુની અપ્રાપ્તિ વગેરે મન સંબંધિ ઋધ્ધિઓ જાણવી. ક્ષીરાશ્રવ ( દૂધના પ્રવાહના ઝરવા તુલ્ય વચનની મિષ્ટતા), મધ્વાશ્રવ ( મધુના પ્રવાહ જેવી વચનની મિષ્ટતા), વાદિપણું (વાદ વિવાદમાં કુશળતા), સર્વ રૂતજ્ઞ (સર્વ પશુ પક્ષી આદિના શબ્દને જાણે) અને સર્વ સત્ત્વાવબોધન (સર્વ પ્રાણીને બોધ કરી શકે તેવી શકિત) વગેરે વચન સંબંધિ ઋદ્ધિ જાણવી. તથા વિદ્યાધરપણું, આશીવિષપણું ( દાઢાની અંદર ઝેર ઉત્પન્ન થાય, શાપે કરી બીજાને મારી શકે તે) અને ભિન્નાક્ષર (ન્યૂન) ચૌદ પૂર્વધરપણું અને અભિન્નાક્ષર ( સંપૂર્ણ) પૂર્વધરપણું વિગેરે પણ ઋધ્ધિઓ જાણવી.

તે વાર પછી નિઃસ્પૃહ હોવાથી તે ઋધ્ધિઓમાં આસક્તિ રહિત અને મોહનીય કર્મના ક્ષપક પરિણામમાં સ્થિત રહેલા એવા તે જીવનું અઠયાવીશ પ્રકારવાળું મોહનીય કર્મ સર્વથા નાશ પામે છે, તે વાર પછી છદ્મસ્થ વીતરાગપણું પ્રાપ્ત થયેલા તે જીવના અંતર્મુહૂર્ત્ત વડે જ્ઞાનાવરણ દર્શનાવરણ અને અંતરાય કર્મ સમકાળે સર્વથા નાશ પામે છે તે પછી સંસારના બીજ ( ઉત્પત્તિ) રૂપી બંધનથી સર્વથા મુકત, ફળરૂપ બંધનથી મોક્ષની અભિલાષાવાળા, યથાખ્યાત ચારિત્રવાળા, જિન, કેવળી, સર્વજ્ઞ, સર્વદર્શી, શુદ્ધ, બુદ્ધ, કૃતકૃત્ય. સ્નાતક થાય છે. તે વાર પછી વેદનીય, નામ, ગોત્ર અને આયુષ્ય કર્મના ક્ષય થકી ફલબંધનથી રહિત, પૂર્વે ગ્રહણ કરેલ ઇંધનને બાળી નાખ્યા છે જેણે અને (નવાં) ઇંધનરૂપ ઉપાદાન કારણ રહિત એવા અગ્નિની પેઠે પૂર્વે ઉપાર્જન કરેલ ભવનો નાશ થવાથી અને હેતુના અભાવથી હવે પછી (નવાં) જન્મોની ઉત્પત્તિ નહિ હોવાથી, શાંત, સંસાર સુખથી વિલક્ષણ, આત્યંતિક ( અનંત) એકાંતિક, ઉપમા રહિત, નિરતિશય (શ્રે ષ્ઠ), એવા નિર્વાણ મોક્ષ સુખને પામે છે.

एवं तत्त्व-परिज्ञाना-द्विरक्तस्यात्मनो भृशम्;
निरास्रवत्वाच्छिन्नायां, नवायां कर्म-सन्ततौ. ॥ १ ॥
पूर्वार्जितं क्षपयतो, यथोक्तैः क्षय-हेतुभिः;
संसार-बीजं कार्त्स्न्येन, मोहनीयं प्रहीयते. ॥ २ ॥

એ પ્રકારના તત્ત્વોને સારી રીતે જાણવા થકી સર્વથા વિરક્ત થયેલ અને પૂર્વોપાર્જિત કર્મને શાસ્ત્રોક્ત ક્ષય કરવાના હેતુઓ વડે ખપાવનાર આત્મા (જીવ)નું, નિરાશ્રવપણું હોવાથી નવીન કર્મ સંતતિ (પરંપરા) છેદ થયે છતે સંસારના બીજરૂપ મોહનીય કર્મ સર્વથા નાશ પામે છે ૧-૨

ततोऽन्तरायज्ञानघ्न—दर्शनघ्नान्यनन्तरम्;
प्रहीयन्तेऽस्य युगपत्, त्रीणि कर्माण्यशेषतः ॥ ३ ॥

તે વાર પછી તરતજ તે જીવના અંતરાય, જ્ઞાનાવરણ અને દર્શનાવરણ એ ત્રણે કર્મો એક સાથે સર્વથા નાશ પામે છે. ૩

गर्भसूच्यां विनष्टायां, यथा तालो विनश्यति;
तथा कर्मक्षयं याति, मोहनीये क्षयं गते. ॥ ४ ॥

જેવી રીતે ગર્ભસૂચિ (વચ્ચેનો અંકુરો-તંતુ) નાશ થયે છતે તાડવૃક્ષ નાશ પામે છે. તેવી રીતે મોહનીયકર્મ ક્ષય થયે છતે બીજા કર્મ ક્ષય પામે છે. ૪

ततः क्षीण-चतुष्कर्मा, प्राप्तोऽथाख्यातसंयमम्;
बीज-बन्धन-निर्मुक्तः, स्नातकः परमेश्वरः ॥ ५ ॥

તે વાર પછી ખપાવ્યાં છે ચાર કર્મ જેણે એવો અને પ્રાપ્ત કર્યું છે યથાખ્યાત ચારિત્ર જેણે એવો આત્મા બીજ બંધનથી રહિત સ્નાતક, પરમેશ્વર થાય છે. ૫

शेषकर्म फलापेक्षः, शुद्धो बुद्धो निरामयः;
सर्वज्ञः सर्वदर्शी च, जिनो भवति केवली. ॥ ६ ॥

બાકીનાં કર્મ હોવાથી મોક્ષ ફળની અપેક્ષાવાળો શુદ્ધ, બુદ્ધ, નિરામય (રોગ રહિત), સર્વજ્ઞ, સર્વદર્શી, જિન એવો કેવળી થાય છે.

कृत्स्नकर्म-क्षयादूर्ध्वं, निर्वाणमधिगच्छति;
यथा दग्धेन्धनो वह्नि-र्निरुपादान-सन्ततिः ॥ ७ ॥

સમસ્ત કર્મના ક્ષય થયા પછી તે નિર્વાણને પામે છે. જેમ બાળ્યાં છે પૂર્વના ઇંધન જેણે અને નવીન ઇંધનરૂપ ઉપાદાન સંતતિ રહિત એવો અગ્નિ શુદ્ધ દેદીપ્યમાન રહે છે, તેમ જીવ શુદ્ધતાને પામે છે. ૭

दग्धे बीजे यथाऽत्यन्तं, प्रादुर्भवति नाङ्कुरः,
कर्मबीजे तदा दग्धे, नारोहति भवाङ्कुरः ॥ ८ ॥

જેમ બીજ બળી ગયે છતે અંકુરો બીલકુલ ઉત્પન્ન થતો નથી, તેમ સંસાર બીજ બળી ગયે છતે ભવરૂપ અંકુર પેદા થતો નથી. ૮

तदनन्तरमेवोर्ध्व-मालोकान्तात् स गच्छति;
पूर्वप्रयोगासङ्गत्व-बन्धच्छेदोर्ध्वगौरवैः ॥ ९ ॥

તે વાર પછી તરતજ પૂર્વ પ્રયોગ, અસંગત્વ, બંધ છેદ અને ઉર્ધ્વ ગૌરવ વડે કરીને તે લોકાંત સુધી જાય છે. ૯

कुलाल-चक्रे दोलाया-मिषौ चापि यथेष्यते;
पूर्वप्रयोगात्कर्मेह, तथा सिद्धगतिः स्मृता. ॥ १० ॥

કુંભારનો ચાક, હિંડોળા અને બાણને વિષે જેમ પૂર્વ પ્રયોગથી ભ્રમણ, ગમનાદિ ક્રિયા થાય છે, તેવી અહિં પૂર્વ પ્રયોગથી સિદ્ધની ગતિરૂપ ક્રિયા કહેલ છે- થાય છે. ૧૦

मृल्लेप-सङ्ग-निर्मोक्षा, द्यथा दृष्टाप्स्वलाबुनः,
कर्म-संग-विनिर्मोक्षा,-त्तथा सिद्धगतिः स्मृता. ॥ ११ ॥

જેવી રીતે માટીના લેપરૂપ સંગથી સર્વથા મુક્ત થવાથી તુંબડાની પાણીમાં ઉર્ધ્વ ગતિ દેખાય છે, તેવી જ રીતે કર્મરૂપ સંગથી સર્વથા મુકત થવાથી સિદ્ધની ઉર્ધ્વ ગતિ કહેલી છે. ૧૧

एरण्ड-यन्त्रपेडासु, बन्धच्छेदाद्यथा गतिः,
कर्म-बन्धन-विच्छेदा,-त्सिद्धस्यापि तथेष्यते. ॥ १२ ॥

એરંડના ગુચ્છાના બંધન છેદન થકી જેમ એરંડ બીજની ગતિ થાય છે તેવી રીતે કર્મરૂપ બંધના છેદન થકી સિદ્ધની પણ ઉર્ધ્વગતિ ગણાય છે. ૧૨

ऊर्ध्वगौरव-धर्माणो, जीवा इति जिनोत्तमैः,
अधोगौरव-धर्माणः, पुद्गला इति चोदितम् ॥ १३ ॥

ઉર્ધ્વ ગમનના ગૌરવ ધર્મવાળા જીવો છે અને અધોગમનના ગૌરવ ધર્મવાળા પુદ્ગલો છે, એમ જિન-કેવલી માંહે ઉત્તમ એવા તીર્થંકરોએ કહેલું છે. ૧૩

यथाऽधस्तिर्यगूर्ध्वं च, लोष्टवाय्वग्नि-वीतयः,
स्वभावतः प्रवर्तन्ते, तथोर्ध्वं गतिरात्मनाम्. ॥ १४ ॥

જેવી રીતે પાષાણ, વાયુ અને અગ્નિની ગતિઓ સ્વભાવેજ અનુક્રમે અધો, તિર્ચ્છિત અને ઉર્ધ્વ પ્રવર્તે છે તેવી રીતે આત્માની ગતિ પણ સ્વભાવે ઉર્ધ્વ થાય છે. ૧૪

अतस्तु गति-वैकृत्य,-मेषां यदुपलभ्यते;
कर्मणः प्रतिघाताच्च, प्रयोगाच्च तदिष्यते. ॥ १५ ॥

ઉપર કહેલ કરતાં જુદી રીતે એ જીવ પુદ્ગલાદિની ગતિ જે થાય છે, તે કર્મથી, પ્રતિઘાતથી અને પ્રયોગથી થાય છે. ૧૫

अधस्तिर्यगथोर्ध्वं च, जीवानां कर्मजा गतिः;
ऊर्ध्वमेव तु तद्धर्मा, भवति क्षीण-कर्मणाम्. ॥ १६ ॥

જીવોની કર્મવડે અધો તિર્યક્ અને ઉર્ધ્વ ગતિ થાય છે, પરંતુ ક્ષીણ થયાં છે કર્મ જેનાં એવા જીવોની તો ઉર્ધ્વગતિજ થાય છે. કેમકે જીવ સ્વભાવે ઉર્ધ્વગતિ ધર્મવાળો છે. ૧૬.

द्रव्यस्य कर्मणो यद्वदुत्पत्त्यारम्भ-वीतयः;
समं तथैव सिद्धस्य, गति-मोक्ष-भवक्षयाः ॥ १७ ॥

જેવી રીતે દ્રવ્યમાં ક્રિયાની ઉત્પત્તિ, આરંભ અને નાશ એક સાથે થાય છે. તેવીજ રીતે સિદ્ધની ગતિ, મોક્ષ અને ભવનો ક્ષય સાથે થાય છે. ૧૭.

उत्पत्तिश्च विनाशश्च, प्रकाश-तमसोरिह,
युगपद्भवतो यद्वत्, तथा निर्वाण-कर्मणोः ॥ १८ ॥

અહીં જેમ પ્રકાશની ઉત્પત્તિ અને અંધકારનો નાશ સાથે થાય છે, તેવી જ રીતે નિર્વાણ (મોક્ષ)ની ઉત્પત્તિ અને કર્મનો નાશ સાથે થાય છે. ૧૮.

तन्वी मनोज्ञा सुरभिः, पुण्या परम-भास्वरा;
प्राग्भारा-नाम वसुधा, लोकमूर्ध्नि व्यवस्थिता. ॥ १९ ॥

સૂક્ષ્મ, મનોહર, સુગંધી, પવિત્ર અને પરમ પ્રકાશમય પ્રાગ્ભારા નામની પૃથ્વી લોકક્ષેત્રના માથે રહેલ છે. ૧૯.

नृलोक-तुल्य-विष्कम्भा, सितच्छत्रनिभा शुभा,
ऊर्ध्वं तस्याः क्षितेः सिद्धा, लोकान्ते समवस्थिताः ॥ २० ॥

તે મનુષ્યલોક તુલ્ય (૪૫ લાખ યોજન) વિસ્તારવાળી, શ્વેત છત્ર તુલ્ય શુભ વર્ણ વાળી છે. તે પ્રાગ્ભારા પૃથ્વી ઉપર ઉંચે (એક યોજન પ્રદેશમાં છેવટના યોજનના ૨૪ મા ભાગમાં) લોકના અંતે સિદ્ધો રૂડે પ્રકારે રહેલા છે. ૨૦.

तादात्म्यादुपयुक्तास्ते, केवलज्ञान–दर्शनैः,
सम्यक्त्व–सिद्धतावस्था–हेत्वभावाच्च निष्क्रियाः ।। २१ ।।

તેઓ તાદાત્મ્ય સંબંધથી કેવળજ્ઞાન અને કેવળ દર્શને કરી સહિત (કેવળજ્ઞાન દર્શનના ઉપયોગવાળા) છે. સમ્યકૃત્વ સિદ્ધતા અવસ્થા સહિત છે અને હેતુના અભાવે નિષ્ક્રિય છે. ૨૧.

ततोऽप्यूर्ध्वं गतिस्तेषां, कस्मान्नास्तीति चेन्मतिः;
धर्मास्तिकायस्याभावात्, स हि हेतुर्गतेः परः ।। २२ ।।

જો કદાચ એવી બુદ્ધિ (શંકા) થાય કે તેઓની તેનાથી પણ ઉંચે ગતિ શા માટે ન થાય? તો એ શંકાનો ઉત્તર કહે છે— ધર્માસ્તિકાયનો અભાવ હોવાથી (સિદ્ધની) ઉંચે ગતિ ન થાય કેમકે ધર્માસ્તિકાય (જ) ગતિનો પરમ હેતુ છે. ૨૨.

संसार विषयातीतं, मुक्ताना–मव्ययं सुखम्;
अव्याबाधमिति प्रोक्तं, परमं परमर्षिभिः ।। २३ ।।

સંસારના વિષય થકી વિલક્ષણ, અવ્યય (નાશ ન થાય તેવું) અને અવ્યાબાધ (પીડા રહિત) એવું ઉત્કૃષ્ટ સુખ મુકત જીવોને પરમ ઋષિઓએ કહેલું છે. ૨૩.

स्यादेतदशरीरस्य, जन्तो–र्नष्टाष्ट–कर्मणः;
कथं भवति मुक्तस्य, सुखमित्यत्र मे शृणु. ।। २४ ।।

નાશ કર્યાં છે અષ્ટ કર્મ જેણે એવા અશરીરી મુક્ત જીવોને એ સુખ કેવી રીતે થાય? એ પ્રકારે શંકા થયે છતે મારો ઉત્તર અહીં સાંભળો. ૨૪.

लोके चतुर्ष्विहार्थेषु, सुखशब्दः प्रयुज्यते;
विषये वेदनाऽभावे, विपाके मोक्ष एव च. ॥ २५ ॥

અહીં લોકમાં ચાર પ્રકારના પદાર્થોમાં સુખ શબ્દ જોડેલ છે. અર્થાત્ ચાર પ્રકારે સુખ ગણ્યું છે. વિષયમાં, વેદના (પીડા) ના અભાવમાં, પરિણામમાં અને મોક્ષમાં. ૨૫.

सुखो वह्निः सुखो वायु-र्विषयेष्विह कथ्यते,
दुःखाभावे च पुरुषः, सुखितोऽस्मीति मन्यते. ॥ २६ ॥

ઉદાહરણ આપે છે—અગ્નિ સુખ, વાયુ સુખ, વિષયમાં સુખ એમ અહીં કહેવાય છે તેમજ દુઃખના અભાવે પણ 'હું સુખી છું' એમ મનુષ્ય માને છે. ૨૬.

पुण्यकर्म-विपाकाच्च, सुखमिष्टेन्द्रियार्थजम्;
कर्मक्लेश-विमोक्षाच्च, मोक्षे सुखमनुत्तमम् ॥ २७ ॥

અને પુણ્યકર્મના વિપાકથકી ઇચ્છિત ઈંદ્રિયના વિષયથી ઉત્પન્ન થયેલ સુખ કહેવાય છે. અને કર્મ તથા કષાયના સર્વથા મોક્ષ (છૂટકારા) થકી મોક્ષમાં સર્વોત્તમ સુખ ગણેલું-રહેલું છે. ૨૭.

सुस्वप्न-सुप्तवत्केचि—दिच्छन्ति परिनिर्वृत्तिम्;
तदयुक्तं क्रियावत्त्वात्—सुखानुशयतस्तथा. ॥ २८ ॥

એ મોક્ષ સુખને કેટલાએક સુખપૂર્વક નિદ્રા લેનાર જેમ ઉત્તમ શાંતિ ઇચ્છે છે તે રૂપ માને છે. તે પ્રકારનું સુખ માનવું તે અયુક્ત

છે. કેમકે ( તેમ માનવાથી ) ત્યાં ક્રિયાપણું થાય, તેમજ સુખનું ઓછાવત્તાપણું થાય. ૨૮.

श्रम–क्लम–मद्–व्याधि–मदनेभ्यश्च सम्भवात्;
मोहोत्पत्ते–र्विपाकाच्च, दर्शनघ्नस्य कर्मणः ॥ २९ ॥

વળી શ્રમ, ( ખેદ ), ગ્લાનિ, મદ ( મદ્યપાનાદિ જનિત ), વ્યાધિ અને મૈથુન થકી તથા મોહના ઉત્પત્તિ સ્થાન રતિ, અરતિ, ભય અને શોક વગેરેથી અને દર્શનાવરણ કર્મના વિપાકથી તે ( નિદ્રા ) ની ઉત્પત્તિ છે. તેથી મોક્ષ સુખને નિદ્રા માનવી તે અયુક્ત છે. કેમકે તે મુક્ત જીવો શ્રમાદિથી રહિત છે. ૨૯.

लोके तत्संदृशो ह्यर्थः, कृत्स्नेऽप्यन्यो न विद्यते;
उपगीयेत तद्यन, तस्मान्निरुपमं सुखम् ॥ ३० ॥

આખા લોકમાં તેનાં સદશ બીજો કોઈપણ પદાર્થ જ નથી કે જેની સાથે તેની ઉપમા દેવાય, તે માટે તે સુખ નિરૂપમ ( ઉપમા રહિત ) છે. ૩૦.

लिङ्ग—प्रसिद्धेःप्रामाण्या—दनुमानोपमानयोः,
अत्यन्तं चाप्रसिद्धं तद्, यत्तेनानुपमं स्मृतम्. ॥ ३१ ॥

અનુમાન અને ઉપમાનનું પ્રમાણ હેતુની પ્રસિદ્ધિથી થાય છે. તે આ બાબતમાં અત્યંત અપ્રસિદ્ધ છે, તે કારણ માટે તે અનુપમ સુખ કહેવાય છે.

प्रत्यक्षं तद्भगवता—मर्हतां तैश्च भाषितम्;
गृह्यतेऽस्तीत्यतः प्राज्ञै,—र्न च्छद्मस्थ–परीक्षया. ॥ ३२ ॥

તે ( મોક્ષસુખ ) અરિહંત ભગવંતોને પ્રત્યક્ષ છે. તેથી તેઓએ ભાષિત તે સુખ પંડિતો વડે ( આગમ પ્રમાણથી ) ગ્રહણ કરવા યોગ્ય

છે. ( આગમ વિના ) છદ્મસ્થની પરીક્ષા વડે ગ્રહણ થાય તેવું નથી. ૩૨.

વળી એ દર્શન, જ્ઞાન અને ચારિત્રે કરી સહિત સાધુ મોક્ષને માટે યત્ન કરે છે પણ કાળ, સંઘયણ અને આયુના દોષ થકી અલ્પ-શક્તિવાળો હોવાથી અને કર્મનું અત્યંત ભારીપણું હોવાથી મોક્ષ-પ્રાપ્તિને માટે અકૃતાર્થ થયો છતાં ઉપશમભાવને પામે છે, તે સૌધર્મથી માંડીને સર્વાર્થસિદ્ધ પર્યંત કલ્પના વિમાનો માંહેના કોઈપણ એકને વિષે દેવપણે ઉત્પન્ન થાય છે. ત્યાં પુણ્યકર્મનાં ફળને ભોગવીને આયુષ્યનો ક્ષય થવાથી ચ્યવીને, દેશ, જાતિ, કુળ, શીળ, વિદ્યા, વિનય, વિભવ, સુખ અને વિસ્તારવાળી વિભૂતિએ યુક્ત મનુષ્યભવને વિષે જન્મ પામીને ફરીથી સમ્યગ્ દર્શનાદિ વડે વિશુદ્ધ જ્ઞાન પામે છે. આ સુખ પરંપરાવડે પુણ્યાનુબંધિ પુણ્યના અનુબંધના ક્રમે કરીને ત્રણ વાર જન્મ લઈ ( ત્રણ ભવ કરી ) ને પછી મોક્ષ પામે છે.

## ।। प्रशस्तिः ।।

वाचकमुख्यस्य शिव—श्रियः प्रकाशयशसः प्रशिष्येण ।
शिष्येण घोषनन्दि—क्षमणस्यै—कादशाङ्गविदः ।। १ ।।

જગતપ્રકાશક યશયુક્ત શિવશ્રી નામના વાચક મુખ્યના પ્રશિષ્ય અને અગ્યાર અંગના જાણ શ્રી ઘોષનંદિ મુનિના શિષ્યે. ૧

वाचनया च महा—वाचक–क्षमण–मुण्डपाद–शिष्यस्य ।
शिष्येण वाचकाचार्य—मूलनाम्नः प्रथितकीर्तेः ।। २ ।।

તથા વાચના લેવાવડે કરીને (ભણાવનારની અપેક્ષાએ) મુનિમાંહે પવિત્ર મહાવાચકક્ષમણ મુંડપાદના શિષ્ય, પ્રસિદ્ધ છે કીર્તિ જેની અને વાચકાચાર્ય મૂલ છે નામ જેનું તેના શિષ્યે, અર્થાત્ મુંડપાદના શિષ્યના શિષ્યે. ૨

न्यग्रोधिका—प्रसूतेन, विहरता पुरवरे कुसुमनाम्नि ।
कौभीषणिना स्वाति—तनयेन वात्सीसुतेनार्ध्यम् ।। ३ ।।
अर्हद्वचनं सम्यग्गुरुक्रमेणागतं समुपधार्य ।
दुःखार्त्तं च दुरागम—विहतमतिं लोकमवलोक्य ।। ४ ।।

કૌભીષણી ગોત્રવાળા **સ્વાતિ** નામના પિતા અને વાત્સી છે ગોત્ર જેનું એવી ઉમા નામની માતાના પુત્ર, ન્ગ્રોધિકા ગામમાં ઉત્પન્ન થયેલા અને કુસુમપુર (પાટલીપુત્ર) નામના શ્રેષ્ઠ નગરને વિષે વિચરતા, રૂડે પ્રકારે ગુરુ પરંપરાએ **આવેલ** અમૂલ્ય અર્હત્પ્રવચનને રૂડે પ્રકારે ધારણ કરીને દુઃખી અને દુરાગમ (ઐહિક સુખોપદેશવાળા વચનો)થી નષ્ટબુદ્ધિવાળા લોકોને દેખીને ૩–૪

इदमुच्चैर्नागरवाचकेन, सत्त्वानुकम्पया दृब्धम् ।
तत्त्वार्थाधिगमाख्यं, स्पष्टमुमास्वातिना शास्त्रम् ।। ५ ।।

જીવોની અનુકંપા વડે કરીને ઉચ્ચ નાગરશાખાના વાચક ઉમાસ્વાતીજીએ આ તત્ત્વાર્થાધિગમ નામનું શાસ્ત્ર સ્પષ્ટ રીતે રચ્યું. ૫.

यस्तत्त्वार्थाधिगमाख्यं, ज्ञास्यति करिष्यते च तथोक्तम् ।
सोऽव्याबाधसुखाख्यं, प्राप्स्यत्यचिरेण परमार्थम् ।। ६ ।।

જે તત્ત્વાર્થાધિગમ નામના શાસ્ત્રને જાણશે અને તેમાં કહ્યા મુજબ કરશે, તે અવ્યાબાધ સુખ ( મોક્ષ ) નામના પરમાર્થને થોડા વખતમાં પામશે.

★

# અમારાં પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧ | સામાયિક ચૈત્યવંદનાદિ સૂત્ર | ૦–૨૦ |
| ૨ | ” ” સચિત્ર | ૦–૪૦ |
| ૩ | દેવસિરાઈ પ્રતિક્રમણ સૂત્ર | ૦–૭૫ |
| ૪ | ” ” સચિત્ર | ૧–૦૦ |
| ૫ | બે પ્રતિક્રમણ વિધિસહિત | ૧–૨૫ |
| ૬ | બે પ્રતિક્રમણ સાર્થ (પંચ પ્રતિક્રમણ મૂલ સાથે) | ૨–૫૦ |
| ૭ | પંચપ્રતિક્રમણ સૂત્ર મૂળ (ચાર પ્રકરણ ત્રણ ભાષ્ય સાથે) | ૨–૦૦ |
| ૮ | પંચ પ્રતિક્રમણ વિધિ | ૨–૫૦ |
| ૯ | પંચ પ્રતિક્રમણ સાર્થ (ચાર પ્રકરણ સાથે) | ૫–૦૦ |
| ૧૦ | સ્નાત્ર પૂજા પોકેટ | ૦–૨૫ |
| ૧૧ | ” ” | ૦–૨૫ |
| ૧૨ | પોષધ વિધિ | ૦–૩૦ |
| ૧૩ | રત્નાકર પચ્ચીશી | ૦–૨૫ |
| ૧૪ | પંચ પ્રતિક્રમણ પોકેટ | ૧–૮૦ |
| ૧૫ | પચ્ચક્ખાણ કોઠો | ૦–૨૫ |
| ૧૬ | જિનેંદ્ર દર્શન ચોવીશી પ્લાસ્ટીક | ૨–૦૦ |

## अमारा हीन्दी प्रकाशनो

| | | |
|---|---|---|
| १ | सामायिक सूत्र सचित्र | ०–४० |
| २ | देवसि राई सचित्र काचुंपुंठुं | ०–८० |
| ३ | देवसिराई सचित्र पाकुंपुंठुं | १–०० |
| ४ | बे प्रतिक्रमण विधि सहित | १–५० |

५ पंच प्रतिक्रमण हीन्दी २--००
६ पंच प्रतिक्रमण हीन्दी विधि सहित ३--००
७ विविध पूजा संग्रह भाग १ थी ७ ५--००
८ विविध पूजा संग्रह भाग १ थी १० ७--००

## અમારાં ચાલુ પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧ | દેવવંદન માળા (કથાઓ સહિત) | ૨--૫૦ |
| ૨ | જૈન સજ્ઝાય માળા (સચિત્ર) | ૩--૦૦ |
| ૩ | નિત્ય સ્વાધ્યાય સ્તોત્ર | ૪--૫૦ |
| ૪ | વિવિધ પૂજા સંગ્રહ ભા ૧ થી ૬ | ૪--૦૦ |
| ૫ | વિવિધ પૂજા સંગ્રહ ભા ૧ થી ૯ | ૬--૦૦ |
| ૬ | વિવિધ પૂજા સંગ્રહ ભા ૧ થી ૧૧ | ૭--૦૦ |
| ૭ | નવપદ આરાધન વિધિ | ૧--૫૦ |
| ૮ | નવસ્મરણ | ૧--૨૫ |
| ૯ | નવસ્મરણ (પોકેટ) | ૧--૨૫ |

## અમારા અન્ય પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧ | શ્રીપાળ રાજાનો રાસ | ૭--૫૦ |
| ૨ | ચિત્રમય શ્રીપાળ રાસ | ૨૫--૦૦ |
| ૩ | શ્રીપાળ રાસ સચિત્ર નવ્યાવૃત્તિ | ૧૨--૦૦ |
| ૪ | હૈમલઘુ પ્રક્રિયા | ૫--૦૦ |
| ૫ | પ્રાકૃત વિજ્ઞાન પાઠમાળા | ૫--૦૦ |
| ૬ | ઉપદેશ પ્રાસાદ ભા. ૩ (પત્રાકાર) | ૧૦--૦૦ |
| ૭ | ઉપદેશ પ્રાસાદ ભા. ૪ ( „ ) | ૧૦--૦૦ |
| ૮ | દિક્ષા યોગ વિધિ. ( „ ) | ૫--૦૦ |
| ૯ | સિરિ સિરિવાલ કહા ભા. ૧ | ૬--૦૦ |

| | | |
|---|---|---|
| ૧૦ | ,, ,, ભા. ૨ | ૬--૦૦ |
| ૧૧ | શ્રીપાળ કથા ગુજરાતી | ૩--૦૦ |
| ૧૨ | ચાર પ્રકરણ સાર્થ | ૧--૫૦ |
| ૧૩ | ચાર પ્રકરણ ત્રણ ભાષ્ય તત્વાર્થ સૂત્ર સાર્થ | ૫--૦૦ |
| ૧૪ | નર્મદા સુંદરી ભાષાંતર | ૨--૫૦ |
| ૧૫ | વર્ધમાન દેશના | ૪--૫૦ |
| ૧૬ | બાર પર્વની કથા | ૬--૦૦ |
| ૧૭ | તપોરત્ન મહોદધિ | ૫--૦૦ |

## અન્ય પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧ | મલય સુંદરી ચરિત્ર | ૪--૫૦ |
| ૨ | સુદર્શના | ૫--૦૦ |
| ૩ | યોગશાસ્ત્ર ભાષાંતર | ૬--૫૦ |
| ૪ | સુરેન્દ્ર સ્વાધ્યાય માલા ભા. ૧ | ૪--૦૦ |
| ૫ | જૈન ધર્મ પ્રકરણ રત્નાકર | ૩--૫૦ |
| ૬ | પ્રાચીન સ્તવનાવલી ,, | ૩--૫૦ |
| ૭ | જયાનંદ કેવલી ચરિત્ર | ૧૦--૦૦ |
| ૮ | શાંતિસ્નાત્ર વિધિ સિદ્ધચક્ર પૂજન સાથે | ૫--૦૦ |
| ૯ | પ્રતિષ્ઠા કલ્પ ભા--૨ | ૫--૦૦ |

## પ્રાપ્તિ સ્થાન


# જસવંતલાલ ગિરધરલાલ શાહ

C/o જૈન પ્રકાશન મંદિર

૩૦૯/૪ ડોશીવાડાની પોળ, અમદાવાદ.

# અમારે ત્યાંથી

શ્રી જીવનમણિ સદ્વાંચનમાળા ટ્રસ્ટના તમામ પ્રકાશનો છુટક તથા જથાબંધ મળશે. તેમજ કમલ પ્રકાશન, મોહનલાલ ધામી, શ્રી જયભિક્ખુ, શ્રી ચિત્રભાનુ તથા શ્રી જયભિક્ખુ સાહિત્ય ટ્રસ્ટના તમામ પ્રકાશનો.

ઉપધાન તપ, વરસી તપ, ચૈત્ર તથા આસો માસની આંબેલની ઓળી વિગેરે મહાન તપમાં પ્રભાવના નિમિત્તે પ્રભાવના માટે અમારે ત્યાંથી દરેક જાતના જૈન ધર્મના પુસ્તકો છૂટક તથા જથાબંધ મળશે. કમિશન માટે પુછાવો.

જસવંતલાલ ગીરધરલાલ શાહ
૩૦૯/૪. દોશીવાડાની પોળ,
અમદાવાદ.